# શિવસૂત્ર

## - પૂર્વભૂમિકા

સંકલન : મહેન્દ્ર નાયક



www.AksharNaad.com

# શિવસૂત્ર

## પૂર્વ ભૂમિકા

અનુક્રમણિકા


પ્રસ્તાવના ........ ૨

અદ્વૈત શૈવ પ્રથા ........ ૩

શિવસૂત્રોમાં છૂપાએલું તાત્ત્વિક જ્ઞાન ........ ૪

ઉપાયો ........ ૧૩

शिव सूत्राणि ........ ૩૫

અક્ષરની ઉત્પત્તિ - માતૃકાનું રહસ્ય ........ ૪૪

માતૃકા વિશે - ટૂંકમાં ........ ૪૮

સૂત્ર - વિવરણ (વિભાગ ૨ - સૂત્ર ૭) ........ ૫૦

શબ્દ-નોંધ ........ ૫૪



સંકલન કર્તા

મહેન્દ્ર નાયક

ફેબ્રુ-માર્ચ ૨૦૦૯

બેંગ્લોર

# પ્રસ્તાવના

શિવસૂત્રો એ સ્વયં શિવ દ્વારા પ્રગટાવેલ જ્ઞાન છે. આજથી આશરે ૧૫૦૦ વર્ષ પૂર્વે આ અણમોલ આધ્યાત્મિક જ્ઞાનનો ખજાનો ઋષિ વાસુગુપ્તને સાંપડ્યો હતો. કાશ્મીરી શૈવવાદનો એ મૂળ પાયો છે, જે માનવ જાતીના ઉત્કર્ષ માટે જ પ્રગટ્યો છે. એ શિવશાસન, શિવશાસ્ત્ર કે શિવોપનિષદ સંગ્રહ તરીકે પણ પ્રચલીત છે. શિવનું આ આધ્યાત્મિક દર્શનશાસ્ત્ર સામાન્ય રીતે શૈવ-આગમ કે શિવાગમ તરીકે પણ ઓળખાય છે. પારંપરિક રીતે આગમ શબ્દનો અર્થ થાય છે, એવી વ્યવસ્થા અથવા એવા નિયમો જેને **ખૂબ જ શ્રદ્ધા પૂર્વક** અપનાવવામાં આવતા હોય.

શિવસૂત્રો અંગે એટલું જરુર સ્પષ્ટ થાય છે કે એ કોઇ માનવીએ લખ્યાં નથી અને એ પ્રગટેલા જ્ઞાનને સૌ પ્રથમ પામનાર હતા ઋષિ વાસુગુપ્ત. એમનો સમયકાળ ઈસુની આઠમી સદીના અંત કે નવમી સદીની શરુઆતનો હોય એવું જણાય છે. અહીં ખાસ નોંધ લેવા જેવું એ છે કે શિવસૂત્રોનું પ્રાગટ્ય ખાસ દ્વૈત વાદના ખંડન માટે જ થયું હતું. વાસુગુપ્તને મળેલ સંજ્ઞાઓ મુજબ આ સૂત્રો 'શંકરોપાલ' નામે ઓળખાતા પર્વત પર મળી આવ્યાં હતાં. આજે પણ આ પર્વત તો હયાત છે, પરંતુ આ સૂત્રોનું ત્યાં ક્યાંએ નામોનિશાન મળતું નથી.

આ શિવસૂત્રનાં કુલ ૭૭ સૂત્રો, ત્રણ ભાગોમાં વહેંચાએલા છે અને એ ત્રણે 'ઉપાયો' તરીકે ઓળખાય છે. આ ઉપાયો માનવીને, પોતાની મર્યાદિત ચેતનાના દાયરામાંથા બહાર નીકળી બ્રહ્મચેતનાને પામવાનો રાહ સુચવે છે. પરંતુ એ બ્રહ્મચેતનાને મેળવવાની પ્રગતિનો બધો આધાર સાધકની પોતાની ક્ષમતા પર જ રહેલો છે.

શિવસૂત્રોમાં વર્ણવેલા ઉપાયો છેઃ

**(૧) શાંભવોપાય - ૨૨ સૂત્રો (૨) શાક્તોપાય - ૧૦ સૂત્રો અને (૩) આણવોપાય - ૪૫ સૂત્રો**

આ ત્રણેમાં શાંભવોપાય સૌથી શ્રેષ્ઠ ઉપાય છે, અને તેથી જ સૌ પ્રથમ એને જ અજમાવવો જોઇએ. આ ઉપાય ઘડાએલા અને અનુભવી સાધક માટે ઉત્તમ છે. શાક્તોપાય થોડા ઓછા ઘડાએલા માટે ઉપયોગી થઇ શકે અને આણવોપાય સાવ નવા સાધકોને પણ અનુકૂળ થઇ પડશે. પરંતુ એક સુચન એવું છે કે દરેકે શરુઆત તો શાંભવોપાયથી જ કરવી જોઇએ, અને ત્યાર બાદ જ આવશ્યકતા મુજબ બાકીના ઉપાયોનું પણ અધ્યયન અને અનુસરણ કરવું જોઇએ.

ઋષિ વાસુગુપ્તને લાધેલાં આ શિવસૂત્રના જ્ઞાનનું અધ્યયન, વિવેચન અને વિસ્તૃત વર્ણન કરનારાઓમાં અત્રે જણાવેલ જ્ઞાનીઓ ઉલ્લેખનીય છે. જેમાં કલ્લટ અને તેની કૃતિ 'સ્પંદવૃત્તિ' ની ખાસ નોંધ લેવી પડે. ૧૦મી સદીમાં થએલા ક્ષેમરાજ અને તેની 'વિમર્ષીની', ૧૧મી સદીનાં ભાસ્કરની 'વાર્ત્તિકા' અને ૧૫મી સદીમાં થએલ વરદરાજન ઉર્ફે કૃષ્ણદાસનું 'શિવસૂત્ર વાર્ત્તિકમ્' મૂખ્ય છે. આ સૌમાં ક્ષેમરાજની 'વિમર્ષીની' સૌથી વધુ ધ્યાન ખેંચે છે, અને તેને મધ્યમાં રાખીને જ જયદેવસીંગે સારી એવી મહેનત કરી પોતાનું અંગ્રેજી પુસ્તક 'શિવસૂત્ર' (૧૯૭૯) રચ્યું છે. આજના યુગના થોડા આગળ વધેલા સાધકો માટે આ એક અતિ આવશ્યક વાંચન બન્યું છે.

આધ્યાત્મિકતાને માર્ગે વળેલા સાધક માટે આ અજોડ શિવસૂત્રો, હાથમાંની મશાલ જેવું કામ કરે છે, અને સાંભળીને, વિચારીને અને મનન કરીને એમને સરળતાથી સમજી અને અનુસરી શકાય છે.

ફેબ્રુઆરી ૧૧, ૨૦૦૯.

**મહેન્દ્ર નાયક,**
**બેંગ્લોર.**

# ॥ ૐ નમઃ શિવાય ॥

## અદ્વૈત શૈવ પ્રથા

### તત્ત્વજ્ઞાન અને યોગ

- સામાન્ય રીતે આગમ તરીકે પ્રચલિત છે.
- આગમ એટલે કે પરંપરાગત મૂલ્યો કે વ્યવસ્થા, જે **શ્રદ્ધાનું** અનુમોદન કરે.
- અન્ય નામોઃ શિવાગમ, શિવ-શાસન, ત્રિક-શાસન, ત્રિક-શાસ્ત્ર અથવા રહસ્ય સંપ્રદાય.
- શાસન કે શાસ્ત્ર એ અગત્યના શબ્દો છે જે શિસ્ત અને નિયમો અંગેના શિક્ષણ અને કેળવણી વિશેનું સુચન કરે છે.
- ભારતમાં શાસન કે શાસ્ત્રને, વ્યવસ્થા તંત્ર અંગેના માત્ર બૌદ્ધિક જ્ઞાન તરીકે કદીએ નથી લેવાયો.
- એમાં શાસ્ત્રના અભ્યાસુ માટે પાળવાના મૂળભૂત અને વાસ્તવિક શિસ્તના નિયમોનો પણ સમાવેશ હોય છે.
- આ શાસ્ત્રો કેવળ એક વિચાર માત્ર ન રહેતાં, જીવન જીવવાની પદ્ધતિનો એક અગત્યનો આધાર પણ બની રહે છે.
- એને ત્રિક-શાસ્ત્ર એટલા જ માટે કહેવાયું છે કારણ કે એમાં ત્રણ તત્ત્વોનો સમાવેશ થએલો છેઃ

(૧) શિવ
(૨) શક્તિ  અને
(૩) નર - જે બંધનમાં પડેલો આત્મા છે.
અથવા
(૧) પર - એટલે કે સર્વોચ્ચ
(૨) પરાપર = પર + અપર એટલે કે ભેદ યુક્ત ઓળખ અને
(૩) અપર - એટલે કે ભેદ પોતે

આ અંગેનું સાહિત્ય પણ ત્રણ વિભાગમાં વહેંચાએલું છે.
(૧) આગમ શાસ્ત્ર - જેમાં શિવ સૂત્રોનો સમાવેશ થાય છે.
(૨) સ્પંદ શાસ્ત્ર અને
(૩) પ્રત્યભિજ્ઞા શાસ્ત્ર.

# શિવસૂત્રોમાં છૂપાએલું તાત્ત્વિક જ્ઞાન

શિવ સૂત્રો એ યોગ માટેના પાયાના સૂચનો છે અને એક ચોક્કસ તાત્ત્વિક પ્રથા પર આધારિત છે.

**આ તત્ત્વોની સ્પષ્ટ સમજ ન હોય ત્યાં સુધી યોગને સમજવો શક્ય નથી.**

આ તત્ત્વોના ચાર ઘટકો છે.

(૧) પરમ વાસ્તવિકતા
(૨) જાગતિક પ્રક્રિયાઓનો જન્મ
(૩) બંધન અને
(૪) મુક્તિ

## (૧) પરમ વાસ્તવિકતા

પરમ વાસ્તવિકતાને પૂર્ણ રીતે જાણવી સમજવી એ એના કોઈ અંશ માટે સાવ અશક્ય જ છે. તેમ છતાં એ દિશામાં થતા પ્રયત્નો ને અનેક રીતે વર્ણવાય છે એટલે સ્વાભાવિક છે કે એમાં અનન્ય વિવિધતા રહેવાની જ.

એ ચિત્ કે પરાસંવિત્ છે. એ એક સંબંધ રહિત ચેતના છે. એ સઘળા બદલાવો પાછળ છૂપાએલ કદી ન બદલાનાર વિષય છે. એમાં કોઈ પણ વિષય અથવા વસ્તુનો ભેદ નથી કે નથી ભેદ ''હું'' અને ''તું'' નો. એ એક સ્વયંને આંકતો પરમાત્મા છે, એક વિમર્શમય પ્રકાશ છે - પ્રકાશ એ એક એવું શાશ્વત તત્ત્વ છે જેના વગર અન્ય કાંઈ પણ ઓળખી શકાતું નથી. એ જ શિવ છે. વિમર્શ એ શક્તિ છે જે શિવનો સ્વભાવ છે. વિમર્શ એ એક એવો આયનો છે જેમાં શિવ પોતાના વૈભવ, સત્તા અને સૌંદર્યનું નિરીક્ષણ કરે છે. વિમર્શ એટલે શિવની કર્તવ્ય શક્તિ.

કેવળ પ્રકાશ એ વાસ્તવિકતાનો ગુણ હોઈ ન શકે. વિમર્શ એ પ્રકાશનો જ એક ભાગ છે જેના વડે એ (પ્રકાશ) સ્વયંને જાણે છે. સ્વયંનું એ જ્ઞાન જ એક પ્રવૃત્તિ છે, સ્પંદ છે, આંદોલન છે.

વિમર્શ તરીકે ઓળખાતી આ પ્રવૃત્તિ એ જ હું અંગેની સંબંધવિહિન અને તત્કાળ જાણકારી છે. જો પરમ વાસ્તવિકતા માત્ર પ્રકાશ જ હોત તો એ સર્વથા જડ અને શક્તિવિહિન જ રહેત. પરમ વાસ્તવિકતાની આ જ અહમ્ (હું-પણું) ચેતના છે જે બ્રહ્માંડની ઉત્પત્તિ, પ્રવૃત્તિ અને નિવૃત્તિ માટે જવાબદાર છે.

ચિત્, સ્વયં ચિદ્રૂપિણી શક્તિ હોવા અંગે, સભાન છે. સ્વયં અંગેની આ ચિદ્રૂપિણી શક્તિ વિષેની ચેતના એ જ વિમર્શ છે.

આ વિમર્શના વિવિધ એવા અનેક નામો છે - જેવા કે પરાશક્તિ, સ્વાતંત્ર્ય, ઐશ્વર્ય, કર્તૃત્વ, સ્ફૂર્તા, સાર, હૃદય, સ્પંદ વિગેરે.

શંકર વેદાંતના સંદર્ભમાં આજ શક્તિને ઈશ્વર કે માયોપવિત્ત ચૈતન્ય અથવા માયા તેમ જ પ્રકૃતિ તરીકે ઓળખવામાં આવ્યા છે.

પરમાત્મા, બ્રહ્મ, પુરુષ અથવા આત્મા એ સર્વે નિષક્રિય ગણાયા છે. પરંતુ એમની ઈચ્છા એટલે કે વિમર્શ એ એક એવી અપાર શક્તિ છે જે સુક્ષ્મથી જડ સુધીની કોઈ પણ વસ્તુને ઉત્પન્ન કરી શકે છે.

સ્વાતંત્ર્ય કે પરમ સત્તા એ શિવના જ સર્વોચ્ચ ગુણો છે. એ શિવની ઈચ્છા સ્વરુપે પ્રગટે છે, જ્ઞાનમાં પરિવર્તિત થાય છે અને અંતે ક્રિયામાં પરિણમે છે.

પરમ વાસ્તવિકતા એ કેવળ બ્રહ્મ ચેતના જ નથી પરંતુ એ એક પરમ આધ્યાત્મિક બળ કે શક્તિ પણ છે. આ સર્વગ્રાહી ચેતના, અનુત્તર (લાજવાબ), સર્વોચ્ચ વાસ્તવિકતા અને પરમ તરીકે પણ ઓળખાય છે. એ વિશ્વોત્તિર્ણ (Transcendental) અને વિશ્વમય કે ક્રિયાત્મક (Immanent) બન્ને છે.

## (૨) જાગતિક પ્રક્રિયાઓનો જન્મ

પ્રત્યક્ષ થવું, સ્વરૂપ સજવું, જન્મવું એ તો પરમ વાસ્તવિકતાનો સ્વભાવ છે. ક્રિયાત્મકતા એ તો દિવ્યતાનું હાર્દ છે. જો પરમ વાસ્તવિકતા ન પ્રગટે તો આત્મા કે ચેતના સંભવે જ નહીં અને તો એ કેવળ એક અનાત્મા કે બરણી માત્ર બનીને રહી જાય.

પરમ વાસ્તવિકતા અથવા પરમ શિવ એ પ્રકાશ-વિમર્શમય છે. એ સ્થિતિમાં ‘‘હું’’ અને ‘‘આ’’ એ બન્ને અવિભાજ્ય રૂપે છે, ‘‘હું’’ એનો પ્રકાશ પક્ષ છે અને ‘‘આ’’ અથવા એને વિશેની ચેતના એનો વિમર્શ પક્ષ છે. આ વિમર્શ જ સ્વાતંત્ર્ય, અબાધ સર્વોચ્ચ સત્તા કે શક્તિ છે. આ વિમર્શ અગણિત તો નથી જ, જે કાંઈ ઉત્પન્ન થવાનું છે તે બધું જ એમાં સમાએલું છે.

**‘‘એક વિશાળ વડનું વૃક્ષ જે રીતે એના બીજમાં પૂર્ણ રૂપે સમાએલું હોય છે તેવી રીતે જ આ સંપૂર્ણ બ્રહ્માંડ એની સ્થાવર અને જંગમ વસ્તુઓ સાથે એ પરમના હૃદયમાં સમાએલું છે.’’**

પરમની એ શક્તિને આપણેં ચિતિ, પરાશક્તિ કે પરાવાક્ તરીકે ઓળખીએ છીએ. હવે પછીની પ્રસ્તુતિમાં આપણેં જોઈશું કે આ શબ્દો (ચિતિ, પરાશક્તિ કે પરાવાક્) આપણી ચર્ચામાં શું ભાગ ભજવે છે.

પરમ શિવની અપાર શક્તિ અમાપ છે પરંતુ એ બધામાં નીચે દર્શાવેલ મુદ્દાઓ મુખ્ય છે.

૧. **ચિત્** - સ્વયં પ્રગટ થવાની શક્તિ, બધાજ અનિત્યો પાછળ છૂપાએલો એક માત્ર નિત્ય નિયમ. આ સંદર્ભે પરમની ઓળખ 'શિવ' તરીકેની છે.

૨. **આનંદ કે પરમસુખ** - એને સ્વાતંત્ર્ય તરીકે પણ ઓળખવામાં આવે છે - આ સંદર્ભે પરમની ઓળખ 'શક્તિ' તરીકેની છે.

*ચિત્ અને આનંદ, એ બન્ને પરમ શિવના જ સ્વરૂપો કે પ્રકૃતિ છે, જ્યારે બાકીના બધા જ મુદ્દાઓ એમની શક્તિઓ તરીકે ગણાવી શકાય.*

૩. **ઈચ્છા** - આ સંદર્ભે પરમ, 'સદાશિવ' અથવા 'સાદાખ્ય' તરીકે ઓળખાય છે.

૪. **જ્ઞાન** - આ સંદર્ભે પરમ, 'ઈશ્વર' તરીકે ઓળખાય છે.

૫. **ક્રિયા** - એટલે કે કોઈ પણ અને બધાજ સ્વરૂપ ધારણ કરવાની શક્તિ. આ સંદર્ભે પરમની ઓળખ 'સદવિદ્યા' અથવા 'શુદ્ધ વિદ્યા' તરીકેની છે.

આ બ્રહ્માંડ એ પરમની શક્તિનો એક 'ઉન્મેશ' અર્થાત 'પ્રવેશ દ્વાર' કે 'પ્રસાર' માત્ર છે. નીચે દર્શાવેલા ૩૬ તત્ત્વો એના પ્રાગટ્યના માધ્યમો છે :

## I. બ્રહ્માનુભવના તત્ત્વો.

અગાઉ જણાવ્યા મુજબ પરમ શિવના બે મુખ્ય પાસાં છે - વિશ્વોત્તિર્ણ અને વિશ્વમય કે ક્રિયાત્મક. પરમ શિવનું આ ક્રિયાત્મક પાસું એ જ '' શિવ તત્ત્વ '' છે.

૧. **શિવ તત્ત્વ** - એ પરમ શિવની પ્રાથમિક ક્રિયાત્મકતા છે અને તે ''પ્રથમ સ્પંદ'' તરીકે ઓળખાય છે.

૨. **શક્તિ તત્ત્વ** - શિવની શક્તિ એ એનું શક્તિ તત્ત્વ છે. આ શક્તિ, ચેતનાને અહ્‌મ (હું) અને ઈદમ્ (આ) તરીકે - વિષય અને વસ્તુ તરીકે રજુ કરે છે.

તેમ છતાં શક્તિ, શિવથી ભિન્ન નથી. શિવ સ્વયં એની ક્રિયાત્મકતાને સંદર્ભે શક્તિ તરીકે ઓળખાય છે. આ શક્તિ જ શિવની ''અહમ્ વિમર્શ'' અર્થાત અહમ્ ચેતના કે અહંતા છે. એની ઉન્મુખતા અથવા ક્રિયાત્મક ઈચ્છાઓ છે.

*'જે રીતે એક કલાકાર પોતાના આનંદને વ્યક્ત કર્યા વગર રહી નથી શકતો અને એને કલાકૃતિ તરીકે, કવિતા, ગીત, ચિત્ર કે કોઈ અન્ય રચના રૂપે પ્રગટ કરે છે તે જ રીતે પરમ શિવ પણ પોતાના આનંદને આ સૃષ્ટિ રૂપે પ્રગટ કરે છે.'*

શક્તિ તત્ત્વમાં પરમના આનંદનું પાસું જ મુખ્ય છે. આ બન્ને શિવ અને શક્તિ તત્ત્વો કદી અલગ હોઈ ન શકે.

૩. **સદાશિવ કે સાદાખ્ય તત્ત્વ** - બ્રહ્માનુભવના 'ઈદમ્' અર્થાત (આ) પાસાંને જાણવા માટેની 'ઈચ્છા'ને જ સદાશિવ કે સાદાખ્ય તત્ત્વ તરીકે ઓળખવામાં આવે છે. આ સ્થિતિમાં થતો અનુભવ *'હું આ છું'* નો હોય છે, પરંતુ તેમાના *'આ'* નો અનુભવ હજી ધૂંધળો કે અસ્પષ્ટ જ હોય છે. ત્યાં હજી *'હું'* જ સર્વોપરી હોય છે. આદર્શ બ્રહ્મ તો ચેતનાની ગહેરાઈમાં કોઈક અભેદ રૂપે જ અનુભવી શકાય.

સદાશિવ તત્ત્વને સૌ પ્રથમ તો આભાસ રૂપે જ અનુભવી શકાય. આ બ્રહ્માનુભવમાં વિષય અને વસ્તુ બન્ને ચેતના રૂપે જ હોય છે. આ સંદર્ભે ચેતના સ્વયં સિદ્ધ જ હોય છે; અને તેથી એ વિષય પણ છે અને વસ્તુ પણ.

૪. **ઈશ્વર અથવા ઐશ્વર્ય તત્ત્વ** - દિવ્ય અનુભવનું આગલું સોપાન એ છે જ્યાં *'ઈદમ્'* અથવા (આ)નો અનુભવ થોડો ચોક્કસ - સ્પષ્ટ કે સ્ફૂટ થાય છે. આને જ ઈશ્વર તત્ત્વ તરીકે ઓળખવામાં આવે છે. એ જ બ્રહ્મનું ખિલવું કે ઉન્મેશ છે. આ સ્થિતિમાં જ્ઞાન સર્વોપરી બને છે. જો સદાશિવનો અનુભવ દર્શાવે છે કે *'હું આ છું'*, તો ઈશ્વરનો અનુભવ દર્શાવે છે કે *'હું આ જ છું'*.

૫. **સદવિદ્યા કે શુદ્ધ વિદ્યા તત્ત્વ** - દિવ્યાનુભવના આગલા સોપાન પર (હું) અને (આ) અંગેના અનુભવો સંતુલિત કે સમાન હોય છે - જે રીતે ત્રાજવાના બન્ને પલડાં એક સ્તરે સ્થિર થાય,

**समधृता तुलापट न्यायेन्**

આ સ્તરે ક્રિયાશક્તિ સર્વોપરી હોય છે. અને એ સ્થિતિમાં, તમારી સમક્ષ (હું) અને (આ) બન્ને સમાન સ્પષ્ટતા સાથે રજુ થાય છે. તમે તમારા વિચારોમાં (હું) અને (આ)નો ભેદ સ્પષ્ટ રીતે કરી શકો છો.

આ સ્તરના અનુભવને તમે 'ભેદાભેદ વિમર્શનાત્મા' - એકતામાં અનેકતા - કહી શકો છો. અહીં (હું) તે જ (આ) છે અને (આ) તે જ (હું) છે. એમની વચ્ચે એક 'સમાનાધિકરણ' છે.

આ સ્થિતિના અનુભવને 'પરાપર દશા' પણ કહેવામાં આવે છે. એ 'પર' અર્થાત ઉચ્ચ અને 'અપર' અર્થાત નિમ્ન કક્ષા વચ્ચેની સ્થિતિ છે. (અહીં જ ઉત્પત્તિ - બ્રહ્માનું, પ્રવૃત્તિ - વિષ્ણુનું અને નિવૃત્તિ - રૂદ્રનું કાર્ય સંપન્ન થાય છે.)

અહીં સુધીના બધા અનુભવો વૈચારિક જ રહ્યા છે, એટલે એ સઘળા અનુભવો આદર્શ કે શુદ્ધભાવ રૂપે જ હોય છે. હજી અહીં દિવ્યતાનું સ્વરૂપ ઢંકાયું નથી, એ હજી પડદા પાછળ ગયું નથી.

## II. મર્યાદિત વ્યક્તિગત અનુભવના તત્ત્વો (૬ થી ૧૧)

૬. માયા - હવે પછી માયા અને તેના તત્ત્વોનું નાટક શરુ થાય છે. અહીંથી અશુદ્ધતા એટલે કે અશુદ્ધ-અધ્વાનું કાર્યક્ષેત્ર આવે છે, જેને કારણે દિવ્યતાની ઉચ્ચ અને આદર્શ પ્રકૃતિ પડદા પાછળ ઢંકાવા લાગે છે. આ બધું જ માયા અને તેના આવરણો (કંચૂકાઓ)ને કારણે થાય છે.

મૂળ ધાતુ 'મા'માંથી માયાની રચના થઈ છે. 'મા' અર્થાત માપવું. માયા એટલે જે ને માપી શકાય, આંકી શકાય, અર્થાત જે મર્યાદિત જ હોય. માયાનો અનુભવ એવો હોવાના જેમાં એ (હું)ને (આ)થી અને (આ)ને (હું)થી જુદા પાડે. જે બન્ને ને એક બીજાથી જુદા પાડે અને જુદા જ રાખે તે જ માયા.

માયાના કાર્યક્ષેત્રમાં (આ) એટલે માત્ર (આ)જ. બધાથી અલગ, બધાથી જુદું - અહીંથી જ સંકોચ દાખલ થાય છે - મર્યાદાઓ બંધાય છે. માયા આત્માની ફરતે આવરણો ઊભાં કરે છે, અને તે કારણે આત્માની સાચી ઓળખ વિસરાઈ જાય છે. માયા આ રીતે ભેદભાવ ઉભા કરવામાં સફળ થાય છે.

આ માયાના પાંચ પ્રકારના આવરણો - કંચૂકાઓ હોય છે. જે નીચે મુજબના છેઃ

૭. કલા - એ બ્રહ્મ ચેતનાનાં સર્વકર્તૃત્વમાં ઓટ લાવે છે અને એના કાર્ય અને પ્રવૃત્તિ પર મર્યાદા મૂકે છે.

૮. વિદ્યા - એ બ્રહ્મ ચેતનાનાં સર્વજ્ઞતા પર કાપ મૂકે છે અને જ્ઞાનને સીમામાં બાંધે છે.

૯. રાગ - એ બ્રહ્મ ચેતનાનાં સર્વ-સંતોષ અર્થાત પૂર્ણતાને ઓછો કરે છે અને મર્યાદિત - અનિત્ય વસ્તુઓ માટેની ઈચ્છાઓ વધારે છે, વૈરાગ્યનો અભાવ સર્જે છે.

૧૦. કાળ - એ બ્રહ્મ ચેતનાની શાશ્વતતા કે નિત્યતા ઘટાડે છે - સમય મર્યાદાઓ બાંધે છે અને શાશ્વતને ભૂત - વર્તમાન - ભવિષ્યમાં ભાગે છે (વિભાજીત કરે છે).

૧૧. નિયતિ - એ બ્રહ્મ ચેતનાની સ્વતંત્રતા અને વ્યાપકત્વને ઘટાડે છે તેમજ કારણો, અવકાશ તથા સ્વરૂપ પર મયર્આદા લાદે છે.

''मियते अनया इति माया''

માયાનો અર્થ જ એવી શક્તિ જેને કારણે આપણને થતા અનુભવો મર્યાદાઓમાં બંધાએલા હોય છે. માયા-પ્રમાતા, ચિત્ત-પ્રમાતા, સકલ-અણુ અને જીવ એ બધા માયાના જ સમાનાર્થીઓ છે.

રૂપ અને દ્રવ્ય બન્ને માયાનીજ દેણ છે. વિદ્યા, કાળ અને નિયતિ - રૂપ ઉત્પન્ન કરે છે. કલા - દ્રવ્ય બનાવે છે. માયા પોતાની કલા શક્તિઓ દ્વારા પ્રધાન અને પ્રકૃતિને જન્મ આપે છે. એજ પ્રકૃતિમાંથી નીપજે છે મન, બુદ્ધિ અને અહંકાર. અહંકારમાંથી બને છે પાંચ

જ્ઞાનેન્દ્રિઓ અને પાંચ કર્મેન્દ્રિઓ તથા પાંચ તનમાત્રાઓ. આ પાંચ તનમાત્રાઓમાંથી બને છે પાંચ મૂળભૂત તત્ત્વો.

રૂપ અને દ્રવ્ય આ રીતે માયા થકી જ જન્મે છે અને માયા એ શિવ-શક્તિનું જ બાળ છે. આમ આ સમગ્ર પરિસ્થિતિ અદ્વૈતનું જ અનુમોદન કરે છે.

અહીં એ નોંધવા યોગ્ય છે કે માયા અને તેની રચના અશુદ્ધ-અધ્વામાં જ ડૂબેલાં છે અને અશુદ્ધ-અધ્વામાં રહીને મેળવેલું જ્ઞાન વિકલ્પો એટલે કે મનના તરંગોની વિવિધતાને કારણે જ હોય છે, જ્યારે બ્રહ્મજ્ઞાન, આત્મજ્ઞાન કે પરમાત્મા વિશેનું જ્ઞાન નિર્વિકલ્પ હોય છે. અને પરમ વાસ્તવિકતા અંગેનું જ્ઞાન કેવળ સાધના દ્વારા જ મેળવી શકાય.

## III. મર્યાદિત વ્યક્તિ તત્ત્વો (૧૨ અને ૧૩)

**૧૨. પુરુષ - જ્યારે શિવ પોતાની સત્તા પર માયાના આવરણો દ્વારા મર્યાદાઓ મુકે છે ત્યારે તે એક પુરુષ કે વ્યક્તિગત વિષય બની જાય છે. આ સંદર્ભમાં પુરુષ એટલે દરેક માનવ જીવ.**

**આ વ્યવસ્થામાં પુરુષ અણુ તરીકે પણ ઓળખાય છે. અહીં અણુ - તરીકે નો પ્રયોગ દિવ્યની સંપૂર્ણતા પર મુકાએલી મર્યાદાઓના સંદર્ભમાં જ થયો છે.**

**૧૩. પ્રકૃતિ - એક તરફ પુરુષ જ્યારે શિવનું વિષયગત પ્રગટીકરણ છે, તો બીજી તરફ પ્રકૃતિ એ શિવનું જ વસ્તુગત પ્રગટીકરણ છે.**

**સાંખ્ય યોગ અનુસાર દરેક પુરુષ માટે બ્રહ્મ પ્રકૃતિ સામાન્ય જ હોય છે, જ્યારે ત્રિકામાં એવી માન્યતા છે કે દરેક પુરુષને પોતાની જ અલગ પ્રકૃતિ હોય છે અને એ પ્રકૃતિના ગર્ભમાંથી જ તે પુરુષની દરેક 'વસ્તુ'ઓનો જન્મ થતો હોય છે.**

**પ્રકૃતિ ત્રણ ગુણો વાળી હોય છે - સત્ત્વ, રજસ અને તમસ. જ્યારે પ્રકૃતિનું રૂપ અપ્રગટ હોય ત્યારે તેમાં આ ત્રણે ગુણો સમાન માત્રામાં હોય છે. જુદા જુદા સ્તરોએ આ ત્રણે ગુણોનુ સ્વરુપ કાંઈક આવું હોય છે :**

| | સત્ત્વ | રજસ | તમસ |
|---|---|---|---|
| અસ્તિત્વના સ્તરે | પ્રકાશ અને ઉજાસ | પ્રવૃત્તિ | અજ્ઞાન, અંધકાર અને જડતા |
| માનસિક સ્તરે | શાંતતા અને નિખાલસતા કે પારદર્શિતા | મોહ અને એષણાં | આળસ અને ભ્રંશ |
| ભાવનાત્મક સ્તરે | સારાપણું | અભિલાષા અને આકાંક્ષા | નિરાશા અને આત્મવંચના |

પ્રકૃતિ એ શિવની શાંતા શક્તિ છે એના સત્વ, રજસ તથા તમસ ગુણો એ શિવની જ્ઞાન, ઈચ્છા અને ક્રિયા શક્તિનું નિરુપણ છે. અહીં પુરુષ ભોક્તા છે અને પ્રકૃતિ ભોગ્યા છે.

**IV.** અંતઃકરણ (૧૪, ૧૫ અને ૧૬)

અંતઃકરણ એટલે આંતરિક સાધન - વ્યક્તિનું માનસિક હથિયાર - એમાં બુદ્ધિ, અહંકાર અને મનસ્ ના તત્ત્વો સમાએલાં હોય છે.

પ્રકૃતિ - અંતઃકરણ, ઈન્દ્રિયો અને પદાર્થ (ભૂત)ને - અલગ અલગ તારવે છે

૧૪. બુદ્ધિ - એ વ્યહવાર અને વ્યવસાયત્મકતાને સહાયરૂપ થાય છે. એ પદાર્થોને બે રીતે તારવે છે.

બાહ્ય રીતે - દા.ત. બરણી (ઘડો) ને એ આંખો દ્વારા ઓળખે છે.

આંતરિક રીતે - મનની અગાઉની જાણકારી કે સંસ્કારેને આધારે આકૃતિ બનાવે છે.

૧૫. અહંકાર - એ બુદ્ધિથી જ ઉદ્ભવે છે અને 'હું' પદને જન્મ આપે છે, અને એ દ્વારા જ આત્માને કામ કરવાની શક્તિ મળે છે.

૧૬. મનસ્ - મનનો જન્મ પણ બુદ્ધિમાંથી જ થાય છે અને તે ઈન્દ્રિયોનો આધાર લઈને જ અનુભવો મેળવે છે તથા વિચારો અને આકૃતિઓ ઘડે છે.

હવે પછી વર્ણવાએલા ૧૭ થી ૩૧ સુધીના તત્ત્વો એ ઈન્દ્રિયોગત અનુભવાતા તત્ત્વો છે જેમને ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે. આ બધા અહંકારની જ ઉપજ છે.

**V.** પાંચ જ્ઞાનેન્દ્રિઓ અથવા બુદ્ધિન્દ્રિઓ

૧૭. ઘ્રાણેન્દ્રિય - સુંઘવું ૧૮. રસેન્દ્રિય - સ્વાદ લેવો ૧૯. ચક્ષુર્ન્દ્રિય - જોવું

૨૦. સ્પર્શેન્દ્રિય - સ્પર્શની પરખ ૨૧. શ્રવણેન્દ્રિય - સાંભળવું

**VI.** પાંચ કર્મેન્દ્રિઓ

૨૨. વાગેન્દ્રિય - બોલવું ૨૩. હસ્તેન્દ્રિય - પકડવું ૨૪. પાદેન્દ્રિય - ચાલવું , દોડવું

૨૫. પાયવેન્દ્રિય - મળ ત્યાગ ૨૬. ઉપસ્થેન્દ્રિય - પ્રજનન માટે

**VII.** પાંચ તનમાત્રાઓ - ઓળખ અંગેના પ્રાથમિક તત્ત્વો

૨૭. શબ્દ - તનમાત્રાથી અવાજની ઓળખ ૨૮. સ્પર્શ - તનમાત્રાથી સ્પર્શની ઓળખ ૨૯. રૂપ - તનમાત્રાથી રંગની ઓળખ ૩૦. રસ - તનમાત્રાથી સ્વાદની ઓળખ ૩૧. ગંધ - તનમાત્રાથી સુંઘવાની ઓળખ

**VIII.** પંચ મહાભૂતો - મૂળભૂત તત્ત્વો

૩૨. શબ્દ - તનમાત્રામાંથી ઉપજે આકાશ ૩૩. સ્પર્શ - તનમાત્રામાંથી ઉપજે વાયુ

૩૪. રૂપ - તનમાત્રામાંથી ઉપજે તેજ (અગ્નિ) ૩૫. રસ - તનમાત્રામાંથી ઉપજે આપસ (જલ) ૩૬. ગંધ - તનમાત્રામાંથી ઉપજે પૃથ્વિ

### વ્યક્તિગત આત્મા કે જીવ

દરેક વ્યક્તિના મધ્યમાં ચૈતન્ય રૂપે શિવ જ રહેલો છે અને તે જ એનો ખરો આત્મા છે - જેને આપણે જીવ તરીકે પણ ઓળખીએ છીએ.

દરેક વ્યક્તિગત આત્માનું શરીર-સ્વરૂપ પંચ મહાભૂતનું બનેલું હોય છે. એ એક ઉચ્ચકોટીની સંકિર્ણ વ્યવસ્થા હોય છે જેમાં સ્થૂળ શરીર ઉપરાંત એક પ્રાણશક્તિ પણ કાર્યરત હોય છે. આ પ્રાણશક્તિ જ એનો નિર્વાહ અને રખરખાવ કરે છે.

એનું માનસિક તંત્ર અંતઃકરણ તરીકે ઓળખાય છે અને તેમાં **મન, બુદ્ધિ અને અહંકાર**નો સમાવેશ થાય છે. એ **ત્રણ** સાથે જ્યારે **પાંચ તનમાત્રા**ઓ ભળે છે ત્યારે એ **આઠનું** જૂથ **પૂર્યાષ્ટક** તરીકે ઓળખાય છે, અને આ પૂર્યાષ્ટક વ્યક્તિનું સૂક્ષ્મ શરીર બનાવે છે. **મૃત્યુ બાદ** સ્થૂળ શરીરનો નાશ થતા **આત્મા** કેવળ આ **સૂક્ષ્મ શરીર** જ ધરાવતો હોય છે.

શક્તિ દરેક વ્યક્તિમાં કુંડલિની સ્વરૂપે રહેલી હોય છે, અને તે કુંડલિની એના કરોડરજ્જુને છેડે સુષુપ્ત અવસ્થામાં સુતેલી હોય છે.

સામાન્ય રીતે દરેક વ્યક્તિને ચેતનાની ત્રણ અવસ્થાનું જ્ઞાન તો હોય જ છે. એ છે જાગૃતાવસ્થા, સ્વપ્નાવસ્થા અને ગહનનિદ્રાવસ્થા. આ ઉપરાંત અહીં એક ચોથી અવસ્થા પણ છે જે તુરિયાવસ્થા (તુર્યા) તરીકે ઓળખાય છે. આ અવસ્થા દરેક વ્યક્તિના જીવ કે આત્મા સાથે જોડાએલ શિવ કે પરમાત્માની ચેતના જ હોય છે. આ કેવળ એક સાક્ષિ ચેતના છે જેના વિશે વ્યક્તિ પોતે મોટે ભાગે અજાણ જ હોય છે. આ તુરિય અવસ્થા એ શુદ્ધ ચિદાનંદની સ્થિતિ અને પરમસુખની પળ હોય છે.

વ્યક્તિનું મન એના પૂર્વજન્મના સંસ્કારો (વાસનાઓ અને ટેવો)ને કારણે તેમજ ચાલુ કર્મોને કારણે - મેલું થએલું હોય છે - વિકારો યુક્ત હોય છે. જ્યારે યોગ પ્રક્રિયાઓ દ્વારા મનનો આ વિકાર કે મેલ દૂર થાય છે ત્યારે વ્યક્તિ તુરિય અવસ્થા પ્રાપ્ત કરી શકે છે અને જીવનમુક્ત બને છે. જીવનમુક્ત અર્થાત આ જગતમાં રહેવા છતાં પણ મુક્ત રહેવું, બંધન રહિત રહેવું.

*હવે આપણે આ બંધન અને મુક્તિ વિશે વિગતે જોઈશું.*

## (૩) બંધન (પાશ)

વ્યક્તિ પોતાના સ્વાભાવિક અજ્ઞાન કે આણવ મળને કારણે બંધનમાં પડે છે. આવી પ્રાથમિક અને પાયાની મર્યાદાઓને લીધે જ વ્યક્તિમાં રહેલ બ્રહ્મચેતના સંકોચાયને એક અણુ અથવા એક મર્યાદિત વ્યક્તિનું રૂપ ધારણ કરી લે છે. આવું પરમાત્માની ઈચ્છાશક્તિમાં રહેલી મર્યાદાઓને કારણે જ થાય છે. આજ કારણ છે કે જીવ પોતાને અલગ સમજવા લાગે છે અને પોતાને બ્રહ્મચેતનાથી અલગ થએલો માની લે છે. એ જ એની અશુદ્ધધ્વા અર્થાત અશુદ્ધ અને મર્યાદિત ચેતના છે.

આ અશુદ્ધધ્વા ચેતનાના સંપર્કમાં આવ્યા બાદ એમાં માયીય મળ અને કર્મ મળને કારણે વધારાની મર્યાદાઓ (અશુદ્ધિઓ) પણ દાખલ થઈ જાય છે. માયીય મળ એ માયાને કારણે બંધાએલી મર્યાદાઓ છે. એ *ભિન્ન વેદ્ય પ્રથા* - છે જે અલગાવ ભરી ચેતનાને જન્મ આપે છે, જેમાં શરીર મર્યાદાઓ અને એવા અન્ય સંજોગો પણ કારણ રૂપ બને છે. એનું એક કારણ પરમની જ્ઞાનશક્તિમાં આવેલી ઓટ પણ હોઈ શકે છે.

ઈચ્છાઓની તૃપ્તિ માટેના પ્રયત્નોને કારણે ઊભી થએલી વાસનાઓ પણ મર્યાદાઓ લાવે છે અને એ જ કર્મમળનું રૂપ ધારણ કરે છે. આવી જ વાસનાઓની શક્તિને કારણે જીવ એક જન્મથી બીજા જન્મોની સફર કરતો રહે છે.

## (૪) મુક્તિ (મોક્ષ)

મુક્તિ એટલે પોતાની વાસ્તવિક પ્રકૃતિનું જ્ઞાન થવું. સંસ્કૃતમાં એ ને *પ્રત્યભિજ્ઞા* કહેવાય છે. આ વાસ્તવિક પ્રકૃતિ એટલે *અકૃત્રિમ-અહં-વિમર્શ* જેનો અર્થ છે - પ્રાકૃતિક શુદ્ધ અહંતા.

સામાન્ય રીતે મનોવૈજ્ઞાનિક અહ્‌મ-ચેતના (અહંતા) સંબંધ અનુલક્ષી હોય છે તેથી જ પ્રાકૃતિક શુદ્ધ અહંતા અનાત્માથી વિરુદ્ધની હોય છે. પ્રાકૃતિક શુદ્ધ અહંતા એ તત્કાળ થતું જ્ઞાન હોય છે. જ્યારે વ્યક્તિમાં આ ચેતના જાગૃત થાય છે ત્યારે એ પોતાની સાચી પ્રકૃતિ આપમેળે જાણી લે છે. આજ મુક્તિ કે મોક્ષનો સાચો અર્થ પણ છે.

અભિનવગુપ્ત કહે છેઃ

''मोक्षो हि नाम नैवान्यः स्वरूपप्रथनं हि तत्''

મુક્તિ કે મોક્ષ એ સ્વયંની સાચી જાણથી વિશેષ કશું જ નથી.

સર્વોચ્ચ પ્રાપ્તિ તો અંતે શિવ-ચેતનાને પામવી એ જ છે, જેમાં આખું બ્રહ્માંડ જ ''હું'' કે ''શિવ'' સ્વરૂપ ભાસે છે, અને આ ત્યારે જ શક્ય છે જ્યારે કોઈ અનુગ્રહ કે કૃપા થાય.

# ઉપાયો

આવી કૃપા કે અનુગ્રહને પાત્ર થવા માટે વ્યક્તિએ આધ્યાત્મિક શિસ્તમાં કેળવાવું પડે છે. આ કેળવણી એટલે જ ઉપાયો કે યોગ. આ ઉપાયો ચાર વિભાગોમાં વહેંચાએલા છે.

**૦. અનુપાય ૧. શાંભવોપાય ૨. શાક્તોપાય અને ૩. આણવોપાય.**

અનુપાય એટલે અન્ + ઉપાય. અહીં અન્ એટલે નહીંવત્. જ્યારે સાધક ગુરુના કેવળ એકાદ શબ્દને સાંભળીને આત્યંતિક શક્તિપાત અનુભવે અને એને પોતાના સાચા આત્માની ઓળખ થઈ જાય - જે માટે એણે કોઈ પણ પ્રયત્ન કરવો પડતો નથી - ત્યારે કહેવાય છે કે એને અનુપાયે જ મોક્ષ મળી ગયો.

શિવ સૂત્ર એ આવા યોગ, આવા ઉપાયો અંગેનું જ લખાણ છે, પરંતુ એમાં અનુપાય અંગેનો કોઈ જ ઉલ્લેખ કરાયો નથી. કારણ જ્યાં કોઈ ઉપાય જ ન હોય ત્યાં તેનું વર્ણન કેવી રીતે શક્ય બને? માટે જ શિવ સૂત્રોમાં કેવળ ત્રણ વિભાગો છે :

**૧. શાંભવોપાય ૨. શાક્તોપાય અને ૩. આણવોપાય.**

આ ઉપયો જુદા જુદા સ્તરના મુમુક્ષુઓને એટલે કે એમના જીવને શિવ સુધી દોરી જવામાં મદદ રૂપ થાય છે. તે દ્વારા એને જ્ઞાન થાય છે કે એનો આત્મા જ એની વાસ્તવિક પ્રકૃતિ છે અને એ જ અહંતા કે અહમ્ ચેતના છે. જે, કોઈ પણ ઈચ્છા, જ્ઞાન અને ક્રિયાઓથી મુક્ત છે. એણે એ સ્વાતંત્ર્ય મેળવેલું જ છે. અને એ જ સત્ ચિત્ આનંદ છે.

જો આવું જ હોય તો પછી આ જગતના લોકો શિવનું પરમસુખ ભોગવતા કેમ નથી? તેઓ બંધનો કેમ અનુભવે છે? બધા જ કેમ જ્ઞાન, ઈચ્છાઓ અને ક્રિયાઓની મર્યાદામાં બંધાય છે?

આનો સરળ જવાબ એ જ છે કે દરેક વ્યક્તિ પોતાના આત્માની સાચી ઓળખથી અજાણ છે. એનો આત્મા એવા આવરણોથી ઢંકાએલો છે, એવી મર્યાદાઓમાં બંધાએલો છે કે એ પોતે પોતાના જ આત્માને જાણી નથી શકતો. એ એના આત્મા જોડેનું એકત્ત્વ સમજી જ નથી શકતો અને દુઃખી જ રહે છે. એના આત્માના આવરણો તે જ આણવમળ, માયીયમળ અને કાર્મમળો છે.

આણવમળ એ આપણી અજ્ઞાનની મર્યાદાઓ છે જે ને કારણે આપણને આપણી શિવ પ્રકૃતિની સભાનતા રહેતી નથી.

માયીયમળ એ માયાનું જ સ્વરૂપ છે જે આત્મા પર સ્થુળ અને સુક્ષ્મ શરીરનું આવરણ ચઢાવે છે અને તેમની વચ્ચે ભેદ ઉભા કરે છે.

કાર્મમળ પૂર્વજન્મના અને આજન્મના સંસ્કારો તેમ જ વાસનાઓ ને કારણે મન ઉપર છાપો ઊભી કરે છે અને ઈન્દ્રિયોની સહાય વડે એને વધુ ને વધુ કર્મો કરવા પ્રેરે છે.

મુખ્યત્વે આ બધા જ બંધનો સંકુચિત, મર્યાદિત અને અધુરા જ્ઞાનને કારણે જ ઊભાં થાય છે. અહીં અજ્ઞાન એટલે જ્ઞાનનો અભાવ નથી પરંતુ જ્ઞાનની ઉણપ છે.

## **૧. શાંભવોપાય:**

આ વિભાગનું પ્રથમ સૂત્ર આપણી આ વ્યવસ્થાના દાર્શનિક અભિગમનું તેમજ શાંભવ યોગના અનુભવનું નિરૂપણ કરે છે. એ દર્શાવે છે કે ચૈતન્ય એ જ આત્મા છે અથવા એ જ વાસ્તવિકતાની પ્રકૃતિ છે. આ વ્યવસ્થામાં ચૈતન્ય એ કેવળ ચેતના નથી, પરંતુ એ એક એવી ચેતના છે જેમાં સંપૂર્ણ ઈચ્છાશક્તિ, જ્ઞાનશક્તિ અને કાર્યશક્તિ પણ સમાએલાં છે. ચિત્ અને આનંદ એ એની આવશ્યક પ્રકૃતિ છે. એ પોતાને ઈચ્છા, જ્ઞાન અને ક્રિયા સ્વરૂપે દર્શાવે છે.

તો પછી પ્રશ્ન એ ઉઠે છે કે જો જીવ, જગત અને આ જગતના સર્વે જનો શિવ સ્વરૂપ જ હોય તો આ જગતના સર્વે લોકો શિવનું પરમસુખ માણવાને બદલે બંધનો કેમ અનુભવે છે? બધા ઈચ્છા, જ્ઞાન અને ક્રિયાઓની મર્યાદામાં કેમ બંધાય છે?

એનો ઉત્તરમાં જણાવી શકાય કે વ્યક્તિના બંધનનું કારણ આણવ, માયીય અને કાર્મ મળો એટલેકે એની મર્યાદાઓ જ છે. શિવ પ્રકૃતિનું મૂળભૂત અજ્ઞાન એ જ આણવ મળ છે. માયા આત્માની આસપાસ સ્થૂળ અને સૂક્ષ્મ શરીર રચે છે અને એ રીતે એક ભેદ ઊભો કરે છે. અને આ ભેદ જ માયીય મળ બને છે. કર્મોને કારણે મન પર પડેલી છાપો (સંસ્કારો) અને વાસનાઓ તે કાર્મ મળ છે. સૂત્ર ૨માં અજ્ઞાનને કારણે ઉભા થતા આણવ મળનું વર્ણન છે અને સૂત્ર ૩માં માયીય અને કાર્મ મળ દર્શાવાયા છે.

શિવ એક એવી સ્વાતંત્ર્ય શક્તિ ધરાવે છે જે દ્વારા એણે આ વિશ્વને ઉત્પન્ન કર્યું છે. એ જ શક્તિ દ્વારા એ પોતાની મહામાયાને રમતી કરે છે અને સ્વયંની સાચી પ્રકૃતિને છૂપાવીને - પડદા પાછળ મૂકીને - એક મર્યાદિત જ્ઞાનવાળું રૂપ ધારણ કરે છે.

**स्व स्वातंत्र्य शक्त्याभासित स्वरूप गोपना रुपया महामायाशक्त्या**

આ રીતે આ જગ-પ્રપંચ બને છે. એનું પ્રથમ સોપાન છે સ્વરૂપ નિમેષ કે સ્વરૂપ ગોપના અર્થાત તેની સાચી પ્રકૃતિનું પડદા પાછળ જવું કે છૂપાવું. આ પરિસ્થિતિમાં દિવ્યતા સંકોચાઈને અવિચારી સ્થૂળ પદાર્થનું રૂપ ધારણ કરે છે. આ એક અવતરણ છે. ત્યાર બાદ શરૂ થાય છે એની સાચી પ્રકૃતિના ઉદ્દ્ઘાટનની ધીમી એને ક્રમિક પ્રક્રિયા જે સ્વરૂપ ઉન્મેશ કે સ્વરૂપ પ્રકાશન તરીકે ઓળખાય છે. અને એ બને છે આરોહણ. અહીંથી શરૂ થાય છે આ જીવ અને મનના ખેલની વિકાસ કે વિનાશ યાત્રા. આવી દિવ્ય પ્રકૃતિની ઓળખનો પ્રશ્ન માત્ર માનવ જન્મ મળ્યા બાદ જ સંભવે છે, અને આવી પ્રત્યભિજ્ઞતા કે ઓળખ માટે જ યોગ સહાય રૂપ થાય છે - ઉપયોગી બને છે.

એ અજ્ઞાન કે આણવ મળ જ છે જે સ્થૂળ કે સૂક્ષ્મ શરીર જેવા સાધનને જ આત્મા સમજવા જીવને મજબુર કરે છે.

આ ત્રણે પ્રકારના મળ કે વિકારો અથવા તો અજ્ઞાનનું મૂળ છે શબ્દો, જેની અસર આપણા જીવન પર ખૂબ જ મોટા પ્રમાણમાં થાય છે. આ શબ્દો, અક્ષરોથી બને છે અને અક્ષરો માતૃકાઓ તરીકે ઓળખાય છે. બધું જ મર્યાદિત જ્ઞાન આ માતૃકાઓને કારણે જ હોય છે અને તે સૂત્ર ૪માં દર્શાવાયું છે. આ અંગેની થોડી વિસ્તૃત ચર્ચા આપણે આગળ ઉપર કરીશું.

સૂત્ર ૫ શાંભવ યોગનાં સંપૂર્ણ હાર્દને ગાગરમાં સાગરની જેમ સમાવી લે છે. - **उद्यमो भैरवः**- અહીં આ સંદર્ભમાં ઉદ્યમ એટલે યત્ન કે પ્રયત્ન નથી. શાંભવ યોગમાં પ્રયત્નોને કોઈ સ્થાન ન હોઈ શકે. શાંભવ યોગ, ઈચ્છોપાય કે ઈચ્છાયોગ તરીકે પણ ઓળખાય છે. એ કેવળ ઈચ્છાઓથી જ સાધ્ય છે. એ અભેદોપાય તરીકે પણ જાણીતો છે, એક એવો યોગ જ્યાં અહ્મ અને શિવની સંપૂર્ણ ઓળખ અને કહેવાતો અહ્મ જે માત્ર એક માનસિક સંકુલ છે, જે માત્ર નામ-રૂપ જ છે તે અદ્દશ્ય થઈ જાય છે અને સાચા અહ્મ કે સાચા આત્માનું સ્થાન કેવળ શિવ જ ગ્રહણ કરી લે છે. એ અવિકલ્પક કે નિર્વિકલ્પક યોગ અથવા ઉપાય તરીકે પણ ઓળખાય છે, પણ આવો અનુભવ ત્યારે જ થાય જ્યારે મનના રાજ્યમાં વિચારો અને કલ્પનાઓ સંપૂર્ણ પણે થંભી જાય.

આ એવો યોગ છે જેમાં શરીર, પ્રાણ, મન કે બુદ્ધિના કોઈ પણ પ્રવૃત્તિ હોતી નથી. તેથી એ સ્વાભાવિક જ છે કે અહીં ઉદ્યમનો અર્થ શિસ્ત કે પ્રયત્ન હોઈ ન શકે. અહીં ઉદ્યમનો અર્થ થાય છે **उन्मज्जनरूपः** અર્થાત શિવ ચેતનાના એક રૂપ તરીકે પ્રગટ થવું, એવો થાય છે. શાંભવ યોગ એ છેઃ

૧. જેમાં શિવની અહ્મ ચેતના એક અચાનક થતો ચમકાર છે
૨. જેમાં બધા જ વિચારો - કલ્પનાઓ સંપૂર્ણ પણે સ્થગિત થઈ જાય છે -

**सकल कल्पनाकुलालंकवलन** અને

૩. જે એવા લોકોને પ્રાપ્ત થાય છે જેમની સમગ્ર ચેતના આંતરિક ભૈરવ નિયમોમાં ભળી ગએલી હોય છે.

**-अंतरमूख एतत् तत्त्वावधान धनानां जायते**

સૂત્ર ૬માં જણાવાય છે કે જ્યારે પરમાત્મા કે શિવ ચેતનાની અનુભૂતિ જીવનના સામાન્ય પ્રવાહમાં ચાલુ જ રહે છે ત્યારે આખું બ્રહ્માંડ કેવળ પરમાત્માની શક્તિઓના વિસ્તરણ રૂપે જ ભાસે છે અને આ સમગ્ર શક્તિઓની સઘન સભાનતાને કારણે આ વિશ્વ પરમાત્મા કે શિવથી અલગ હોય એવો ભાવ જ અદ્દશ્ય થઈ જાય છે. ત્યાં હવે સંપૂર્ણ ઐક્ય ચેતના પ્રવર્તે છે.

સૂત્ર ૭માં જણાવાય છે કે આપણાં આંતરિક દિવ્ય આત્માનો અનુભવ તે જ ચોથી (તૂરિય) કે વિશ્વોત્તિર્ણ ચેતનાનો અનુભવ છે અને એ સ્થિતિનું પરમસુખ જાગૃત, સ્વપ્ન અને ગહન નિદ્રા એ ત્રણે સ્થિતિઓ અંગેની સભાનતા પછી પણ જળવાઈ રહે છે.

સૂત્ર ૮, ૯ અને ૧૦માં જણાવાયું છે કે તો કેવળ એને જ જાગૃત કહી શકાય જે સાક્ષાત્કાર કરી ચૂક્યો છે. જે વ્યક્તિ બધા જ પ્રકારની અબાધિત કલ્પનાઓ અને વિચારોથી ઘેરાએલો રહે તે ખરેખરતે સ્વપ્નાવસ્થામાં જ ગણાય, પછી ભલેને એ સંપૂર્ણપણે જાગૃત જણાતો હોય. એ વ્યક્તિ જેણે વાસ્તવિકતા અંગેની સાચી આંતરદૃષ્ટિ નથી કેળવી તે ખરેખર ગહન નિદ્રામાં જ છે. અને જેમણે અતેન્દ્રિય ચેતના નથી અનુભવી તેઓ ઊંઘમાં ચાલતા વ્યક્તિ જેવા જ છે.

સૂત્ર ૧૧ જણાવે છે કે જે વ્યક્તિ પોતાની જાગૃત, સ્વપ્ન અને ગહન નિદ્રા અવસ્થામાં પણ તૂરિય અવસ્થાની અનુભૂતિ ધરાવે છે તે જ ખરો ભોક્તા છે અને તે જ પોતાની ઈન્દ્રિયોનો ખરો સ્વામી છે.

સૂત્ર ૧૨ સામાન્ય રીતે એવું સમજાવે છે કે પોતાના પરમાત્માની જાણકારી મેળવનાર યોગી આશ્ચર્યકારક પરમ શક્તિઓ કેળવે છે.

સૂત્ર ૧૩ જણાવે છે કે એવો યોગી દિવ્ય ઈચ્છાશક્તિઓ ધારણ કરે છે અને તે દ્વારા એ ઘણાં અદ્‌ભૂત ફેરફારો આણી શકે છે.

સૂત્ર ૧૪ અને ૧૫ પ્રસ્થાપિત કરે છે કે આવા યોગી માટે દરેક દૃશ્યમાન ઘટના, પછી તે બાહ્ય હોય કે આંતરિક, એ એની પોતાની ચેતના સ્વરૂપ જ હોય છે.

સૂત્ર ૧૬ જણાવે છે કે હવે એ યોગી દરેક વસ્તુનું મૂળ પરમ શિવમાં જ રહેલું છે તે સ્પષ્ટ રીતે જોઈ શકે છે અને તે દરેક પ્રકારની મર્યાદિતતાઓથી મુક્ત થઈ જાય છે.

સૂત્ર ૧૭ કહે છે કે એ હવે સંપૂર્ણ પણે આશ્વસ્થ છે કે એનો પોતાનો આત્મા એ શિવ સ્વયં જ છે અને અન્ય કોઈ નહીં.

સૂત્ર ૧૮ જણાવે છે કે એ દરેક અનુભવોનો અનુભવનાર છે તેવી જાગૃતતા એનામાં હમેશ માટે જળવાઈ રહે છે.

સૂત્ર ૧૯ જણાવે છે કે એણે ઈચ્છાશક્તિ ધારણ કરેલ હોવાથી એ યોગી કોઈ પણ શરીર ધારણ કરી શકે છે.

સૂત્ર ૨૦ જણાવે છે કે આવો યોગી અસ્તિત્વના બધા જ તત્ત્વોને, સમય અને કાળથી અબાધિત રીતે, જોડવાની અને તેમને જુદા પાડવાની શક્તિઓ ધરાવે છે.

સૂત્ર ૨૧ જણાવે છે કે તેમ છતાં આવો યોગી મર્યાદિત શક્તિઓની ઈચ્છા રાખતો જ નથી. આ સંદર્ભમાં એ શુદ્ધ વિદ્યા અર્થાત ઉન્મના શક્તિની ઉપસ્થિતિમાં એ બ્રહ્મ ચેતના

અને અન્ય બધી જ શક્તિઓ પર પ્રભુત્વ મેળવે છે. એનો સર્વોચ્ચ અનુભવ કેવળ આત્મ વ્યાપ્તિ નહીં પરંતુ શિવત્વ યોજના એટલે કે શિવવ્યાપ્તિ - શિવ સાથેની સંપૂર્ણ ઓળખ છે - એક એવી સ્થિતિ જ્યાં આ વિશ્વ શિવ સ્વયંની અભિવ્યક્તિ તરીકે જ અનુભવાય છે.

સૂત્ર ૨૨ જણાવે છે કે દિવ્યશક્તિના અનંત સાગર - મહાહ્રદ - સાથે જ્યારે આવો યોગી ભળે છે ત્યારે એને પરમ અહંતા (અહમ્ ચેતના)નો અનુભવ થાય છે જે સઘળા મંત્રોનો જન્મદાતા છે.

## અંતે ટિપ્પણીઃ

આપણેં જોયું કે આત્મસાક્ષાત્કાર માટે શાંભવોપાયમાં કોઈ ખાસ પ્રયત્નો કે શિસ્ત અંગેની ભલામણ નથી.

જ્યારે આપણેં આ જગતમાં કાંઈ પણ સ્વિકારતાએ નથી તેમજ નકારતાએ નથી, જ્યારે આપણી સરળ જાગૃતતા દરેક પ્રકારના વિચારોથી મૂક્ત થાય છે ત્યારે આપણને આપણાં આત્મા વિશે અચાનક એક ચમત્કારિક જાણકારી થાય છેઃ આ જ શાંભવ સમાવેશ છે. આ એક તત્કાળ અને પ્રત્યક્ષ અનુભૂતિ હોય છે.

આણવ અને શાક્ત ઉપાયો કેવળ પારંપરિક હોય છે. એટલે કે આ ઉપાયો આપણને માત્ર ક્રમિક સોપાનો કે પગલાં દ્વારા આત્મસાક્ષાત્કાર તરફ દોરી જાય છે - આણવ ઉપાયો આપણને શાક્ત ઉપાયો તરફ લઈ જાય છે અને ત્યાંથી આગળ અંતે શાંભવ ઉપાયો તરફ. આપણું અંતિમ લક્ષ્યતો સરવાળે શાંભવ સમાવેશ જ છે - આત્મસાક્ષાત્કારનો એક તત્કાળ અને ચમત્કારિક ચમકાર. આણવ અને શાક્ત ઉપાયો એ કેવળ શાંભવ યોગ પામવાના માર્ગ પરના મૂકામ માત્ર છે.

અગાઉ જણાવ્યું છે તે મુજબ માતૃકાઓ અંગેની યોગ્ય સમજ કેળવીને શાંભવ યોગ માટે મદદ મેળવી શકાય છે. આ માતૃકાઓના યથા યોગ્ય ઉપયોગ અંગે નું વિવરણ આપણે આગળ જતાં વિગતે જોઈશું.

શાંભવ ઉપાય એ શિવાગમનું ખાસ લક્ષણ છે. વેદાંત કે પાતંજલી યોગમાં આ પ્રકારનો કોઈ ઉલ્લેખ નથી મળતો. વેદાંતનો જ્ઞાનયોગ એ શાક્તોપાય જોડે કાંઈક મળતો આવે છે ખરો, અને પાતંજલી યોગની સરખામણી આણવોપાયના કેટલાક અંશ જોડે જરુર કરી શકાય. પરંતુ એ બન્નેમાં શાંભવ યોગના તત્ત્વોનો ક્યાંએ ઉલ્લેખ નથી.

અનુપાય એ ખરેખર તો શાંભવ યોગની જ સર્વોચ્ચ કે પુખ્ત સ્થિતિ છે. શાંભવયોગ અને અનુપાય માટે જ આગળ જતાં 'સાહસ' શબ્દ સૂચવાયો છે. 'સાહસ'નો અર્થ થાય છે અચાનક થતી કોઈ અનપેક્ષિત ઘટના. દિવ્ય આત્માના અચાનક થતા સાક્ષાત્કારને આ શબ્દ ખૂબ જ સુંદર રીતે દર્શાવે છે.

સાંખ્યયોગ અને વેદાંત એ બન્નેનું અંતિમ લક્ષ્ય તો મુક્તિ જ છે. એ બન્ને માટે મુક્તિનો અર્થ છે કૈવલ્ય, એક સંપૂર્ણ અલગાવ. ફરક માત્ર એટલો જ છે કે સાંખ્યયોગ માટે આ અલગાવ **પ્રકૃતિ**થી છે, જ્યારે વેદાંત માટે આ અલગાવ **માયા**થી છે. તેમ છતાં આ બન્નેમાં આત્માના વિચાર અંગે એક ફરક રહે છે. સાંખ્યયોગના મત મુજબ આત્મા કે પુરુષ સચ્ચિત્ છે (સત્ - ચિત્ -- અસ્તિત્વ અને ચેતના). અને આ પુરુષથી ઊંચુ એવું કશું જ નથી. વેદાંતના મત મુજબ આત્મા એ સચ્ચિદાનંદ અર્થાત સત્, ચિત્ અને આનંદ છે અને તે બ્રહ્મ સ્વરૂપ જ છે.

શિવાગમનું અંતિમ લક્ષ્ય એ માત્ર મુક્તિ કે આત્મસાક્ષાત્કાર નથી પરંતુ એ શિવત્વ યોજના અર્થાત શિવસ્થિતિને પામવી તે છે. શિવાગમના શબ્દોને સમજીએ તો એ માત્ર આત્મવ્યાપ્તિ નથી પરંતુ શિવવ્યાપ્તિ જ છે. આત્મવ્યાપ્તિનો અર્થ થાય આત્મસાક્ષાત્કાર, પરંતુ શિવાગમના આત્મસાક્ષાત્કારનો અર્થ વેદાંતમાં સૂચવેલા અર્થથી જુદો જ છે. વેદાંતમાં આત્મા એ કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ વિનાનું કેવળ જ્ઞાન છે. શિવાગમમાં આત્માનું લક્ષણ જ્ઞાન એને ક્રિયા બન્ને છે. શિવાગમમાં આત્મવ્યાપ્તિ થોડા નીચેના સ્તરે આવે છે. અહીં સર્વોચ્ચ આદર્શ કેવળ શિવ વ્યાપ્તિ જ છે. શિવવ્યાપ્તિમાં શિવ-શક્તિ સામરસ્ય છે, એટલે કે શિવ અને શક્તિ એ બન્નેનું જોડાણ છે. આત્મવ્યાપ્તિમાં જ્ઞાન અને ક્રિયાની એક મર્યાદિત પ્રવૃત્તિ રહેલી છે; જ્યારે શિવવ્યાપ્તિમાં એક સર્વગ્રાહી વૈશ્વિક જ્ઞાન અને ક્રિયા સમાએલા છે. આ શિવવ્યાપ્તિ એ પરમ શિવનું જ ચિહ્ન છે. જે બ્રહ્મમાં નિહિત છે અને સાથે જ બ્રહ્મને અતિક્રમી પણ જાય છે. અને આ ત્યારે જ બને જ્યારે ઉન્મના શક્તિનું ઘડતર થાય.

વેદાંતના સંદર્ભમાં મુક્તિ થતાં માયા અદશ્ય થાય છે અને તેની સાથે એણે ઊભી કરેલી આ વિશ્વરૂપી માયાજાળ પણ વિખેરાઈ જાય છે. બીજી તરફ શિવવ્યાપ્તિમાં તો આ વિશ્વ એ સ્વયં શિવ-શક્તિની જ અભિવ્યક્તિ છે.

સાંખ્ય યોગને આધારે મુક્ત આત્મા એ કેવળ સચ્ચિત્ (સત્ અને ચિત્) જ છે. આ આત્મા કે પુરુષ બધાં જ દુઃખો અને વિટંબણાઓથી મુક્ત થાય છે, પરંતુ એને પરમ સુખની અનુભૂતિ થતી નથી. વેદાંતના સંદર્ભે આત્માની પ્રકૃતિ સચ્ચિદાનંદ છે, અહીં મુક્તિ સાથે પરમ સુખનો આનંદ પણ સમાએલો છે, પરંતુ એ કેવળ આત્માનંદ જ છે. જ્યારે શિવવ્યાપ્તિમાં તો સમગ્ર વિશ્વ અહંતાના આનંદમાં ડૂબેલું છે.

સાંખ્ય અને વેદાંત બન્નેમાં મુક્તિ થતાં ચિત્ત કે મન, પ્રકૃતિ રૂપી ગર્ભમાં પાછું વળે છે. પાતંજલી યોગમાં તો આ વાપસી માટે એક ખાસ શબ્દ યોજવામાં આવ્યો છે - જે છે **પ્રતિપ્રસવ** - જેનો અર્થ થાય પ્રકૃતિમાં પાછા સમાવું. બુદ્ધિ કે ચિત્તે પાછા ફરીને એમની

કારણરૂપ પ્રકૃતિમાં સમાવું પડે છે. અને ત્યારે જ પુરુષ એની પરમ પવિત્રતા પાછી મેળવી શકે છે. પુરુષની એ પવિત્રતામાં ચિત્તને કદી પ્રવેશ મળી ન શકે. પુરુષ માટે તો ચિત્ત પણ એક વિકાર જ છે. અને તેથી ચિત્તે પણ પોતાના મૂળ સ્થાને પાછા વળવું જ રહ્યું (સર્વ વિકારો મુક્ત થઈ ચિત્ માં સમાવું).

શિવાગમ એ પરમ શુદ્ધ અદ્વૈત જ છે, તેમાં આ બિચારા ચિત્ત માટે પણ શુભ સંકેતો છે. અહીં આત્મસાક્ષાત્કાર પામનાર યોગીનું ચિત્ત રૂપાંતરીત થઈ ચિત્ જ બની જાય છે.

જ્યારે અવરોહણ (અવરોહ, નિમેષ) થાય ત્યારે ચિત્ કે ચિતિ, ચિત્ત બને છે; અને આરોહણના સર્વોચ્ચ શિખરે (અધ્યારોહ, ઉન્મેષ) પહોંચાય ત્યારે ચિત્ત પોતાનું સાચું સ્વરૂપ ધારણ કરી ચિત્ કે ચિતિ બની જાય છે.

**૨. શાક્તોપાય**

અગાઉ આપણે શાંભવોપાય અંગે વિચારણા કરી. આપણે જોયું કે આપણો માંહેલો આત્મા એ જ પરમાત્મા કે શિવ છે, પરંતુ આપણું મન, જેનો મુખ્ય ગુણ વિકલ્પો છે, તે આપણે માટે એક બંધન બને છે, એક આડસ બને છે અને આપણને આપણી જ અંદર ચમકતી વાસ્તવિકતાના દર્શન થવા દેતું નથી. જ્યારે આ વિકલ્પોનો લય થાય, જ્યારે આ વિચારોની ઘટમાળ અટકે, ત્યારે જ માંહેની વાસ્તવિકતા સામેની, એ દિવ્ય આત્મા સામેની આડસ દૂર થઈ શકે અને આપણને આપણી અંદર હમેશથી વસેલી એ ઉજ્જવળ વાસ્તવિકતાના દર્શન થઈ શકે. આ વાસ્તવિકતા એ કોઈ મેળવવાની વસ્તુ નથી પરંતુ આપણેતો એને માત્ર છતી જ કરવાની જરૂર છે. તે માટે હવે યક્ષ પ્રશ્ન તો એ છે કે, આ વિકલ્પયુક્ત મનને શાંત કેવી રીતે કરવું? એક ભલામણ એવી છે કે ''એ વિકલ્પોનો ન તો સ્વીકાર કરવો કે ન તો એમને નકારવા, એ વિકલ્પો એમની મેળે જ શમી જશે અને તમે સ્વયંને (તમારા આત્માને), તમે પોતે જે છો, તેને ઓળખી શકશો.'' આ કોઈ પણ કારીગરી વિનાની કળા છે. એ તત્કાળ અને વિના પ્રયત્ને થાય છે.

એક રીતે જોઈએ તો આ શાંભવ ઉપાય સાવ સરળ અને સહેલો છે, પણ બીજી રીતે જોતા એ સૌથી કઠણ અને અઘરો લાગે છે. એ સરળ એટલા માટે દેખાય છે કે એમાં કોઈ પ્રયત્નો કે શિસ્તની જરૂર જણાતી નથી. એ અઘરો એટલા માટે છે કે મનની તો ટેવ જ વિકલ્પો રચવાની અને તરંગના ઘોડાઓ દોડાવવાની છે, અને મન કે ચિત્તનું એ જ તો લક્ષણ છે. મનને વિકલ્પ મુક્ત બનાવવાના પ્રયત્નો કરતાની સાથે જ મન તરંગ-તુક્કાઓનો વરસાદ વરસાવે છે. વિચારથી મુક્ત થવાનો પ્રયત્ન કરવો એ જાણે શરીરમાંથી કૂદીને બહાર આવવા જેવું છે. ભાગ્યે જ કોઈ માનવી વિકલ્પ મુક્ત થઈ શકતો હશે.

તેથી જ આ બીજો વિભાગ એક અન્ય ઉપાય સૂચવે છે, જેને આપણે શાક્તોપાય તરીકે ઓળખીએ છીએ. પહેલા વિભાગનું છેલ્લું એટલે કે ૨૨મું સૂત્ર આ બીજા વિભાગના ઉદ્‌ઘાટનનું કાર્ય કરે છે. એ સૂત્રમાં ત્રણ ખૂબ જ અગત્યના શબ્દો દર્શાવાયા છે : **મહાહ્રદ, અનુસંધાનાત્ અને મંત્રવીર્યાનુભવ.**

મહાહ્રદ સૂચવે છે મહાશક્તિને, અનુસંધાનાત્‌નો અર્થ થાય - યોગ માટે, મનથી ઝિણવટ પૂર્વક જોવું કે વિચારવું અને મંત્રવીર્યાનુભવ એટલે મંત્રની શક્તિમો અનુભવ કરવો - મંત્રના હાર્દને સમજવું. તમારે જો મંત્રને તમારો તારણહાર બનાવવો હોય તો મનથી મહા શક્તિનું આહ્‌વાહન કરી એ મંત્રની શક્તિનો અનુભવ કરવો. શાંભવોપાયમાં તમારે શિવ કે શંભુના પ્રકાશનું આહ્‌વાહન કરવાનું હોય છે અને તેથી જ એ શાંભવોપાય તરીકે ઓળખાય છે.

શાક્તોપાયમાં સાક્ષાત્કાર માટે તમારે ચિત્- શક્તિ કે વિમર્શ શક્તિ (દિવ્ય અહંતા)ની મદદ લેવાની છે. માટે જ આ શાક્તેપાય તરીકે ઓળખાય છે. શાક્તોપાયના અન્ય નામો છે : શાક્તયોગ, જ્ઞાનોપાય, જ્ઞાનયોગ, ભાવનોપાય, મંત્રોપાય, વિ.

મોટાભાગના લોકો માટે વિકલ્પમુક્ત થવું શક્ય નથી. તો શું તેમને માટે કોઈ માર્ગ નથી? શાક્તોપાય કહે છે, ''કેમ નહીં! જરૂર છે ને!'' એવું કરો કે કોઈ એક શુદ્ધ વિચારને પકડી લો. એ તમારે માટે એવી નાવ બની રહેશે જે તમને આ સંસાર રૂપી તોફાની સમુદ્રની પેલે પાર લઈ જઈ વાસ્તવિકતાની ભૂમી પર ઉતારશે. હવે! વળી આ શુદ્ધ અને અશુદ્ધ વિકલ્પો એ શું છે?

''અશુદ્ધ વિકલ્પોને કારણે જ લોકો પોતાને બંધનમાં હોય એવું માને છે. સ્વયં વિશેના ખોટા અનુમાનો જ લોકોને આ સંસારના બંધનમાં મૂકે છે. માટે જ્યારે એનાથી કોઈ વિપરીત વિકલ્પ ઉભો થાય તો એ પેલા બંધનમાં નાખનાર વિકલ્પને દૂર કરે છે અને આ વિકલ્પ જ એની પ્રગતિનું કારણ બને છે.'' અશુદ્ધ (ખોટા) વિકલ્પો એટલે એવા વિચારો અને એવી માન્યતાઓ જેને કારણે વ્યક્તિ પોતાના માનસિક-શારિરીક તંત્રને, પોતાના મન-શરીર સંકુલને જ એ સ્વયં છે એવું માની બેસે છે. જેમ કે ''હું પાતળો છું, હું નબળો છું, હું અજ્ઞાન છું, વિ.'' આ થયા અશુદ્ધ વિકલ્પોના દાખલા. અશુદ્ધ વિકલ્પો એટલે ''સ્વયં''ને - આત્માને, મન કે શરીર સાથે જોડતા વિચારો.

તો પછી શુદ્ધ વિચારો (સાચું માનસિક વલણ અને માન્યતાઓ) કયા?

''જે અમર્યાદ ચેતના છે, જે વાસ્તવિકતાના બધા જ મર્યાદિત વિચારોને અતિક્રમી જાય છે, જે આ પૃથ્વિથી છેક શિવ સુધી વિસ્તરે છે, એ જ એક માત્ર સર્વોચ્ચ વાસ્તવિકતા છેઃ અને તે 'હું' 'સ્વયં' છું. માટે હું આ વિશ્વનો પણ છું અને આ વિશ્વ પર છવાએલો પણ

છું.'' શુદ્ધ વિકલ્પ એ એવો વિચાર અને માન્યતા છે કે 'હું જ પરમાત્મા છું અને આ વિશ્વ એ મારી જ શક્તિઓની અભિવ્યક્તિ છે.' વિ.

આ શુદ્ધ વિચારનો અભ્યાસ એટલે જ શાક્તોપાય. અહીં એક પ્રશ્ન જરૂર ઊઠે છે અને તે છેઃ ''શું આ સર્વોચ્ચ વાસ્તવિકતા કે પરમશિવ, વિચારોના દાયરામાં આવી શકે ખરા?'' જો કોઈ આ સર્વોચ્ચ વાસ્તવિકતામાં ગમે તેટલા શુદ્ધ કે સુધારેલા વિકલ્પો દ્વારા દાખલ થઈ શકતું હોય, તો અનો અર્થ એવો થાય કે પરમ શિવને વિચારના દાયરામાં લાવી શકાય તેમ છે. અને જો એવું ન હોય તો આ શુદ્ધ વિચારોનો પણ શો ઉપયોગ?

પ્રથમ પ્રશ્ન એંગે શિવશાસ્ત્ર સ્પષ્ટ રીતે જણાવે છે કે સર્વોચ્ચ વાસ્તવિકતા કોઈ પણ પ્રકારના દાયરામાં ન જ આવી શકે.

" સર્વોચ્ચ વાસ્તવિકતા સર્વત્ર છે અને દરેક રીતે સ્વયંપ્રકાશીત છે. વિકલ્પ ન તો એને મદદ કરી શકે કે ન એને રોકી શકે. ખરેખર તો સર્વોચ્ચ વાસ્તવિકતાને ન તો કોઈ શિસ્તમાં મૂકી શકે કે ન એને કોઈ ભણાવી શકે."

એ એનો આવશ્યક ગુણ કે પ્રકૃતિ છે. સર્વોચ્ચ વાસ્તવિકતામાં ન તો કંઈ ઉમેરી શકાય કે ન એમાંથી કમી કરી શકાય. અને તેથી જ શુદ્ધ વિકલ્પનું કામ માત્ર દ્વૈત ભાવને દૂર કરવાનું છે. અને હવે આ દ્વૈત ભાવ એ વળી શું છે?

દ્વૈત ભાવ બીજું કશું જ નથી પણ એ માત્ર આપણું સ્વયંની પ્રકૃતિ અંગેનું અજ્ઞાન જ છે. અને શુદ્ધ વિકલ્પથી આ અજ્ઞાન જ દૂર થાય છે.

આ તો થયું શુદ્ધ વિકલ્પનું નકારાત્મક કામ. એ સાથે જ શુદ્ધ વિકલ્પના ત્રણ હકારાત્મક કામો પણ છે :

**૧. મંત્ર શક્તિ**

**૨. ભાવના તરફ દોરતા 'સત્તર્ક' અને અંતે**

**૩. શુદ્ધ વિદ્યા.**

આ ત્રણે આમતો સ્પષ્ટ પણે જુદા જ છે, તેમ છતાં એક બીજા સાથે એટલા જ સંલગ્ન પણ છે. - અહીં આપણે આ ત્રણેને જુદા જ વર્ણવ્યા છે.

***૧. મંત્ર શક્તિ :***

અગાઉ જણાવ્યા મુજબ પહેલા વિભાગનું છેલ્લું સૂત્ર આપણને શાક્તોપાય તરફ દોરી જાય છે. શાક્તોપાયની પ્રસ્તાવનામાં ક્ષેમરાજ કહે છે કે : 'મંત્રનું બળ એ જ શક્તિનું સ્વરૂપ છે.' તેથી જ પ્રથમ સૂત્રમાં સૌ પહેલાં મંત્રની જ તપાસ કરવામાં આવી છે. - આ પ્રથમ સૂત્ર છે " **चित्तं मंत्रः**". આ સૂત્રના 'ચિત્તં'ને આપણે કોઈ એકનું કે સૌનું મન

એવું નથી સમજવાનું. અહીં એવા મનનો ઉલ્લેખ છે જે ગંભીરતાથી સર્વોચ્ચ વાસ્તવિકતાને શોધવા અને સમજવા માટે દૃઢ નિશ્ચયી છે. જે આ સર્વોચ્ચ વાસ્તવિકતાને તપાસે છે તે જ આ 'ચિત્તં' છે.

અને આ મંત્ર શું છે? - મંત્ર શબ્દમાં બે ઉચ્ચારો છે, મં અને ત્ર. મં નો અર્થ થાય છે દર્શાવવું કે જાણવું; અને ત્ર નો અર્થ છે જે બચાવે છે. ''મંત્ર એટલે એવી માનસિક જાગૃતતા જેને કારણે તમે તમારી ઓળખ મંત્રમાં દર્શાવેલ સર્વોચ્ચ વાસ્તવિકતા સાથે અનુભવો અને પોતાને આ જગતની વિવિધતા અને અલગાવ ભર્યા ગુણોથી બચાવી શકો, એના દ્વૈતભાવથી બચાવી શકો.''

આપણે એતો જોયું જ કે શાક્તેપાય એ છે જેમાં ચેતના પોતે જ શક્તિ રૂપે આપણી માર્ગદર્શક બને છે. શક્તિ સ્વયં એક મંત્ર અથવા ગૂઢ ઉચ્ચાર કે ઉચ્ચારોનું રૂપ ધારણ કરે છે. સાધકનું મન પોતાની ઓળખ મંત્ર દેવતા સાથે એટલી બધી દૃઢતા પૂર્વક સાધે છે કે એ પોતે જ મંત્ર બની જાય છે. આ સંદર્ભમાં ચિત્તનો અર્થ થાય ચેતનાએ ધારણ કરેલું આત્માનું સઘન સ્વરૂપ. પ્રથમ વિભાગના પહેલા સૂત્રમાં આત્માને શદ્ધ વૈશ્વિક ચેતના તરીકે વર્ણવ્યો છે, જે સ્વાતંત્ર્યશક્તિ, જ્ઞાન અને ક્રિયા એ ત્રણે ગુણો ધરાવે છે. અહીં ચિત્ત એ આત્માનું એવું સઘન સ્વરૂપ છે જેમાં મંત્રનો સાક્ષાત્કાર થાય છે.

દરેક મંત્ર કેટલાક ચોક્કસ ઉચ્ચારોનો બનેલો હોય છે. આ ઉચ્ચારો કેવળ યાંત્રિક રીતે બોલી જવાથી કોઈ ફાયદો નથી થતો. સાધકે મંત્ર દ્વારા ઉજાગર થતા દેવતા સાથે પોતાની ઓળખ સાધવાની છે. શિવની સંપૂર્ણ અહ્મ ચેતના જે પૂર્ણાહન્તા તરીકે ઓળખાય છે અને જે એની વિમર્શ-શક્તિ એટલે કે દિવ્યતાની ઉત્પાદક કંપન છે એ જ સર્વે મંત્રોનું મૂળ છે.

દરેક મંત્ર સાધકને પેલી દિવ્ય અહંતા, જે પરમની ઉત્પાદક શક્તિ છે, તેના તરફ દોરી જાય છે. આ અહંતા પોતે વાણી નથી પરંતુ બધા જ વાણી, વિચાર અને ધ્યેયોનો સ્રોત છે. શુદ્ધ વિકલ્પનો અર્થ થાય એ સંપૂર્ણ, દિવ્ય અહંતાને જ આપણા સાચા આત્મા તરીકે જોવો. એ અહંતા જ શિવની શક્તિ છે તેથી એ શક્તિની ઉપાસના એ જ શાક્તોપાય છે જે અંતે આપણાં વ્યક્તિગત આત્મા (જીવ) અને શિવ, અર્થાત પરમાત્મા કે દિવ્યાત્મા નો સમાવેશ (ભળી જવું) શક્ય બનાવે છે.

શાક્તોપાયની એક વ્યાખ્યા આ પણ છે : ''જ્યારે કોઈ સાધક મનની સંપૂર્ણ એકાગ્રતા સાથે વાસ્તવિકતાને સમજે છે, જે કોઈ પણ સૂક્ષ્મ કે સ્થૂળ ઉચ્ચારોના દાયરામાં નથી હોતું, અને એ રીતે પોતાના જીવનો શિવ સાથે સમાવેશ સાધે છે ત્યારે એ સમાવેશ 'શાક્ત' તરીકે ઓળખાય છે (અને શાક્ત એટલે શક્તિ દ્વારા મેળવાએલું).''

એવી વાસ્તવિકતા જે ઉચ્ચારોના દાયરામાં નથી આવતી - એવી એ ઉચ્ચાર રહિત વસ્તુ શું છે? એ પરાવાક્ છે, જે પરાશક્તિ, પરાહન્તા, વિમર્ષ-શક્તિ, પૂર્ણાહં-વિમર્શાત્મિકા-સંવિત્-શક્તિ, માતૃકા, ઈત્યાદિ તરીકે પણ ઓળખાય છે. એ દિવ્યતાની અહંતા છે જે સર્વે વાણી અને વિચારોથી પર છે, જે એક મૂખ્ય રચનાત્મક કંપન છે અને જે બ્રહ્મની રચના કરે છે. એ બધા જ શબ્દો અને પદાર્થોનો સ્રોત છે, અને તેમ છતાં એ શબ્દોથી પર છે. 'પરાવાક્' એ ઉત્પત્તિનું પ્રથમ ચરણ છે. ત્યાર પછીના ચરણને 'પશ્યન્તિ' તરીકે ગણવામાં આવ્યું છે. આ ચરણમાં શબ્દો અને પદાર્થો અભિન્ન એટલેકે જુદા ન પાડી શકાય તેવા પૂર્ણ સ્વરૂપે હોય છે. ત્યાર બાદ છે 'મધ્યમા', આ ચરણમાં શબ્દો અને પદાર્થોનું વિભાજન શરૂ થઈ ચૂક્યું હોય છે છતાં હજી એ ઉચ્ચારની સ્થિતિએ પહોંચ્યું નથી. અ હજી અસ્પષ્ટ જ છે. એ વિભાજન હજી માત્ર વિચારના સ્તરે જ છે. આ ચરણ 'મધ્યમા' એટલા માટે કહેવાયું કારણ એ 'પશ્યન્તિ' અને 'વૈખરી' ની વચ્ચેનું ચરણ છે. આ સ્તરે માત્ર એક પ્રકારની સૂક્ષ્મ વાણી જ પ્રવર્તે છે. એ હજી શબ્દ સ્વરૂપે આવી નથી. સ્થૂળ વાણી 'વૈખરી' સ્તરે જન્મે છે, અહીં શબ્દ અને પદાર્થ સંપૂર્ણ પણે વિભાજીત થઈ જાય છે. 'વખર' શબ્દનો અર્થ થાય છે શરીર કે બંધારણ. માટે 'વૈખરી' એવું ચરણ છે જ્યાં ઉચ્ચાર કરવા માટે શરીરના અંગોનો ઉપયોગ થાય છે. આ રીતે ટૂંકમાં વિશ્વના પ્રગટીકરણ માટેના ત્રણ સ્તરો છેઃ પરા, સૂક્ષ્મ અને સ્થૂળ.

મંત્રોના અસ્તિત્વનું મૂળ કારણ જ પરમની અહંતા એટલે કે પરાવાક્ છે. બીજી રીતે કહીએ તો, ''જેને આપણે અવિનાશી શક્તિ તરીકે ઓળખીએ છીએ એ જ મંત્રોનો આત્મા છે. તે વિનાના બધા જ મંત્રો જળ વિનાના વાદળો જેવા છે.'' આ અવિનાશી શક્તિ એ જ પરમ અહંતાની શક્તિ છે.

આ વિભાગના સૂત્ર ૩થી આ ફલશ્રુતિની વધુ પુષ્ટિ થાય છે. - **विद्याशरीरसत्ता मंत्ररहस्यम्** - એટલે કે સંપૂર્ણ અહંતા નું પ્રકાશમય અસ્તિત્વ આ શબ્દોની રચનામાં છૂપાએલું છે અને એનો સાર છે - સર્વોચ્ચ અદ્વૈતનું જ્ઞાન - આ જ તો મંત્રોનું રહસ્ય છે.

મંત્રોની રચના અક્ષરોથી થાય છે. આ અક્ષરો કેવળ કોઈ અર્થ વિહિન બાંધણીઓ નથી. એ બધા જ દિવ્યની સર્જનાત્મક શક્તિના સૂચકો છે. શબ્દોમાં છૂપાએલી આ શક્તિ સામૂહિક રીતે માતૃકા તરીકે ઓળખાય છેઃ અને આ માતૃકા જ મંત્રોનું રહસ્ય છે.

એવું પણ કહી શકાય કે બ્રહ્માથી શરૂ કરીને આ પૃથ્વિ સુધીનું સઘળું બ્રહ્માંડ માતૃકાઓથી જ છવાએલું છે. આ માતૃકાઓ પરાહંતાની ચમકથી ભરપુર છે - એ જ તો પરમની અહંતા છે. આ પરાહંતા કે અહંતા એ પરમ શિવની સર્જનાત્મક શક્તિ જ છે. એ

પરાહંતા, પરાશક્તિ, અથવા પરાવાક્ કે પરા કે મહામાતૃકા કે પછી કેવળ માતૃકા તરીકે પણ ઓળખાય છે.

મંત્રશક્તિ ગ્રહણ કરવા માટે સાધકે કોઈ એક ગુરુનો આશરો લેવો પડે છે, જે એને પોતાની કૃપાથી એક મંત્ર આપે અને એનામાં ચૈતન્ય શક્તિનો સંચાર કરે, તથા એને માતૃકાઓનું રહસ્ય સમજાવે. અગાઉ જણાવ્યું તે મુજબ માતૃકા એટલે અક્ષરોની સંપૂર્ણ સામુહિકતાની જનની અને અહંતા પણ એ સઘળાનું મૂળ જ છે, તેથી એ આ બ્રહ્માંડના બધા જ વિષયો અને વસ્તુઓનું પણ મૂળ થયું. હું માટેનો સંસ્કૃત શબ્દ છે '**अहं** ', જે સૂચવે છે કે એમાં અ અને હ વચ્ચેના સંસ્કૃત ભાષાના બધા જ અક્ષરો સમાઈ ગયા છે. અને આ દરેક અક્ષર ક્યાંતો કોઈ વિષયની કે પછી કોઈ વસ્તુની ઉત્પત્તિનું ચિહ્ન છે. એનો અર્થ એ થયો કે અહ્મ અથવા પરમ શિવની ચેતના જ અખિલ બ્રહ્માંડના વિષયો અને વસ્તુઓનું કારણ છે. આ વિભાગનું સૂત્ર ૭ જણાવે છે કે સાધક એના ગુરુ પાસેથી આ માતૃકા અંગેનું જ્ઞાન મેળવે છે. માતૃકાની સર્જનશક્તિને પામવા માટે આ સૂત્ર અંગેની પુરેપુરી સમજ કાળજી પૂર્વક મેળવવી જોઈએ.

એક આદર્શ પરિસ્થિતિમાં પરમની અહંતા અખિલ બ્રહ્માંડને પોતાનામાં સમાવી લે છે. આ અંગે ક્ષેમરાજે 'પ્રત્યભિજ્ઞાહૃદયમ્'માં જણાવ્યું છે કેઃ ''આ જ કારણ છે કે વિકસતું વિશ્વ અક્ષર 'અ' થી શરૂ થાય છે ('અ' કે જેની પ્રકૃતિ અનુત્તરના આકારે અથવાતો સર્વોચ્ચ વાસ્તવિકતાને રૂપે છે) અને 'હ' સુધી પહોંચે છે ('હ' જે શક્તિના વિસ્તરણનો સૂચક છે). આ 'અ' અને 'હ' નું જોડાણ 'પ્રત્યાહાર' ને આધિન રહીને આગળ વધે છે અને એ સર્વોચ્ચ વાસ્તવિકતામાં 'બિન્દુ' સ્વરૂપે વિરમે છે (અહીં 'બિન્દુ'એ અભેદની ચેતનાનું સૂચક છે). આ રીતે આ સ્વાભાવિક વિમર્ષ અથવા અહંતા જ આ શબ્દ સમૂહની પ્રકૃતિ છે. ''

'અ' સૂચક છે પ્રકાશ કે શિવનો; 'હ' સૂચવે છે વિમર્ષ અથવા શક્તિ; 'હં' પરનું અનુશ્વાર કે બિન્દુ સૂચવે છે કે ભલે શિવે આ પૃથ્વિ પર શક્તિ સ્વરૂપે પદાર્પણ કર્યું હોય તેમ છતાં એ વિભાજીત નથી; એ અખંડ સ્વરૂપે અદ્વૈત જ રહે છે.

સાધક માટે માતૃકા જ્યારે અજાણી કે પુરતી સમજ વિનાની હોય છે ત્યારે તે એને સર્વે પ્રકારના દુન્યવી અનુભવો તરફ દોરી જાય છે. અને જ્યારે સાધકને એની પૂર્ણ સમજુતી મળે ત્યારે એ જ માતૃકા એને મુક્તિ તરફ દોરી જાય છે.

સાધક જ્યારે શુદ્ધ વિકલ્પથી મંત્રનું આહ્વાહન કરે છે અને પોતાની ઓળખ શિવ સાથે બાંધે છે, ત્યારે મંત્રશક્તિ રૂપે છૂપાએલી માતૃકા સાધકના ચિત્ત કે મનમાં એક બદલાવ લાવે છે; એનો શુદ્ધ વિકલ્પ જે માત્ર એક વિચાર રૂપે હતો તે ધીરે ધીરે ઓગળી

જાય છે; એનું ચિત્ત દિવ્ય ચેતના અર્થાત ચિત્ માં પરિવર્તિત થાય છે; હવે એ પરમની સાચી અહંતાના ધબકારા અનુભવે છે, અને એને થાય છે કે સંપૂર્ણ વિશ્વ એ માતૃકા-શક્તિ કે દિવ્ય અહંતાનું સ્વરૂપ માત્ર છે. અહંતાનું આ પાસું જે વિશ્વને કેવળ આત્માની અભિવ્યક્તિ તરીકે નિહાળે છે, તે માતૃકામાં છૂપાએલી અને સર્વોચ્ચ વિકાસ પામેલી મંત્ર શક્તિને કારણે જ છે. આ વિકસીત મંત્ર શક્તિ તે જ 'ઉન્મના' કે 'ઉન્મના-શક્તિ' છે. 'ઉન્મના' એ પરાવિદ્યા અર્થાત સર્વોચ્ચ જ્ઞાન તરીકે પણ ઓળખાય છે. આનો ઉલ્લેખ પહેલા વિભાગના ૨૧માં સૂત્રમાં પણ છે, જ્યાં એને શુદ્ધવિદ્યા તરીકે ઓળખવામાં આવી છે અને બીજા વિભાગના ૫માં સૂત્રમાં એનો 'ખેચરી શિવાવસ્થા' તરીકે ઉલ્લેખ છે.

***૨. સત્-તર્ક :***

સત્-તર્ક સાધકને એની પ્રગતિમાં સહાયરૂપ થાય છે. સાધક એના ગુરુ પાસેથી કે પછી આગમોના અધ્યયનથી એટલું જાણી લે છે કે એનો પોતાનો આત્મા શિવ-સ્વરૂપ જ છે અને એના મન-શરીર સંકુલને એ આત્મા જોડે કોઈ લેવાદેવા નથી. ''આગમનો મૂળ આશય સાધકનાં મનમાં શુદ્ધ વિકલ્પ જગાડવાનો જ છે એટલે કે આત્મા માટે શુદ્ધ અને સાચા વિચારો જગાડવાનો છે.'' આના અનુસંધાનમાં જ સત્-તર્ક એક એવું બિંબ છે જે શુદ્ધ વિકલ્પ દ્વારા ઘડાએલા વિચારોનું અનુમોદન કરે છે. આ રીતે સાધક 'ભાવના' તરફ દોરાઈ છે. અહીં 'ભાવના'નો અર્થ થાય છે સર્જનાત્મક વૃત્તિઓનું જન્મવું. આ એક આધ્યાત્મિક દિશા તરફ દોરતી શક્તિ છે. અભિનવગુપ્ત ભાવનાની વ્યાખ્યા કાંઈક આ રીતે કરે છેઃ ''ભાવના એ એક એવી ધારણા છે જેને કારણે, જે સાચી વાસ્તવિકતા છે, જે અસ્તિત્વમાં છે, પરંતુ કોઈ આડસને કારણે અગાઉ અવાસ્તવિક કે અસ્તિત્વહિન ગણવામાં આવતી હતી તે હવે ફરીવાર વાસ્તવિક તરીકે અને સ્પષ્ટ રીતે પ્રગટ થાય છે.'' એ કાંઈક સ્વાનુરોધ જેવું છે જે તમારા અભાન ઉંડાણમાં, ગૂઢ ગર્તાઓમાં ડૂબકી લગાવી આશ્ચર્યજનક વાસ્તવિકતાને શોધી લાવે છે. આ જ ભાવના સાધકને શુદ્ધ વિદ્યા તરફ દોરી જાય છે.

***૩. શુદ્ધ વિદ્યા :***

શુદ્ધ વિદ્યા, અહંતાના પ્રકાશને ક્રમે-ક્રમે અને ધીરે-ધીરે પ્રગટ કરે છે. શુદ્ધ વિદ્યાના પ્રભાવથી જ જ્ઞેય એટલે કે જાણવા યોગ્ય વસ્તુ જ્ઞાનરૂપે પ્રગટે છે. ત્યારબાદ એ જ્ઞાન જ્ઞાતા અર્થાત જાણનાર સુધી પહોંચે છે. અંતે બધું જ અતિક્રમીને અહંતાનું રૂપ ધારણ કરી લે છે, જેમાં જ્ઞેય, જ્ઞાતો અને જ્ઞાન વચ્ચે કોઈ ભેદ રહેતો નથી અને એ ત્રણે સંપૂર્ણ પણે અદશ્ય થઈ જાય છે.

અન્ય એક શાક્તોપાય પણ છે જેમાં 'સ્પંદ'નો નિયમ લાગુ પડે છે. સાધક જો માનસિક રીતે, બે વિચારો વચ્ચેના ગાળામાં રહેલ, સ્પંદ કે ગતિશીલ વાસ્તવિકતા, ને

ઓળખવાની કળા કેળવી લે, તો એની મદદથી વિકલ્પો કે વિચારોનું વિસર્જન કરી શકે છે અને આ ઓળખને જ 'ઉન્મેષ' કહેવાય છે.

જે સાધક માતૃકા-ચક્રનો સંપૂર્ણ સાક્ષાત્કાર કરી લે છે તેનું સંપૂર્ણ જીવન બદલાઈ જાય છે. એનો અભિગમ જ પ્રભુલક્ષી થઈ જાય છે. એનું સંપૂર્ણ જીવન જ યોગ બની જાય છે. એની સાધારણ ક્રિયાઓ પણ આધ્યાત્મિકતા સભર હોય છે. આ વિભાગનું સૂત્ર ૮ જણાવે છે કે યજ્ઞમાં ઘી વિગેરેની આહુતિઓ આપવાને બદલે આવો સાધક પોતાના સૂક્ષ્મ અને સ્થૂળ શરીર અંગેના વિચારોને, ભાવનાઓ દ્વારા, ચિત્‌ના અગ્નિમાં હોમે છે.

સૂત્ર ૯ જણાવે છે કે આવા સાધકનો ખોરાક ઘઉં, ચોખા વિગેરે ન રહેતાં, પરમાત્માના વિચારો જ એનો ખોરાક બને છે જે એનું પોષણ કરે છે અને એને સંતોષે પણ છે. અહીં થોડા અન્ય ઉદાહરણો પણ આપી શકાય, જેમ કે - બધા જ પદાર્થો પ્રભુમય છે - આવા શુદ્ધિકર વિચારો સાથે સાધક બધી જ વસ્તુઓને ભાવના પૂર્વક ઈશ્વરને સમર્પિત કરે છે. એ જ એનો યોગ કે બલિદાન છે. 'સંપૂર્ણ - અમર્યાદ પ્રભુ એ જ મારો ખરો આત્મા છે' - આ વિચારનું સતત રટણ એજ એનો જય બને છે. કોઈ પણ પદાર્થને ઈશ્વરમય જોવો એ જ એનું વ્રત બને છે. દિવ્યતાની તરસ જ એને માટે યોગ છે.

તેમ છતાં શાક્તોપાયનું મુખ્ય સાધન તો માતૃકામાં છૂપાએલી મંત્રશક્તિ જ છે, અને તે દ્વારા જ દિવ્ય અહંતાનું ધ્યાન કરાય છે. આપણી અંદરનું એક બારણું હળવેથી ખૂલે છે, અને આપણો કહેવાતો અહ્‌મ મૃત્યુને શરણ થાય છે. એ મર્યાદિત અહ્‌મ મરીને વિશ્વાત્મામાં ભળી જાય છે.

**<u>૩. આણવોપાય</u>**

શિવ સૂત્રનો ત્રીજો વિભાગ આણવ ઉપાય સૂચવે છે. ઉપાય અર્થાત ઉકેલ માટેના યત્નો. શાંભવોપાય દ્વારા દિવ્યતાને પામવાના યત્નોને, જો કે એમને આપણે યત્નો કહી શકીએ કે કેમ તે પણ એક પ્રશ્ન જ છે, સાવધાની પૂર્વકની સ્થિરતા કે બિનશરતી જાગૃતતા ગણાવી શકાય. અહીં ચિત્તને સ્થિર કરવા માટે કોઈ આધાર કે વસ્તુ હોતાં નથી. ચિત્તે વધુ પડતા પ્રવૃત્તિમય રહેવાનું બંધ કરીને નિવૃત્ત થવાનું છે. તેથી જ એને 'નિરાલમ્બ' યોગ પણ કહ્યો છે.

શાક્તોપાયમાં દિવ્યતાને પામવા માટે ચિત્તને જ આધાર બનાવાય છે. અહીં પણ ચિત્તને કોઈ પદાર્થ પર સ્થિર કે સ્થગીત કરવામાં નથી આવતું, અહીં પણ કોઈ એકાગ્રતા કે ધ્યાન નથી હોતાં. અહીં તો ચિત્તને જ એના અસ્તિત્વ તથા સ્રોતને શોધવાનું સોંપાય છે, અને એ રીતે એને અહ્‌મ કે આત્માની શોધ માટે ગંભીરતા પૂર્વક વિચારવાનું સોંપાય છે. મંત્ર તેમજ તેના સ્રોત - પરમ અહંતા -ને સમજવા માટે, તેમના ગહન રહસ્યને જાણવા

માટે ચિત્તનો જ ઉપયોગ કરવામાં આવે છે. વાસ્તવિક અહ્‌મના મહત્વ અંગે થતા વિચારને કારણે ચિત્ત શાંત થાય છે અને અંતે તે મંત્રશક્તિ દ્વારા બદલાઈ જાય છે, આ રીતે સાધક પ્રાતિભ જ્ઞાન એટલે કે સ્ફૂરણાથી વાસ્તવિક દિવ્ય આત્માનો સાક્ષાત્કાર કરે છે. આ રીતે, ચિત્તનો, ભાવના તેમ જ શુદ્ધ વિદ્યાની મદદથી, ઉત્કર્ષ થાય છે, અને છેવટે ઉપર જણાવ્યા મુજબનો બદલાવ આવે છે. અહીં એટલું ખાસ ધ્યાનમાં લેવાનું છે કે દરેક સાધક માટે શાંભોપાયની જેમ જ શાક્તોપાય પણ શક્ય નથી હોતો. એ કેવળ એમને જ ઉપયોગી થાય છે જેમનું ચિત્ત આધ્યાત્મિકતા તરફ ઢળી ચૂક્યું હોય છે. શાક્તયોગ એ આત્મખોજની જ પ્રક્રિયા છે. આધુનિક યુગના યોગીઓમાં કોઈ શાક્તયોગ માટેનો સૌથી ઉત્તમ દાખલો બેસાડનાર હોય તો તે શ્રી રમણ મહર્ષિ છે. શાક્તયોગમાં પરમાત્મા જ ચિત્તનો આધાર કે આલંબન છે.

આણવોપાયમાં પરિસ્થિતિ સાવ જુદી છે. અહીં અણુ અર્થાત મર્યાદાઓ સાથેનો, સંસ્કારો યુક્ત વ્યક્તિ, બુદ્ધિ, પ્રાણ, શરીર તેમજ અવકાશમાંના કોઈ મર્યાદિત વિષયોથી, પોતાની યોગીક ક્રિયાઓની શરૂઆત કરે છે.

શાંભવોપાયનું પ્રથમ સૂત્ર છેઃ **'चैतन्यम् आत्मा'** અહીં વૈશ્વિક ચેતનાને સંપૂર્ણ સ્વાતંત્ર્ય, જ્ઞાન અને ક્રિયા સાથે જોડ્યું છે, અને એ જ પરમાત્મા છે. શાક્તોપાયમાં પ્રથમ સૂત્ર છેઃ **'चित्तं मंत्रः'** અહીં એ આધ્યાત્મિક માર્ગે વળેલું ચિત્ત છે જે મંત્રશક્તિથી પરમાત્માનો સાક્ષાત્કાર કરે છે. આણવોપાયમાં પ્રથમ સૂત્ર છેઃ **'आत्मा चित्तम्'** અહીં એ ચિત્ત (બુદ્ધિ, અહંકાર અને મનસ્‌નું સંકુલ) છે, જે અસ્તિત્વના એક સ્વરૂપમાંથી બદલાતું બદલાતું આત્માના સ્વરૂપે પહોંચે છે. ( *अतति संचरति इति आत्मा* - જે ફરતું રહે - બદલાતું રહે તે આત્મા છે.) અહીં આત્માનો ઉલ્લેખ માનસિકતાના સંદર્ભમાં થયો છે. આપણાં શરીર-મન સંકુલને જ અણુ કે મર્યાદિત આત્મા તરીકે ઓળખવામાં આવે છે અને આ યોગ અણુ અથવા શરીર-મન સંકુલ રૂપી આત્માથી જ શરૂ થાય છે, અને તેથી જ એને આણવ યોગ કહ્યો છે. અહીં ચિત્તનું સંધાન, પરમાત્મા સીવાયની અન્ય કોઈ વાત સાથે કરવાનું હોય છે, માટે એને ભેદોપાય પણ કહ્યો છે. એટલે કે એવી વ્યવસ્થા જેમાં પરમાત્માથી કાંઈક જુદી જ વસ્તુને ઉપયોગમાં લેવાય છે. શાક્તોપાયમાં જ્ઞાન સૌથી સર્વોપરી છે, તો આણવોપાયમાં ક્રિયા સર્વોપરી છે. અહીં જે ધ્યાન કરવામાં આવે છે, તે પણ એક ક્રિયા જ છે - એક માનસિક ક્રિયા - એમાં ક્રિયા એના સ્થૂળ સ્વરૂપે પણ ઉપયોગમાં લેવાય છે, દા. ત. મંત્ર-જાપ, આપણી પસંદની દેવમૂર્તિની પૂજાઅર્ચના વિગેરે. તેથી જ એને ક્રિયાયોગ પણ કહેવાયો છે.

અહીં ખૂબ જ કાળજીથી એક વાતને નોંધવાની છે કે આ ત્રણે ઉપાયોને એક બીજાથી સાવ જુદા તો ન જ પાડી શકાય. આણવોપાય સાધકને સૌ પ્રથમ તો શાક્તોપાય તરફ દોરી જાય છે અને અંતે તો સાધક શાંભવોપાયમાંજ પહોંચે છે. શાંભવોપાયનો સાક્ષાત્કાર સર્વોચ્ચ છે અને એજ અંતે સઘળા ઉપાયોનો ધ્યેય છે. સાધકને એક ઉપાય બીજા ઉપાયમાં દોરી જાય છે. ભલેને પૂજા માટેની દિવ્યતાની અભિવ્યક્તિ પરમાત્માથી જુદી હોય તો પણ અંતે એ શાક્તોપાયમાં જ પરિણમે છે. જ્યારે શાક્તોપાયના આચરણમાં અહંતાને જ ઉત્પત્તિનો સ્રોત માનવામાં આવે ત્યારે બધું જ શાંભવોપાયમાં પરિણમે છે, જ્યાં અહંતા એ માત્ર શિવની અભિવ્યક્તિ ન રહેતાં, એમા એની શક્તિ દ્વારા ઉત્પન્ન થતું વિશ્વ પણ આવી જાય છે. આ જ કારણ છે કે શિવ સૂત્રમાં વર્ણવેલા ઉપાયો ફક્ત તે ઉપાયો પૂરતા સિમિત ન રહેતા અન્ય ઉપાયોની મદદ પણ લે છે.

આણવોપાયના ખાસ લક્ષણોઃ

માલિનીવિજયમાં આણવોપાયને કાંઈક આ રીતે વર્ણવ્યો છેઃ

‘‘પરમાત્મા કે શિવમાં સંપૂર્ણ સમાવેશ માટે જ્યારે ધ્યાન, ઉચ્ચાર, વર્ણ, કરણ અને સ્થાન-કલ્પનાનો પ્રયોગ કરવામાં આવે છે ત્યારે એને આણવ તરીકે ઓળખવામાં આવે છે.’’

ઉપર વર્ણવેલા ઉપાયો આચરનારા સાધકના ચિત્તને સહાય કરનારા તત્ત્વો કાંઈક અંશે પરમાત્માથી જુદા જ છે. એ નીચે વર્ણવેલામાંથી કોઈ પણ એક અથવા તો બધાજ હોઈ શકેઃ

૧. બુદ્ધિ - **ધ્યાન**, ૨. સ્થૂળ પ્રાણ - **ઉચ્ચાર**, ૩. **વર્ણ** તરીકે ઓળખાતો સૂક્ષ્મ પ્રાણ, ૪. શરીર, અને ખાસ કરીને એના અંગોનો ઉપયોગ જે **કરણ** તરીકે ઓળખાય છે, અને ૫. કેટલાક બાહ્ય પદાર્થો જેને **સ્થાન-કલ્પના** કહેવામાં આવે છે.

આપણેં હવે આ પાંચને થોડા વિસ્તારથી જોઈશું.

### ૧. ધ્યાનઃ

અહીં સાધક, **પ્રમાતા** એટલે કે જાણનાર અથવા વિષય, **પ્રમાણ** એટલે કે જ્ઞાન અથવા જાણકારી અને **પ્રમેય** એટલે કે જાણવા પાત્ર અથવા પદાર્થ કે વસ્તુ, એ ત્રણેને એકરૂપ સમજીને એમનું ચિંતન કરે છે. પરિણામે એની ગહન આંતરિક ચેતનાનો અગ્નિ પ્રજ્વળી ઉઠે છે. ત્યાર બાદ સાધકે પોતાની સમગ્ર શક્તિને કામે લગાડીને પોતાની બધીજ ઈન્દ્રિયો દ્વારા બધા જ બાહ્ય પદાર્થોને ગ્રહણ કરી, એમને પોતાનામાં પ્રગટેલા આંતરિક ચેતનાના

અગ્નિમાં ભાવના સાથે હોમવાના હોય છે. ત્યારે જ સાધક માટે આંતરિક અને બાહ્યનો, ચેતના અને તેના પદાર્થોનો ફરક અદૃશ્ય થાય અને તેને માટે એક અખંડ ચેતના પ્રગટે. આ રીતે સાધક દિવ્યતામાં આણવ સમાવેશ પ્રાપ્ત કરે છે.

ધ્યાનની અન્ય એક રીત છે જે *લયભાવના* તરીકે ઓળખાય છે : અહીં પૃથ્વિથી શરૂ કરીને શિવ સુધીના બધાજ તત્ત્વોને, સાધક ભાવના સાથે, પ્રથમ સ્થૂળ, ત્યાર બાદ સૂક્ષ્મ અને અંતે કારણ શરીરમાં ઓગળી ગએલા માને છે.

ધ્યાનની અન્ય એક રીત જે દાહભાવના તરીકે ઓળખાય છે, તેમા સાધક એવું વિચારે છે કે એના જમણા પગના અંગૂઠામાંથી કાલાગ્નિ રૂદ્ર પ્રગટી રહ્યો છે અને એના આખા શરીરને બાળી રહ્યો છે. આ એક પ્રકારની શાક્ત ક્રિયા જ છે.

**૨. ઉચ્ચારઃ**

ઉચ્ચારનો સંબંધ પ્રાણ સાથે છે. ઉચ્ચારનો અર્થ થાય 'ઉપર ઉઠવું અને અવાજ તરીકે પ્રગટવું' અહીં પ્રાણ શબ્દ બે સંદર્ભોમાં વપરાય છે - એક તો છે સામાન્ય કે સૂક્ષ્મ પ્રાણ અને બીજો છે *સૂચક* કે અગત્યનો પ્રાણ. સામાન્ય પ્રાણ કેવળ *'પ્રાણના'* તરીકે ઓળખાય છે. સૂચક પ્રાણના જુદા જુદા નામો હોય છે, જેવાકે પ્રાણ, અપાન, સમાન, ઉડાન, વ્યાન વિ. આ નામો પ્રાણશક્તિના વિવિધ કામોને ધ્યાનમાં રાખીને આપવામાં આવ્યા છે. સૂક્ષ્મ પ્રાણનો ગુણ છે વર્ણ - જે અંગે આપણે આગળ જતાં જોઈશું.

ઉચ્ચારની ક્રિયાનો સંબંધ પ્રાણ-ધારણા અથવા ખાસ-પ્રાણના જુદા જુદા અંગો પર ધ્યાન આપવા સાથે છે.

જુદા જુદા પ્રાણ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી જુદા જુદા પ્રકારના આનંદનો અનુભવ થાય છે. જ્યારે મન કેવળ પ્રમાતા કે વિષય પર સ્થિર થાય ત્યારે અનુભવાતો આનંદ (૧) નિજાનંદ તરીકે ઓળખાય છે. જ્યારે મન સઘળા અનુભવ આપનાર પદાર્થોથી મુક્ત બને છે ત્યારે એ (૨) નિરાનંદ અનુભવે છે. જ્યારે પ્રાણ અને અપાનનું એક સાથે ધ્યાન ધરાય છે ત્યારે એ (૩) પરાનંદ તરીકે ઓળખાય છે. જ્યારે મન સમાન પ્રાણ (જે અનુભવના વિવિધ પદાર્થોનું એકત્રિકરણ કરે છે) પર સ્થિર થાય છે ત્યારે એ (૪) બ્રહ્માનંદ તરીકે ઓળખાય છે. જ્યારે સાધકનું મન બધાજ જ્ઞાન અને જ્ઞાનના પદાર્થોને આત્મામાં ઓગાળીને ઉડાન પર સ્થિર થાય છે ત્યારે મળતો આનંદ (૫) મહાઆનંદ તરીકે ઓળખાય છે. જ્યારે મન વ્યાન પર સ્થિર થાય છે ત્યારે અનુભવાતો આનંદ (૬) ચિદાનંદ તરીકે ઓળખાય છે. આ છ પ્રકારના આનંદ અનુભવ્યા બાદ જ્યારે સાધક સંપૂર્ણ પ્રાણશક્તિનો સાક્ષાત્કાર કરે છે ત્યારે એ (૭) જગદાનંદનો આનંદ અનુભવે છે, જેમા

નથી કોઈ વિભાજન કે નથી કોઈ મર્યાદા, કારણ એ ચારે તરફ ફેલાએલો અને ચમકતો હોય છે, અને એમાં કેવળ ચેતના જ હોય છે, જે પ્રમાતા, પ્રમાણ અને પ્રમેય ત્રણે તરીકે પ્રસ્તુત થાય છે. અને જે સંપૂર્ણ સ્વાતંત્ર્યના દિવ્ય અમૃતથી વિસ્તરે છે અને ત્યાર બાદ કોઈ પણ ધ્યાન કે ધારણાની જરૂર રહેતી નથી.

આ આખી પ્રક્રિયા ઉચ્ચારયોગ અથવા પ્રાણયોગ તરીકે ઓળખાય છે. જ્યારે એ સંપૂર્ણ પણે  વિકસે છે ત્યારે પરિણામ સ્વરૂપ નીચે દર્શાવેલ અનુભવો થાય છે. ૧. આનંદનો અનુભવ ૨. ઉદ્‌ભવ - એકપ્રકારનો આંતરિક કુદકો - ઉછાળ ૩. કંપ ૪. નિદ્રા - જેમાં સાધક બધાજ બાહ્ય પદાર્થોથી મુક્ત હોય છે. ૫. ઘૂર્ણિ - અથવા આનંદમાં તરબોળ.

અહીં એ ખાસ નોંધવું કે પ્રાણયોગ - પ્રાણાયમથી સાવ જુદો છે - પ્રાણાયમમાં માત્ર શ્વાસ નિયમનની કસરતો હોય છે.

**૩. વર્ણ :**

સામાન્ય કે સૂક્ષ્મ પ્રાણ સાથેના ઉચ્ચારમાંથી કંપ રૂપે એક અવાજ ઉત્પન્ન થાય છે જે વર્ણ તરીકે ઓળખાય છે. આ અવાજ દરેક જીવ માટે કુદરતી રીતે જ સતત થતો હોય છે. કોઈ પણ જીવ એને ચાહીને કરી પણ નથી શકતો અને એને અટકાવી પણ નથી શકતો. આ એક વર્ણ નાદ  રૂપે છે જેમાં બધા જ વર્ણો (અક્ષરો) અવિભાજીત રૂપે છૂપાએલા છે. આ નાદ અનંત છે અને અનાહૂત તરીકે ઓળખાય છે. અનાહૂત એટલે કોઈ પણ આઘાત વિના, કારણ વિના અને સ્વાભાવિક.

આ નાદનું અનુસંધાન, એટલે કે એ પ્રત્યેની તીવ્ર જાગૃતતાને વર્ણયોગ અથવા ધ્વનિયોગ તરીકે ઓળખવામાં આવે છે. યોગનો આ એક ખૂબજ પુરાતન પ્રકાર છે. શંકરાચાર્યએ એમની ‘યોગતારાવલી’ માં એને નાદાનુસંધાન કહ્યો છે. ઉત્તર ભારતમાં કબીર અને રાધાસ્વામી પંથીઓ એને સુરતી-શબ્દ-યોગ કહે છે.

આપણે આ નાદાત્મક વર્ણને કેવી રીતે ઓળખવો? - તો જણાય છે એવું કે સૃષ્ટિ બીજ અને સંહાર બીજ એ એની જાણકારીના મુખ્ય કેન્દ્રો છે. ‘સ’ છે સૃષ્ટિ બીજ અથવા અંત માટે નો ગૂઢ અક્ષર અને ‘હં’ છે સંહાર બીજ કે પ્રેરણા માટેનો ગૂઢ અક્ષર.

૨૭માં સૂત્રમાં નાદ પોતાને કેવી રીતે દરેક જીવના શ્વાસોચ્છવાસમાં દર્શાવે છે તે વર્ણવ્યું છે. ઉચ્છવાસ (શ્વાસ બહાર કાઢતી) સમયે  ‘સ’નો અવાજ નીકળે છે અને શ્વાસ (અંદર લેતી) સમયે ‘હં’નો અવાજ નીકળે છે. માટે દેખીતી રીતે જ કોઈ પણ જીવ ‘હંસ’ મંત્રનો જાપ કરતો હોય. દિવસ અને રાત દરમ્યાન  એ આ મંત્રને ૨૧૬૦૦ વખત જપે છે. આ મંત્ર અજપાજપ તરીકે ઓળખાય છે, કારણ એ સ્વાભાવિક રીતે જ, કોઈ પણ

પ્રયત્ન વિના જ થતો રહે છે. શ્વાસ અને ઉચ્છવાસનો અવાજ ‘હં’ અને ‘સ’ને મળતો આવે છે માટે એને ‘હંસ’ મંત્ર પણ કહેવાય છે, એને અજપા ગાયત્રી પણ કહેવાય છે. આવે જ જપ ગાયત્રી દેવીનો પણ આપવામાં આવ્યો છે, જે જ્ઞાની માટે ખૂબ જ સહેલો છે પરંતુ અજ્ઞાની માટે મુશ્કેલ.

આ સ્વયંભુ પ્રક્રિયાના અનુસંધાનથી એટલે કે એના પર ધ્યાન કેન્દ્રિત કરવાથી પ્રાણ(ઉચ્છવાસ) અને અપાન(શ્વાસ) સંતુલીત થાય છ, અને ત્યારે મૂલાધારમાં ૩-૧/૨ વિંટ મારીને સુતેલી કુંડલીનિ જાગીને ઉપર તરફ ઊઠવા લાગે છે. એ સમયે કેટલાક સુખદ અવાજો સંભળાવા લોગે છે. પરંતુ સાધકે આ અવાજો પર અટકવું ન જોઈએ, તેમને ગણકાર્યા વિના એણે પરાનાદ પર ધ્યાન આપવું જોઈએ, જે પણ એક અનાહત નાદ જ છે. આ નાદ પર ધ્યાન આપવાથી ચિત્ત શાંત થાય છે અને ત્યારે સાધક ‘વિશુદ્ધ ચૈતન્ય’નો અનુભવ કરે છે. જે ચેતનાની સર્વોચ્ચ સ્થિતિ છે.

એકવાર કુંડલીનિ જાગૃત થતાં એ સૌ પ્રથમ બ્રહ્મગ્રંથિને ભેદે છે, ત્યાર બાદ એ મૂલાધાર ચક્રને ભેદે છે. ઉપર ઊઠતા એ અનુક્રમે સ્વાધિષ્ઠાન અને મણિપૂર ચક્રને ભેદે છે. ત્યારબાદ એ વિષ્ણુગ્રંથી અને અનાહ્ત તેમજ વિશુદ્ધિ ચક્રને ભેદે છે. અહીંથી હવે એ રૂદ્રગ્રંથીને ભેદીને આજ્ઞાચક્રમાંથી પસાર થઈ છેવટે સહસ્ત્રારમાં દાખલ થાય છે. અને ત્યારે સાધક સહસ્ત્રારમાંથી અમૃત વર્ષાનો અનુભવ કરે છે.

નાડી, ચક્રો કે ગ્રંથીઓ એ કોઈ ભૌતિક અંગો નથી. એ પ્રાણમય કોશમાં બનેલા હોય છે, જે સૂક્ષ્મ શરીરનું અગત્યનું આવરણ છે. એમનો કેવળ પ્રભાવ જ વાહિની અને વાહિનીના સમૂહ દ્વારા વર્તાય છે. ચક્રો એ અગત્યના શક્તિ કેન્દ્રો છે. એમના ગોળાકારને કારણે એમને ચક્રો કહ્યા છે. એમનું કાર્ય છે પ્રાણનો સંગ્રહ કરવાનું અને એ પ્રાણનું પ્રાણમય કોશમાં અને ત્યાંથી ભૌતિક શરીરમાં વિતરણ કરવાનું.

‘મધ્યમા’ સ્થિતિમાં નાદ સૂક્ષ્મ હોય છે, અને અંતે જ્યારે એ ‘પશ્યંતિ’ સ્થિતિમાં પહોંચે છે ત્યારે સાંભળી શકાય તેવો રહેતો નથી. અહીંથી સાધકને જ્યોતિનો (પ્રકાશનો) અનુભવ થાય છે. આ સ્તરે બધા જ વિકલ્પો શમી જાય છે અને સાધક પૂર્ણાહંતા એટલે કે પરમાત્મા કે પરમ અહંતાનો અનુભવ કરે છે.

‘હંસઃ’ એ નાદનું પ્રગટ રૂપ છે અને એ જીવનનું સૂચક છે. અનાહ્ત નાદ એના આંતરિક મહત્વને દર્શાવે ત્યારે પ્રણવને (ૐ) સૂચવે છે. આ પ્રણવની સઘન જાણકારી મેળવાય ત્યારે તેમાં યોગના ૯ સ્તરોનું દર્શન થાય છે, અને આ ૯ સ્તરો, ૯-નાદ તરીકે ઓળખાય છે, જે નીચે મુજબના છેઃ

૧. બિન્દુ - જે અર્ધમાત્રા તરીકે જાણીતું છે. ૨. અર્ધચંદ્ર - જે બિન્દુથી પણ સૂક્ષ્મ છે. ત્યાર બાદના દરેક સ્તરો એના આગળના સ્તરથી વધુને વધુ સૂક્ષ્મ થતા જાય છે. ૩. રોધિની ૪. નાદ ૫. નાદાન્ત ૬. શક્તિ ૭. વ્યાપિની ૮. સમના અને ૯. ઉન્મના કે ઉન્મની.

'ઉન્મના' એ ચેતનાનું સર્વોચ્ચ શિખર છે. 'સમાન' સુધી માત્ર આત્મવ્યાપ્તિ અર્થાત આત્મ સાક્ષાત્કાર થઈ શકે છે. કેવળ 'ઉન્મના'ને સ્તરે જ શિવવ્યાપ્તિ શક્ય છે જેમાં માત્ર આત્માનો જ આધ્યાત્મિક સાક્ષાત્કાર નહીં પરંતુ આખા બ્રહ્માંડનો પરમાત્મા તરીકેનો સાક્ષાત્કાર પણ થઈ જાય છે. આનો ઉલ્લેખ સૂત્ર ૭માં કરાયો છે. ક્ષેમરાજના મંતવ્ય મુજબ 'સમાન' સ્તર સુધી માયાનો પ્રભાવ રહે છે. ફક્ત 'ઉન્મના'ને સ્તરે જ માયોનો લોપ થાય છે. 'ઉન્મના'નું બીજું નામ સહજ વિદ્યા પણ છે.

ક્ષેમરાજ ઉમેરે છે કે 'ઉન્મના' સ્તરે પહોંચવું એ આમતો શાક્તોપાયમાં આવવું જોઈએ તેમ છતાં એનો સમાવેશ આણવોપાયમાં કરવામાં આવ્યો છે કારણકે આણવોપાય દ્વારા જ શાક્તોપાયમાં પ્રવેશવાનું હોય છે. અહીંના સૂત્રો ૧૫, ૨૧, ૨૬, ૪૪ અને ૪૫ પણ શાક્તોપાય તરફ જ દોરી જાય છે.

**૪. કરણઃ**

કરણ એ એવી પ્રક્રિયા છે જેમાં શરીર(દેહ)નો ઉપયોગ થાય છે. અને શરીર એટલે - સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ ત્રણે શરીર. કરણમાં મુદ્રાઓનો ઉપયોગ પણ થાય છે.

કરણ પ્રક્રિયા ૭ પ્રકારની હોય છે.

૧.ગ્રાહ્ય

૨.ગ્રાહક

૩. ચિત્ અથવા સંવિત્તિ

૪. નિવેશ અથવા સંન્નિવેશ

૫. વ્યાપ્તિ

૬. ત્યાગ અને

૭. આક્ષેપ.

કરણના આ સાત પ્રકારોનો ઉપયોગ સરવાળે પરમાત્માની ચેતનાનો સાક્ષાત્કાર કરવા માટે જ થાય છે.

આમાના પ્રથમ ૪ પ્રકારો આણવોપા અંતર્ગત જ આવે છે. એ ચારમાં જગતના સર્વ પદાર્થોનું એકત્રી કરણ કરી સૌ પ્રથમ તેમને આત્મસાત કરવામાં આવે છે, અને ત્યાર બાદ એ બધું ચિત્ અથવા સંવિત્તિમાં, જે સર્વોચ્ચ ચેતના છે, તેમાં સમાવાય છે અને અંતે પરમાત્મા રૂપી દિવ્ય ચેતનામાં સ્થપાય છે.

પ્રથમ પ્રક્રિયામાં ૧. 'ગ્રાહ્ય' એટલે કે જગત ભરના સર્વ પદાર્થોને ગ્રાહક એટલે કે ઈન્દ્રિયોની મદદ દ્વારા કાબુમાં આણવાનાં છે અને

ત્યાર બાદ ૨. એમને ચિત્ કે સંવિત્તિમાં એકઠા કરવાના છે.

૩. અહીં એ બધાને ચિત્ અથવા સંવિત્તિમાં સંપૂર્ણ પણે પ્રસ્થાપિત કરી દેવાના છે.

૪. આ રીતે સંપૂર્ણ પણે પ્રસ્થાપિત થવું એજ સન્નિવેશ તરીકે ઓળખાય છે. સન્નિવેશમાં પદાર્થોનું કોઈ બાહ્ય વસ્તુ તરીકેનું અસ્તિત્વ રહેતું નથી.

૫. સાધક જ્યારે બ્રહ્માંડના બધા જ પદાર્થોને વિશ્વ-ચેતનામાં ઓગાળી દે ત્યારે એણે વ્યાપ્તિ પ્રાપ્ત કરી લીધી છે એમ કહેવાય. આ વ્યાપ્તિ ભાવનાઓની મદદથી જ મેળવી શકાય છે.

૬. ત્યાગ એ એવું સ્તર કે સોપાન છે જ્યાં બધી જ જાતના પ્રયત્નો છૂટી જાય છે. અહીં બ્રહ્મ-ચેતના સ્વયંભુ પ્રગટ થઈ જાય છે. વ્યાપ્તિ અને ત્યાગ શાક્તોપાય હેઠળ જ આવી જાય છે.

૭. આક્ષેપ એટલે વૈશ્વિક ચેતનાનું સંપૂર્ણ બ્રહ્માંડમાં વિસ્તરવું. આ શાંભવ યોગની જ સ્થિતિ છે.

આ વિભાગના સૂત્રો ૧૬ અને ૨૫ શાંભવ યોગને જ દર્શાવે છે.

**૫. સ્થાન-કલ્પના :**

જે સાધકો પોતાના ચિત્તને કે બુદ્ધિને આંતરિક પ્રાણ કે નાદ પર સ્થિર નથી કરી શકતા તેમને માટે આણવોપાય અંતર્ગત અન્ય ઉપાયો પણ છે જે વડે સાધક મનને બાહ્ય પદાર્થો પર સ્થિર કરી શકે છે.

આણવો પાયની આ બાહ્ય પદાર્થોની મદદથી થતી પ્રક્રિયા સ્થાન-કલ્પના તરીકે ઓળખાય છે. એવા ત્રણ સ્થાનો ગણાવી શકાય જેમના પર મનને સ્થિર કરી શકાય - ૧. પ્રાણ(વાયુ) ૨. દેહ કે શરીર અને ૩. કોઈ પદાર્થ જે શરીર થી બહાર હોય.

અહીં પ્રાણવાયુ - ઉચ્ચાર અન્વયે કરવામાં આવેલ પ્રક્રિયાઓથી - જુદા જ સંદર્ભે વપરાય છે - ઉચ્ચારમાં મનને પ્રાણ- અપાન વિગેરે પર સ્થિર કરવાનું હતું - જે પ્રાણ શક્તિની આંતરિક વ્યવસ્થા છે.

સ્થાન-કલ્પનામાં મનને પ્રાણ પર સ્થિર કરવાનો અર્થ છે, નાક દ્વારા થતા શ્વાસ-ઉચ્છવાસ પર સ્થિર કરવું. શરીરના મધ્યથી પ્રાણ(ઉચ્છવાસ) બાર આંગળનું અંતર આવરી લે છે અને અપાન (શ્વાસ) એ જ બાર આંગળના અંતરથી શરીરના મધ્ય સુધીનું અંતર આવરે છે. આ બન્ને સ્થાનો બાહ્ય દ્વાદશાંત અને આંતર દ્વાદશાંત તરીકે ઓળખાય છે. મનને આ બે બિન્દુઓ પર સ્થિર કરવાના અભ્યાસથી મનના વિકલ્પો શાંત થવા લાગે છે અને છેવટે સાધકનો આ આણવ પ્રક્રિયા દ્વારા પરમાત્મામાં આણવ સમાવેશ થાય છે.

અહીં આ સંદર્ભમાં શરીર એટલે સ્થૂળ શરીર સમજવાનું છે. શરીરની બહારના પદાર્થમાં ચિત્ર, મૂર્તિ વિગેરે ગણાવી શકાય. જે સાધકો પ્રાણ પર પણ ધ્યાન ધરી ન શકે તેઓ આવા બાહ્ય પદાર્થોની મદદ લઈ શકે છે.

ઉપર જણાવ્યા પ્રમાણે આપણું અંતિમ લક્ષ્ય શિવ ચેતનાની પ્રાપ્તિમાં રહેલું છે જેનાં આ સંપૂર્ણ બ્રહ્માંડ સમાએલું છે.

સાધકને આણવયોગે, શાક્તયોગ તરફ દોરી જવું જોઈએ, અને અંતે શાક્તયોગથી શાંભવયોગ તરફ.

# शिव सूत्राणि

## I. शांज्भवोपाय

**१. चैतन्यमात्मा** - આત્માનો ગુણ - એવી ચેતના જે મૂળભૂત રીતે જ્ઞાન અને ક્રિયાથી સંપૂર્ણ પણે સ્વતંત્ર હોય, મુક્ત હોય, તે જ આત્મા તરીકે ઓળખાય છે. વાસ્તવિકતાનો ગુણ પણ ચેતના જ છે.

**२. ज्ञानं बन्धः** - માનવીના બંધનનું કારણ છે, એણે ઉભી કરેલી મર્યાદાઓ, જે આણવમળ તરીકે ઓળખાય છે, અને વાસ્તવમાં તે માનવીનું સ્વયંની સાચી પ્રકૃતિ અંગેનું અજ્ઞાન જ છે.

**३. योनिवर्गः कलाशरीरम् ( बन्धः )** - એ સાથે માનવીને બંધનમાં નાખનાર બે અન્ય મર્યાદાઓ પણ છે, જે માયીયમળ અને કાર્મમળ તરીકે ઓળખાય છે.

**४. ज्ञानाधिष्ठानं मातृका** - આ ત્રણે મર્યાદાઓનું મૂળ માનવીના અધૂરા જ્ઞાનમાં રહેલું છે. એ અધૂરા જ્ઞાનની જ માનવીના જીવન પર પ્રબળ અસર હોય છે. આ અધુરૂં જ્ઞાન જે શબ્દો - અક્ષરોને કારણે હોય છે તેને માતૃકાઓ તરીકે ઓળખવામાં આવે છે. આ માતૃકા એ જ અધુરા જ્ઞાનનું મુખ્ય કારણ છે.

**५. उद्यमो भैरवः** - અધૂરા જ્ઞાન એટલે કે અજ્ઞાનની આ બેડીઓમાંથી માનવીનો છૂટકારો ત્યારે જ થાય જ્યારે એને અચાનક પરમ ચેતના અંગેનું એટલ કે શિવની અહંતાનું જ્ઞાન થાય - ભૈરવ એ શિવની અતિક્રમી ગએલી ચેતના છે જેના ઉદ્યમથી આવું જ્ઞાન અચાનક થાય છે. અને એ જ શાંભવ ઉપાય સૂચવે છે.

**६. शक्तिचक्रसंधाने विश्वसंहारः** - જ્યારે આ ભૈરવ ચેતના જાગે છે ત્યારે સાધક માટે સંપૂર્ણ વિશ્વ શિવની શક્તિ દ્વારા થએલ એક અભિવ્યક્તિ જ લાગે છે. જ્યારે સાધકનું મન આ શક્તિ જોડે તીવ્ર જાગૃતતાથી જોડાઈ જાય છે, ત્યારે એને માટે આ વિશ્વ અને પરમ અહંતા વચ્ચેનો ભેદ દૂર થાય છે. આ સૂત્રમાં શાક્તોપાય અંતરગત શાંભવ ચેતનાની અસર અને એ ચેતનાનું પ્રસ્થાપિત થવું એ બન્ને દર્શાવાયાં છે.

**७. जागृत्स्वप्नसुषुप्तभेदे तुर्याभोगसज्भवः** - જ્યારે શક્તિ સાધના દ્વારા અને પરમ કૃપાથી ભૈરવ ચેતના ઉદ્‌ભવે છે ત્યારે સાધકનો તુરિય એટલે કે ચોથી અવસ્થામાં પ્રવેશ થાય છે, જ્યાં એને ચેતનાનો અતિક્રમી જતી પરમસુખની અનૂભુતિ કાયમ થાય છે, અને તે જાગૃત, સ્વપ્ન અને ગહન નિદ્રા એમ ત્રણે સ્થિતિમાં પણ કાયમ રહે છે. માત્ર ધ્યાનમાં હોય ત્યારે જ નહીં પરંતુ સામાન્ય સ્થિતિમાં પણ આ પરમ ચેતના અનુભવે છે.

**८. ज्ञानं जागृत्** - જાગૃત અવસ્થા એ છે જેમાં કેવળ ઇન્દ્રિયો દ્વારા મેળવેલું બાહ્ય જ્ઞાન જ હોય છે, અને તે દરેક વિષય અંગેનું સામાન્ય જ્ઞાન જ હોય છે.

**९. स्वप्नो विकल्पाः** - સ્વપ્ન અવસ્થામાં થતા અનુભવ સ્વપ્નો જોવા પુરતા જ મર્યાદિત હોય છે, અને તે કેવળ મન દ્વારા વહેતી કલ્પનાઓને આધારે જ હોય છે.

**१०. अविवेको मायासौषुप्तम्** - ગહન નિદ્રા અવસ્થા એ સંપૂર્ણ અજાણ અવસ્થા હોય છે. આ અવસ્થા માયા દ્વારા ઊભી કરાએલી ભ્રમણા જ હોય છે. આ ત્રણે અવસ્થાઓ, સામાન્ય માનવી અને યોગી એમ બન્નેની દ્રષ્ટિથી મુલવી શકાય છે.

**११. त्रितयभोक्ता विरेशः** - જે વ્યક્તિ આ ત્રણે અવસ્થાઓમાં પરમ અહંતાના પરમ સુખનો અનુભવ કરે છે તે પોતાની ઇન્દ્રિયો પર પ્રભુત્વ ધરાવતો હોય છે.

**१२. विस्मयो योगभुमिकाः** - સર્વોચ્ચ વાસ્તવિકતાના માર્ગે આરોહણ કરનાર યોગી એવા અનેક મુકામો પરથી પસાર થાય છે જ્યાં એને અનેક આનંદદાયક અનુભવો થતા હોય છે.

**१३. ईच्छा शक्तिरुमा कुमारी** - જે યોગી ભૈરવ ચેતનાને પ્રાપ્ત કરી લે છે, તે એક એવી સ્વાતંત્ર્ય ઈચ્છા શક્તિ પ્રાપ્ત કરી લે છે જે દ્વારા એ જગતને પ્રગટાવી પણ શકે છે અને એનો સંહાર પણ કરી શકે છે.

**१४. दृश्यं शरीरम्** - આવા યોગી માટે એવી દરેક વસ્તુ જેનું એ અવલોકન કરે છે - પછી તે આંતરિક હોય કે બાહ્ય - એ સઘળું ચેતનાની જ અભિવ્યક્તિ છે.

**१५. हृदये चित्तसंघट्टाद् दृश्यस्वापदर्शनम्** - આવો અનુભવ ત્યારે જ શક્ય બને જ્યારે વ્યક્તિનું મન સંપૂર્ણ પણે, જે બધી જ વાસ્તવિકતાનું કેન્દ્ર અને મૂળ છે એવી બ્રહ્મ ચેતનામાં સમાઇ જાય.

**१६. शुद्ध तत्व संधानाद्वाऽपशुशक्तिः** - વ્યક્તિ જ્યારે માનસિક રીતે શુદ્ધ શિવ તત્ત્વમાં ભળી જાય ત્યારે એ સ્વયં સદાશિવ બની જાય છે અને સામાન્ય માનવીની બધી જ મર્યાદાઓ માંથી મુક્ત થઇ જાય છે.

**१७. वितर्क आत्मज्ञानं** - આત્મજ્ઞાનનો અર્થ જ એ છે કે વ્યક્તિ પોતાની ઓળખ શિવ તરીકેની જ છે એવો દ્રઢ વિશ્વાસ પ્રાપ્ત કરી લે.

**१८. लोकानंदः समाधिसुखम्** - યોગી દરેક પ્રકારના જ્ઞાનમાં પરમ શિવની જ અહંતાનો આનંદ અનુભવે છે, અને એના સંપર્કમાં આવનાર દરેક વ્યક્તિને પણ એ આનંદ પહોંચે છે.

**१९. शक्तिसंधाने शरीरोत्पत्तिः** - એક વાર ઇચ્છાશક્તિ સાથે એકરૂપ થયા બાદ, યોગી પોતાની ઇચ્છાથી કોઇ પણ રૂપ કે શરીર ધારણ કરી શકે છે.

**२०. भूतसंधान - भूतपृथक्त्व - विश्वसंघट्टाः** - એકવાર પોતાની ચેતનાને પરમ શક્તિ સાથે જોડ્યા બાદ યોગી, સમય અને કાળના કોઇ પણ તત્ત્વોને જોડવાનું કે તેમને અલગ કરવાનું, અથવા કોઇ પણ બનાવોને સાથે કરવાનું ઇત્યાદી, કાર્ય કરવાની તાકત મેળવી લે છે.

**२१. शुद्धविद्योदयाच्चक्रेशत्व सिद्धिः** - ઇચ્છા શક્તિ ધારણ કર્યા બાદ, જ્યારે યોગી બ્રહ્મ ચેતના પ્રાપ્ત કરી લે છે, ત્યારે એ શુદ્ધ વિદ્યામાં સ્થાપિત થાય છે, એટલે કે એ ઉન્મના શક્તિ પ્રાપ્ત કરી લે છે, અને પોતે જ જાણે અખંડ બ્રહ્માંડનો સ્વામી હોય એવું અનુભવે છે.

**२२महाह्रदानुसंधानान्मंत्रवीर्यानुभवः** - પોતાની ગહનતા અને પારદર્શિતાના ગુણોને કારણે, પરાશક્તિ એ સર્વોચ્ચ શક્તિ છે. જેવું કે એક સરોવર હોય છે. જ્યારે સાધક એની સાથે જોડાય છે, અર્થાત જ્યારે એ એની સાથેની પોતાની ઓળખ અંગે સતત સભાન રહે છે, ત્યારે એને મહામંત્રની શક્તિનો અનુભવ થાય છે. અને આવો અનુભવ થવાનો અર્થ છે, પરમ અહંતાના કપનોનો સ્વયં પોતાના અંતરઆત્મામાં પડઘો પડવો. આ અહં ચેતના જ બધા મંત્રોની જન્મદાત્રી છે, એટલે કે બધા મંત્રો પોતાની શક્તિ એની પાસેથી જ મેળવે છે.

# II. शाक्तोपाय

**१. चित्तं मंत्रः** - મન જ્યારે પરમ અહંતાના કે સર્વોચ્ચ વાસ્તવિકતાના મંત્રનું સતત રટણ કરે છે ત્યારે એ પોતાની ઓળખ એ મંત્ર સાથે જ સાધી લે છે. આ રીતે મન સ્વયં જ એ મંત્ર બની જાય છે. ત્યાર બાદ એ મંત્ર બોલનાર અને મંત્ર વચ્ચે કોઇ ભેદ રહેતો નથી. શાક્તોપાય એ જ્ઞાનની ઉપાસના છે. વાસ્તવિક અહંતાના જ્ઞાન અંગેની સતત સભાનતાને કારણે સાધકનું મન (ચિત્તમ) સ્વયં પરમ અહંતામાં જ બદલાઇ જાય છે. અને આ રીતે એને પૂર્ણ સાક્ષાત્કાર થઇ જાય છે.

**२. प्रयत्नः साधकः** - એ સાધકના ઉત્સાહ ભરેલા અને તત્કાળ કરાતા પ્રયત્નો જ છે જે એના મનને, એના મંત્રના ઇષ્ટ દેવ જોડે એકરૂપ કરે છે.

**३. विद्याशरीरसत्ता मंत्ररहस्यम्** - વિદ્યાશરીર એ એક એવો શબ્દ છે જેનો અર્થ થાય અનેક શબ્દોનું જુથ - શબ્દરાશી - અથવા મંત્ર. આ શબ્દોના જુથનો પ્રકાશ-પુરુષ કે સત્તા એ પરમ ચેતના સ્વયં જ છે, અને એ આ વિશ્વથી અલગ નથી. માટે મંત્રનું રહસ્ય એટલું જ છે કે

પરમ દિવ્ય અહંતા - જે પોતાનામાં આ વિશ્વને સમાવી લે છે, તેની સાથે જ વ્યક્તિગત મનનું મિલન થાય છે.

**૪. गर्भे चित्तविकासोऽविशिष्ट विद्यास्वप्नः** - જો સાધકનું મન માયાની મર્યાદિત શક્તિઓથી સંતોષ માની લેતું હોય, તો પછી મંત્રના ઉચ્ચ આદર્શથી એનું પતન નિશ્ચત્ત જ થયું છે. ખારણ માયાની એ મર્યાદિત શક્તિ કેવળ સામાન્ય અધમ જ્ઞાનમાંથી જ ઉદ્‌ભવે છે, અને એ સ્વપ્ન જેવી છેતરનારી જ હોય છે. તેથી જ શાક્તોપાય કે મંત્રનો આદર્શ - ધ્યેય એવી ક્ષુલ્લુક સત્તા મેળવવાનો તો નથી જ. એ આદર્શ કેવળ શિવની પરમ અહંતા - જે એક એવી ચેતના છે જેમાં સંપૂર્ણ વિશ્વ સમાઇ ગયેલું છે - એને જ પ્રાપ્ત કરવાનો છે.

**૫. विद्यासमुत्थाने स्वाभाविके खेचरी शिवावस्था** - પરમ જ્ઞાનની તત્કાળ પ્રાપ્તિ થતાં સાધક ખેચરી અવસ્થામાં પ્રવેશે છે, જે શિવની જ સ્થિતિ છે.

**૬. गुरुरुपायः** - મુદ્રા અને મંત્રની શક્તિઓનું જ્ઞાન મેળવવામાં માત્ર ગુરુ જ મદદ કરી શકે, કારણ એ જ લક્ષ્ય સુધી પહોંચવા માટે આ સાધનોની ઓળખ કરાવી શકે છે. અન્યથા દિવ્યકૃપા પણ કેટલીકવાર મંત્રશક્તિ મેળવવાની અનુકુળ તક પુરી પાડીને, ગુરુનું કામ કરી જાય છે.

**૭. मातृकाचक्रसम्बोधः** - બધા જ શબ્દો (વાચક) અને તત્ત્વો (વાચ્ય) અંતે તો વર્ણો કે અક્ષરોથી જ ઉદ્‌ભવે છે. આ અક્ષરો કે વર્ણો તે જ માતૃકાઓ છે. સંપૂર્ણ માતૃકાઓનો સંગ્રહ (માતૃકાચક્ર), શિવની પરમ ચેતનાના છેલ્લા વિશ્લેષણમાંથી પ્રાપ્ત થાય છે. આ જ માતૃકાઓનું રહસ્ય છે. આ પરમ અહંતા એ જ આપણો ખરો આત્મા છે, એટલું જાણવું એ જ મુક્તિ છે.

**૮. शरीरं हविः** - બધી જ પ્રકારના શરીરો, સ્થૂળ, સૂક્ષ્મ ઇ. જેની ઓળક અગાઉ ભૂલભરી અહંતા સાથે થઇ હતી, તેમને હવે વાસ્તવિક અહંતામાં હોમી દેવામાં આવ્યા છે.

**૯. ज्ञानमन्नम्** - જો જ્ઞાનને મર્યાદિત જાણકારી તરીકે લઇશું તો આ સૂત્રનો અર્થ થાય છે, ‘‘મર્યાદિત જ્ઞાન એ અન્ન સમાન છે અને યોગીઓ એનો આહાર કરે છે.’’ જો જ્ઞાનને આપણે ‘રુવરૂપજ્ઞાન કે આત્મજ્ઞાન’ તરીકે લઈશું તો અન્નમનો અર્થ થાય એવું ભોજન જેનાથી સંતોષ થાય અને સૂત્રનો અર્થ થશે, ‘‘આત્મજ્ઞાન જ યોગીનો આહાર બને છે અને એજ એને સર્વોચ્ચ સંતોષ આપે છે.’’

**૧૦. विद्यासंहारे तदुत्थ स्वप्न दर्शनम्** - જ્યારે શુદ્ધ વિદ્યાનો નાશ થાય છે ત્યારે મનમાં દરેક પ્રકારના ભેદ ઊભા કરનારા વિચારો-તરંગો-વિકલ્પો ઉઠે છે. આ સૂત્ર જણાવે છે કે સામાન્ય માનવીના મનમાં અગાઉનું આ જગતના પદાર્થો અંગેનું ભ્રમમાં નાખનારું જે જ્ઞાન, હતું તે હવે આત્માનો સાક્ષાત્કાર થતાં, એને એક સ્વપ્ન જેવું જ લાગે છે.

# III. आणवोपाय

**१. आत्म चित्तम्** - જે ઇન્દ્રિયગત વસ્તુની ઇચ્છાઓથી ઘેરાએલું રહે છે તે જ ચિત્ત છે. બુદ્ધિ, અહંકાર અને મનસ્ એ આ ચિત્તના જ ભાગો છે. વ્યક્તિગત રીતે જોઇએ તો આ ચિત્ત અટલે કે વિકલ્પોથી ભરેલું મન એ જ જાણનાર - વિષય - કે આત્મા છે. અહીં ચિત્તને આત્મા એટલા માટે કહ્યો છે કારણ એ સત્વ, રજસ અને તમસનો આધાર લઇ, અસ્તિત્ત્વના એક રૂપથી બીજા રૂપમાં ફરતો રહે છે. - ' **अतति इति आत्मा** '

**२. ज्ञानं बन्धः** - મર્યાદામાં બંધાએલ વ્યક્તિ અર્થાત 'અણુ' નું જ્ઞાન પણ એના મનની સ્થિતિ અનુસાર મર્યાદિત જ હોય છે, એની ઇચ્છાઓ ઇન્દ્રિય સુખ આપતી વસ્તુઓ પર જ કેન્દ્રિત હોય છે. એના જ પ્રભાવ હેઠળ આ આત્મા, અસ્તિત્ત્વના એક રૂપથી બીજા રૂપમાં ભટકતો રહે છે.

**३. कलादीनां तत्त्वानां अविवेको माया** - વ્યક્તિના બંધનનું મુખ્ય કારણ માયા છે. આ સંદર્ભમાં માયા એટલે વાસ્તવિક આત્મા અને (સૂક્ષ્મ અને સ્થૂળ શરીરને) માની લીધેલો આત્મા, એ બે વચ્ચે ભેદ (અવિવેક) ઉભો કરનાર શક્તિ. આ ભેદ માયાની કંચુકાઓ કરે છે. આ કંચુકોઓ એટલે કલા (મર્યાદિત કાર્યક્ષમતા), વિદ્યા (મર્યાદિત જ્ઞાન), રાગ (અહંકાર ભરી ઇચ્છાઓ) ઇત્યાદિ.

**४. शरीरे संहारः कलानाम्** - સાધકે ભાવના પૂર્વક ધ્યાન ધરી, નીચલા તત્ત્વોથી શરુ કરી સ્વયંને તેમાં વિલિન કરતાં કરતાં ઉપરના તત્ત્વો તરફ જવું જોઈએ. આ રીતે એ પોતાના સૂક્ષ્મ, સ્થૂળ અને કારણ શરીરને ક્રમબદ્ધ રીતે સંહારશે અને અંતે સર્વોત્તમ તત્ત્વ શિવમાં સમાઇ જશે.

**५. नाडी संहार भूतजय भूतकैवल्य भूतपृथक्त्वानी** - પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા ઇ. નો આધાર લઇ, સાધકે પોતાના પ્રાણ અને અપાનને સુષુમ્નામાં મેળવવાની, પૃથ્વિ, પાણી, વિ. ભૂત તત્ત્વો પર નિયંત્રણ મેળવવાની, મનને આ તત્ત્વોથી મુક્ત રાખવાની, અને આ તત્ત્વોથી વિરક્તિ કેળવવી  જોઇએ.

**६. मोहावरणात् सिद्धिः** - પ્રાણાયામ, ધારણા ઇ. થી સાધક પરમ શક્તિઓ તો જરૂર મેળવી શકે, પરંતુ આ શક્તિઓ આત્માના આવશ્યક ગુણો માટેને મોહને કારણે હોય છે. આ મોહ જ સર્વોચ્ચ વાસ્તવિકતાને છૂપાવે છે. માત્ર આવી ક્રિયાઓથી સાધક સર્વોચ્ચ વાસ્તવિકતાનો સાક્ષાત્કાર કરી નથી શકતો.

**७. मोहजयाद् अनन्ताभोगात् सहजविद्याजयः** - જ્યારે માયા પર પૂર્ણ વિજય પ્રાપ્ત થાય છે ત્યારે સાધક સહજ વિદ્યા મેળવે છે, જે સાધકને પોતાની ઓળખ સંપૂર્ણ પણે શિવ સાથે કરાવે છે.

**८. जागृत् द्वितियकरः** - જે પોતાને ઉન્મના શક્તિ સાથે એકરૂપ કરી લે છે તેને આ જગત શક્તિના એક કિરણ જેવું જ ભાસે છે. એને માટે દ્વૈત ભાવ સદંતર રીતે દૂર થઈ જાય છે.

**९. नर्तक आत्मा** - આ જગતના રંગમંચ પર આપણો આત્મા એક નટ માત્ર છે. એ જે કોઈ પાત્ર ભજવે એની કોઇ પણ અસર એના પર રહેતી નથી.

**१०. रङ्गोऽन्तरात्मा** - અંતરાત્મા અર્થાત સૂક્ષ્મ શરીર એ જગ-નાટકના નટ માટેનું એક રંગમંચ માત્ર છે.

**११. प्रेक्षकाणीन्द्रियाणि** - યોગીની ઇન્દ્રિઓ અંતરમુખ બને છે અને એ રીતે, એ એના અંતરાત્માના નાટકને માણે છે. એ અંતરાત્મા આ જગ-નાટક પ્રદર્શિત કરી આનદિત થાય છે.

**१२. धीवशात् सत्वसिद्धिः** - જે રીતે એક કલાકાર માટે પોતાના માનસિક ભાવોને (સત્ત્વને) વ્યક્ત કરવા એ ખુબ જ મહેનતનું કામ હોય છે, તેવી જ રીતે એક યોગી માટે સત્ત્વને પોષવું કેવળ ઉચ્ચ આધ્યાત્મિક બુદ્ધત્ત્વ દ્વારા જ શક્ય હોય છે.

**१३. सिद्धः स्वतंत्रभावः** - આવો યોગી આ સંપૂર્ણ વિશ્વને જાણવા માટે અને તેના પર નિયંત્રણ રાખવા માટે પૂર્ણ સ્વાતંત્ર્ય મેળવતો હોય છે.

**१४. यथा तत्र तथान्यत्र** - જે રીતે એક સાચો યોગી પોતાના શરીર પર પૂર્ણ સત્તા ધરાવે છે, નિયંત્રણ ધરાવે છે, તે જ રીતે તે અન્યો પર પણ એવું જ નિયંત્રણ ધરાવતો હોય છે.

**१५. बीजावधानम्** - યોગીનું ધ્યાન સતત આ જગતના બીજ અર્થાત સ્રોત એવી પરાશક્તિ પર હમેશાં સ્થિર થએલું હોય છે.

**१६. आसनास्थः सुखं ह्रदे निमज्जति** - યોગી જ્યારે હૃદયમાં બિરાજેલી પરાશક્તિમાં દ્રઢ પણે સ્થિર થાય છે ત્યારે એ સહજતાથી, કોઇ પણ ધ્યાન, ધારણા ઇ. વિના પણ પરમ આનંદનું સુખ માણતો રહે છે.

**१७. स्वमात्रा निर्माणं आपादयति** - યોગી જ્યારે શુદ્ધ વિદ્યા પ્રાપ્ત કરી લે છે, તો ત્યાર બાદ તે પોતાની ચેતનાની સર્જનાત્મક શક્તિના પ્રમાણમાં કોઇ પણ રૂપને સર્જી શકે છે.

**१८. विद्याऽविनाशे जन्म विनाशः** - જ્યાં સુધી યોગીની શુદ્ધ વિદ્યા સલામત છે, ત્યાં સુધી એણે ફરી જન્મ લેવો નથી પડતો.

**१९. कवरगादिषु माहेश्वर्याद्याः पशुमातरः** - જે યોગી એકવાર સહજ વિદ્યા - શુદ્ધ વિદ્યા - માતૃકાઓનું જ્ઞાન - પ્રાપ્ત કરી લે છે, તેણે કદી બેકાળજી કરવી ન જોઈએ. જો એ જાગૃત નહીં રહે તો સામાન્ય માનવીની જેમ જ ફરી અવિદ્યાનો શિકાર બની જશે.

**२०. त्रिशु चतुर्थं तैलवदासेच्यम्** - યોગીએ એવી કાળજી રાખવી જોઇએ જેથી એની તુરિયાવસ્થા સતત - તેલની ધાર પડે તેમ - એની જાગૃત, સ્વપ્ન અને ગહનનિદ્રા, એમ ત્રણે અવસ્થાઓ સાથે સળંગ ચાલ્યા કરે.

**२१. मग्नः स्वचित्तेन प्रविशेत्** - પોતાનું શરીર કે મન એ જ પોતાનો આત્મા છે - એવી ભ્રમણા દૂર કરી ને, યોગીએ, મનના કોઈ પણ વિકલ્પોથી મુક્ત રહીને તુરિય અવસ્થામાં પ્રવેશવું જોઇએ.

**२२. प्राणसमाचारे समदर्शनम्** - જ્યારે યોગીની પ્રાણ શક્તિ તુરિય અવસ્થામાં પહોંચ્યા બાદ બહાર ઉભરાવા લાગે અર્થાત બાહ્ય પદાર્થો અંગે પણ જાગૃત રહે ત્યારે એને શિવ-ચેતનાનો આનંદ, ચિદાનંદ પ્રાપ્ત થાય છે.

**२३. मध्येऽवरप्रसवः** - જ્યારે યોગી એની ત્રણે અવસ્થાઓમાં શરુઆતથી અંત સુધી તુરીય અવસ્થાનો આનંદ અનુભવતો હોય, તે દરમ્યાન પણ એનું મન અસ્થિર થવાની શક્યતાઓ રહેલી હોય છે, માટે એણે ખૂબ જ સાવધ રહીને પૂરતી કાળજી રાખવાની જરૂર છે જેથી દરમ્યાનની સ્થિતિમાં પણ તુરિય અવસ્થા જળવાઇ રહે.

**२४. मात्रास्वप्रत्यय संधाने नष्टस्य पुनर्त्थानम्** - જ્યારે યોગી પોતાની વાસ્તવિક અહંતાને દરેક વસ્તુ, દરેક પદાર્થ સાથે એકરૂપ કરી શકે અર્થાત એને જ્યારે લબધું જ શિવ સ્વરૂપ ભાસે ત્યારે સમજવું કે એની તુરિય અવસ્થા હવે જળવાઇ રહી છે.

**२५. शिवातुल्यो जायते** - જ્યારે યોગી તુરિય અવસ્થાનો સતત અભ્યાસ કરતો થાય ત્યારે એ તરિયીતિત અવસ્થામાં પહોંચે છે અને સ્વયં શિવ સ્વરૂપ જ બની જા છે.

**२६. शरीरवृत्तिर्व्रतम्** - પ્રારબ્ધ કર્મ પુરું થાય ત્યાં સુધી પોતાના શરીરમાં ટકી રહેવુ એ જ આવા યોગીનું વ્રત.

**२७. कथा जपः** - યોગીની અહંતા એ જ શુદ્ધ આધ્યાત્મિક અહં છે, તે કારણે જ એનું કોઉ પણ સંભાષણ એ દિવ્ય અહંતાના જપ સમાન જ છે.

**२८. दानं आत्मज्ञानम्** - એણે આપેલું આત્મજ્ઞાન જ એનું આ વિશ્વને દાન કે ભેટ છે.

**२९. योऽविपस्थो ज्ञाहेतुश्च** - આવો યોગી જેનું, સામાન્ય માનવી પર નિયંત્રણ રાખતા શક્તિ ચક્રો પર પૂર્ણ પ્રભુત્ત્વ છે, એ જ અન્યો ને વાસ્તવિકતા અંદેનું જ્ઞાન આપવાને લાયક છે.

**૩૦. श्वशक्तिप्रचयोऽस्य विश्वम्** - આવો યોગી શિવ સ્વરૂપ જ હોવાથી, આ વિશ્વ એની ચૈતન્ય શક્તિનું જ રૂપ છે, કારણ આ વિશ્વ પણ શિવ-શક્તિની જ તો અભિવ્યક્તિ છે.

**૩૧. स्थितिलयौ** - વિશ્વના સ્થિતિ અને લય એ બન્ને એની જ ચૈતન્ય શક્તિના કાર્યો છે.

**૩૨. तत्प्रवृत्तावप्यनिरासः संवेत्तृभावात्** - જ્યારે વિશ્વના રૂપમાં ફેરફારો થાય છે ત્યારે પણ વિષયના અનુભવનારમાં કોઇ બદલાવ આવતો નથી, કારણ એ ફેરફારોને અનુભવવા કોઇક તો જોઇએ ને

**૩૩. सुखदुःखयोर्बहिर्मननम्** - આવો યોગી સુખ અને દુઃખને પણ કોઇ ત્રાહિત વસ્તુ હોય - જેવી કે કોઇ બરણી ઇ. - એવી રીતે જ જુએ છે, અને નહીં કે સ્વયંની અહંતાના ભાગ તરીકે. આ રીતે એ યોગી પર સુખ કે દુઃખની કોઇ અસર થતી નથી.

**૩૪. तद्विमुक्तस्तु केवली** - આવો યોગી જે સુખ કે દુઃખથી અલિપ્ત જ રહે છે તે ને 'કેવલી' કહે છે. એટલે કે જે કેવળ શુદ્ધ ચેતનાનો જાણનાર જ હોય.

**૩૫. मोहप्रतिसंहतस्तु कर्मात्मा** - સાધક જ્યારે અજ્ઞાનના અંધકારમાં અટવાતો હોય અને પોતાના સાચા આત્માને ઓળખી ન શકતો હોય ત્યારે જ એ કર્મોથી બંધાય છે અને આ સંસારમાં ફસાય છે.

**૩૬. भेद तिरस्कारे सर्गान्तर कर्मत्वम्** - જ્યારે યોગી પોતાના સાચા આત્માની ઓળખને શરીર, પ્રાણ ઇ. થી જુદા તારવી શકે છે, અને તે કારણે થતા ભેદથી અવગત થાય છે, ત્યારે એ પોતાના આત્માને શુદ્ધ ચેતના સાથે જોડે છે, અને પોતાની ઇચ્છા મુજબનું જુદું વિશ્વ બનાવી શકે છે.

**૩૭. करण शक्तिः स्वतोऽनुभवात्** - આ યોગીની સર્જનાત્મક શક્તિનું અનુમાન, કોઈ પણ પોતાના સ્વપ્નમાં ઉભી થતી સૃષ્ટિથી લગાવી શકે છે.

**૩૮. त्रिपदाद्यनुप्राणनम्** - જાગૃત, સ્વપ્ન અને ગહન નિદ્રા, આ ત્રણે અવસ્થાઓમાં વ્યક્તિએ તુરિય અવસ્થાનું  સર્જનાત્મક પરમ સુખ જાળવી રાખવું જોઇએ. આ પરમસુખ જ ખરેખરતો ત્રણે અવસ્થાઓના મૂળમાં રહેલું હોય છે.

**૩૯. चित्त स्थितिवत् शरीर कर्णबाह्येषु** - જે રીતે આંતરિક મનની અવસ્થાને તુરિય અવસ્થાના પરમસુખથી સભર બનાવવાનું હોય છે, તે જ રીતે બાહ્ય પદાર્થોને પણ એવા જ પરમસુખની દ્રષ્ટિથી નિહાળવું જોઇએ.

**૪૦. अभिलाषाद्बहिर्गतिः संवाह्यस्य** - જે સામાન્ય માનવીઓના આત્માની ઓળખ તુરિય અવસ્થા સાથે થઇ નથી, પરંતુ તેઓ એની ઓળખ સૂક્ષ્મ અને સ્થૂળ શરીર સાથે કરે છે, તેઓ તેમના માંના આણવ મળને કારણે જાતજાતના ઇન્દ્રિયગત પદાર્થોની ઇચ્છાઓથી ઘારાએલા જ રહે છે. તે સૌ બહીર્મુખ જીવો છે અને એક જન્મથી બીજા જન્મોમાં ફર્યા કરે છે.

**૪૧. तदारूढप्रमितेस्तत्क्षयाज्जीव संक्षयः** - જે યોગી તુરિય અવસ્થામાં સ્થપાઇ ગયો છે, તેની બધી જ અહંકારયુક્ત ઇચ્છાઓ શાંત થઇ જાય છે અને એના મર્યાદિત વ્યક્તિત્ત્વનો અંત આવે છે - અગાઉ જે વ્યક્તિત્ત્વ સૂક્ષ્મ અને સ્થૂળ શરીર સાથે જોડાએલું હતું, તે હવે 'ચિત્પ્રમાતા' અર્થાત શુદ્ધ ચેતનાનો જાણનાર બને છે.

**૪૨. भूतकञ्चुकी तदा विमुक्तो भूयः पतिसमः परः** - એની ઇચ્હાનું મૃત્યુ થતાં, એનું મર્યાદિત વ્યક્તિત્વ વાળું જીવન, જે અગાઉ એના આત્માની ઓળખ, એના સૂક્ષ્મ શરીર સાથે બાંધતું હતું, તેનો અંત આવે છે. એ પોતાના સૂક્ષ્મ શરીરને કેવળ બહારના આવરણ તરીકે જાળવી રાખે છે અને તે સાથે પોતાની ઓળખ જરાએ બાંધતો નથી. એ હવે સંપૂર્ણ પણે દિવ્ય અહંતામાં ડૂબેલો હોવાથી, શિવરૂપ જ છે.

**૪૩. नैसर्गिकः प्राणसम्बन्धः** - આત્મ સાક્ષાત્કાર પછી પણ યોગીએ પોતાનું સ્થૂળ શરીરતો જાળવી જ રાખવું પડે છે, કારણ કે એ પ્રાણ સાથે જોડાએલું હોય છે. આ પ્રાણ દિવ્યતાની સ્વાતંત્ર્ય શક્તિમાંથી જ ઉદ્ભવે છે. જ્યાં સુધી આ પ્રાણનું સ્વાભાવીક જોડાણ આ શરીર સાથે છે, યોગી પોતાના શરીરને અળગું નથી કરતો.

**૪૪. नासिकान्तर्मध्यसंयमात् , किमत्र, सव्यापसव्य सौषुम्नेषु** - નાસિકા અથવા પ્રાણ શક્તિ, જમણી (પિંગળા), ડાબી (ઈડા) અને મધ્યમા (સુષુમ્ના) નાડીઓમાં વહે છે. પ્રાણ શક્તિનું આંતરિક પાસું 'સંવિદ' અર્થાત ચેતના હોય છે, આ ચેતનાનું મધ્ય પાસું છે દિવ્યતા કે અહંતાની સભાનતા. આ અહંતાની સતત સભાનતાને કારણે બધી જ પરિસ્થિતિઓમાં સાધકને 'નિર્વ્યુત્થાન' સમાધિ પ્રાપ્ત થાય છે.

**૪૫. भूयः स्यात् प्रतिमीलनम्** - જે આત્મા પોતાની સ્વાભાવિક પ્રકૃતિ વિસરી ગયો હતો તે હવે પોતાની દિવ્ય પ્રકૃતિને ફરી ઓળખે છે. જે યોગીએ પોતાની બધી જ ભેદભરી ભાવનાઓ ભુલાવીને, પોતાની દિવ્ય પ્રકૃતિનો સાક્ષાત્કાર કર્યો છે, તે આંતરિક રીતે અનુભવે છે કે વિશ્વ આખું જ શિવમય છે, અને તે બાહ્ય રીતે અનુભવે છે કે એ પોતાની અહંતા જ છે જે બહાર પણ શિવ તરીકે જ પ્રસ્તુત થઇ છે.

**ॐ तत् सत्**

# અક્ષરની ઉત્પત્તિ - માતૃકાનું રહસ્ય

## तस्माद्गुरोः प्रसन्नात् - मातृकाचक्रसम्बोधः

ગુરુની જ્યારે કૃપા થાય છે ત્યારે અક્ષરોની ઉત્પત્તિનું જ્ઞાન શિષ્યને - સાધકને પહોંચે છે. *પરાત્રીંસકા*માં વર્ણવ્યા મુજબ અનુત્તરાશક્તિના સૌ પ્રથમ કંપ(સ્પંદ)ને કારણે પરમ અહંતા ‘અકુલ’નું રૂપ ધારણ કરે છે. અહીં ‘અકુલ’ના બે અર્થ નીકળે છે. ૧. ‘કુલ’ અર્થાત એવી સ્થિતિ જ્યાં શિવ અને શક્તિ અભિન્ન રીતે જોડાએલી હોય અને ‘અકુલ’ અર્થાત એનાથી વિપરીત સ્થિતિ જ્યાં કેવળ શિવ જ છે. ૨. ‘કુલ’નો બીજો અર્થ છે શરીર અને ‘અકુલ’ એટલે જેનું શરીર ‘अ’ છે -અને તે ચિત્-શક્તિને પણ દર્શાવે છે.

આ અહંતા જ્યારેવધુ વિસ્તરે છે ત્યારે આનંદશક્તિ ઉત્પન્ન થાય છે અને તે અક્ષર ‘आ’નું રૂપ ધારણ કરે છે. એથી આગળ એમાંથી ઈચ્છાશક્તિ જન્મે છે, અને અહંતા પોતાની એ શક્તિની અક્ષુબ્ધ અવસ્થામાં ‘इ’ (હ્રસ્વ)ને દર્શાવે છે, અને ક્ષુબ્ધ અવસ્થામાં ‘ई’ (દિર્ઘ)ને દર્શાવે છે. ક્ષુબ્ધ અવસ્થાનો ‘ई’ એ ઈશાન કે ઈશિત્રી - અર્થાત ગૂઢતાની શક્તિઓને દર્શાવે છે. ત્યાર બાદ જ્ઞાનશક્તિ એની અક્ષુબ્ધ અવસ્થામાં ‘ઉન્મેષ’ - એટલે કે જ્ઞાન - દર્શાવે છે, જેમાંથી ‘उ’ (હ્રસ્વ) ઉત્પન્ન થાય છે. એ જ જ્ઞાનશક્તિ એની ક્ષુબ્ધ અવસ્થામાં ‘ઊનતા’ દર્શાવે છે, ‘ઊનતા’ એટલે ઊણા ઊતરવું - (અહીં જ્ઞાનને કેવળ જ્ઞાન ગણા લેવાની ‘ઊનતા’ જ તો છે.) જે ‘ऊ’ (દિર્ઘ) તરીકે દર્શાવાય છે.

અક્ષુબ્ધ અવસ્થા એટલે જેમાં શક્તિ કેવળ બાહ્ય કે ઉપલક રીતે દર્શાવાય છે અને એના પર હજી દુન્યવી વાતોની અસર પડી નથી. બીજી તરફ ક્ષુબ્ધ અવસ્થા એટલે અશાંત અવસ્થા જેમાં ઈચ્છા કે ઉન્મેષ શક્તિ દુન્યવી બાબતોથી રંગાઇ ગઇ હોય છે.

(આ સ્તરે વિકસતા બ્રહ્માંડની સહેજ પીછેહઠ થાય છે.)

જે રીતે વિજળીના ચમકારામાં પ્રથમ એક હલકી ઝાંખી નજરે પડ્યા બાદ જ તેજોમય પ્રકાશ દેખાય છે, તેવી જ રીતે અક્ષુબ્ધ અવસ્થાની ઈચ્છાશક્તિ ‘इ’, ‘र’ સાથે મળીને ‘ऋ’ તેમજ ક્ષુબ્ધ અવસ્થાની ઈચ્છાશક્તિ ‘ई’, ‘र’ સાથે દઢ પણે ઓગળીને ‘ॠ’ બને છે. અહીં ‘र’એ અગ્નિનો બીજ અક્ષર છે.

એવી જ રીતે અક્ષુબ્ધ અવસ્થાની ઇચ્છાશક્તિ 'इ', 'ल' સાથે મળીને '–' તેમજ ક્ષુબ્ધ અવસ્થાની ઇચ્છાશક્તિ 'ई', 'ल' સાથે દ્રઢ પણે ઓગળીને '–ॄ' બને છે. અહીં 'ल' એ પૃથ્વિ (સ્થિરતા - દ્રઢતા)નો બીજ અક્ષર છે. 'ऋ' અને '–' અક્ષરો એ કેવળ અચોક્કસ રીતે કેવળ સંભળાતા અવાજો છે, તેથી જ તે 'श्रुत्या' તરીકે પણ ઓળખાય છે. (તે ખરેખર ઉત્પન્ન થએલા અક્ષરો નથી.)

જ્યારે અગ્નિ અને પૃથ્વિના આ બીજ અક્ષરો 'र' અને 'ल' કેવળ ઇચ્છાશક્તિના સૂક્ષ્મ પદાર્થ તરીકે પ્રસ્તુત થાય છે અને તેમના પર કેવળ 'ऋ' અને '–' ના અવાજ રૂપે અંકાય છે ત્યારે આ ચાર અક્ષરો 'ऋ', 'ॠ', '–' અને '–ॄ' કેવળ પોતાને જ આધારે પ્રકાશમાં આવે છે. આથી તઓ અમૃત અક્ષરો તરીકે ઓળખાય છે. (એટલે કે એમનામાં કોઇ પણ પ્રકારના ફેરફારો થતા નથી અને એમના થકી અન્ય કોઇ અક્ષરો બનતા પણ નથી.) આ અક્ષરો માત્ર એક વસ્તુ તરીકે જ હોવાથી તેમના થકી અન્ય કોઇ અક્ષરો ઉત્પન્ન કરી શકાતા નથી, માટે આ ચાર અક્ષરોને નપુંસક કે શંધ તરીકે પણ ઓળખાવાય છે.

અગાઉ જેનો ઉલ્લેખ થઇ ગયો તે અનુત્તર એટલે કે અક્ષર 'अ' અને આનંદ એટલેકે અક્ષર 'आ' , જ્યારે ઇચ્છાશક્તિના 'इ' જોડે મળે છે ત્યારે ત્રિકોણાત્મક સ્વર 'ए' ઉત્પન્ન થાય છે.

એ જ રીતે અનુત્તરનો 'अ', અને આનંદનો 'आ' , અને ઉન્મેષનો 'उ' જોડે મળે છે ત્યારે ત્રિકોણાત્મક સ્વર 'ओ' બને છે, જે ક્રિયાશક્તિના સમાવેશને પણ દર્શાવે છે.

'अ' કે 'आ' સાથે મળીને અક્ષર 'ए' એક ષટકોણ 'ऐ' ને બનાવે છે અને 'अ' કે 'आ' સાથે મળીને અક્ષર 'ओ' ત્રિશુળ રૂપી 'औ' બનાવે છે. અક્ષર 'औ'ના બંધારણમાં ક્રિયાના પ્રભુત્વવાળી ઇચ્છા, જ્ઞાન અને ક્રિયા એ ત્રણે શક્તિઓનું જોડાણ દર્શાવાય છે.

ત્યાર બાદ પરમ અહંતા પોતાના અખંડ બ્રહ્મજ્ઞાનને એક બિન્દુ કે વિન્દુ રૂપે અક્ષર 'अं' માં દર્શાવે છે. અને આગળ જતાં વિસર્ગ સ્થિતિમાં બે ઊભાં બિન્દુઓ (:) રૂપે દર્શાવે છે, જે આંતર અને બાહ્ય ઉત્પત્તિનું એક સાથે ચિતરણ કરે છે.

આ રીતે સર્જનાત્મક અહ્મ પોતાની આંતરિક જાગૃતિ દ્વારા કેવળ અનુત્તર સ્થિતિમાં રહીને ઉત્પત્તિનું સંપૂર્ણ ચિત્ર દોરે છે અને બાહ્ય જાગૃતિની દૃષ્ટિએ પાંચ તત્ત્વોના જુથના વિકાસને પાંચ અક્ષરો દ્વારા દર્શાવે છે. એ છે 'अ', 'इ', 'ऋ', '–' અને 'उ' શક્તિઓ. 'क' થી 'म' સુધીના પાંચ અક્ષરના દરેક વર્ગો પૃથ્વિથી પુરુષ સુધીના બધા જ તત્ત્વોને દર્શાવે છે.

| | શક્તિ<br>- વર્ગ | અક્ષર (વાચક)<br>- તત્ત્વ (વાચ્ય) | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અનુત્તર<br>- **अ** | **क** -<br>પૃથ્વિ | **ख** -<br>જલ | **ग** -<br>અગ્નિ | **घ** -<br>વાયુ | **ङ**-<br>આકાશ | **૫- મહાભૂત** |
| ૨ | ઈચ્છા<br>- **इ** | **च** -<br>શબ્દ | **छ** -<br>રસ | **ज** -<br>રૂપ | **झ** -<br>સ્પર્શ | **ञ** -<br>ગંધ | **૫-તનમાત્રાઓ** |
| ૩ | ઈચ્છા+અગ્નિ<br>- **ऋ** | **ट** -<br>ઉપસ્થ | **ठ** -<br>પાયુ | **ड** -<br>પાદ | **ढ** -<br>પાણિ | **ण** -<br>વાક્ | **૫-કર્મેન્દ્રિઓ** |
| ૪ | ઈચ્છા+પૃથ્વિ<br>– – | **त** -<br>પ્રાણ | **थ** -<br>રસના | **द** -<br>ચક્ષુષ્ | **ध** -<br>ત્વક્ | **न** -<br>શ્રોતૃ | **૫-જ્ઞાનેન્દ્રિઓ** |
| ૫ | ઉન્મેશ<br>- **उ** | **प** -<br>મન | **फ** -<br>અહંકાર | **ब** -<br>બુદ્ધિ | **भ** -<br>પ્રકૃતિ | **म** -<br>પુરુષ | **અંતઃકરણ+૨** |

*નોંધઃ મન, અહંકાર અને બુદ્ધિ - અતંઃકરણ અંતરગત આવે છે.*
*પ્રકૃતિ - મુખ્ય પદાર્થો છે અને પુરુષ - મર્યાદિત અનુભવકર્તા છે.*

પાંચ અક્ષરનું દરેક જુથ તે **વાચક** છે અને તેમને અનુસરતું તત્ત્વ જુથ તે તેમનું **વાચ્ય** છે.

'अ', 'इ', ... વિગેરે દરેક શક્તિમાં અન્ય ચાર શક્તિઓના અંશ રહેલા હોય છે, માટે એ દરેકનો પાંચ અક્ષરો નો એક એક વર્ગ બને છે.

ઉચ્ચાર વિજ્ઞાન(શિક્ષા)માં, આજ શક્તિઓ અને માયાની પાંચ કંચૂકાઓ (નિયતિ વિ.), જે પુરુષ કે મર્યાદિત અનુભવકર્તામાં રહેલાં હોય છે, તે સાથે મળીને, અહંતા, અન્તઃસ્થ નામના જુથના અક્ષરો ('य', 'र', 'ल', 'व')ને પ્રદર્શિત કરે છે. આ અક્ષરો

પુરુષમાં (અંદર) વસેલી માયાવી શક્તિઓમાં સ્થિત હોવાને કારણે, એ જુથનું નામ '*અન્તઃસ્થ*' વ્યાજબી જ છે. પુરુષમાં વસેલી માયાવી શક્તિઓ *'પુંભૌમા'* તરીકે ઓળખાય છે. '*આમ્નાયેષુ*' નામે જાણીતા આગમ શાસ્ત્રમાં આ માયાવી શક્તિઓ જ 'ધારણા' તરીકે ઓળખાય છે, અને એ જ શક્તિઓ, જ્ઞાતાની ચેતનાનું ધારણ કરી આ બ્રહ્માંડને ટકાવે છે.

આ માયાને અતિક્રમીને (તદુપરી), જ્યારે ભેદ અદશ્ય થાય છે અને અભેદ પ્રત્યક્ષ થાય છે, ત્યારે અહંતા પોતાના આવશ્યક ગુણ દ્વારા અને પોતાની ઓળખ - ચેતનાની ઉત્સાહ જનક ઉષ્મા - સાથે, ચાર ઉષ્મ-અક્ષરો પ્રદર્શિત કરે છે, જે છેઃ 'श', 'ष', 'स' અને 'ह' (અહીં 'ઉષ્મ' શબ્દનો અર્થ થાય છે ગરમી, લાગણી કે ઈચ્છુકતા). આ ઉષ્મ અક્ષરોમાં, અહંતાનો અક્ષર 'स' - જે સંપૂર્ણ અમૃત અક્ષર તરીકે ઓળખાય છે - તે સંપૂર્ણ પ્રાગટ્યને અંતે આવે છે, અને ત્યાર બાદ પ્રાણબીજ અક્ષર 'ह'ને એટલા માટે પ્રસ્તુત કરે છે, જેથી તમે સમજી શકો કે આ બ્રહ્માંડ, જે સદાશિવના વિસ્તારથી, વાચક(શબ્દોનું બનેલું) અને વાચ્ય રૂપે, અનુત્તર શક્તિ દ્વારા બન્યું છે, તે અંતે અક્ષર 'ह'(*અનાહત-માયા*)માં પૂર્ણ થાય છે. આ વિસ્તરણ '*ષડધ્વ*' પ્રકારનું હોય છે.

આપણાં મહાન ઋષિ ઉત્પલદેવના જણાવ્યા મુજબ, પરમ અહંતાની પરમ વિર્યતાનો મંત્ર જે 'પ્રત્યાહાર'- 'अह' દ્વારા દર્શાવાય છે, તે સૂચવે છે કે સમગ્ર બ્રહ્માંડ 'अ' અને 'ह'ના (અર્થાત 'अहम्'ના) ગર્ભમાં સમાએલું છે. આ 'अ' અને 'ह' સૂચક છે, અનુક્રમે *અનુત્તરા'अ'* અને *અનાહત 'ह'* શક્તિઓના, જે *શિવ* અને *શક્તિ* સ્વયં જ છે.

'ચેતનાનો પ્રકાશ 'अहम्' વિચારમાં જ સમાએલો છે. જ્યાં સુધી આ 'अहम्' વિચાર બધી જ બાહ્ય અપેક્ષાઓની બાદબાકી કરે, ત્યાં સુધી એ સ્વયંમાં જ વિરામ પામનાર અને પરમ સ્વાતંત્ર્ય ભોગવનાર તરીકે ઓળખાય છે, તથા એ જ મુખ્ય કર્તાભાવ ધરાવે છે અને પરમ સત્તા પણ એ જ છે.' (અજડપ્રમાતૃ-સિદ્ધિ, ૨૨-૨૩).

અત્યાર સુધી આપણે જે કાંઈ *'માતૃકા'* તરીકે વર્ણવ્યું એ જ અંતે *'કૂટબીજ'* તરીકે દર્શાવાયું છે. (આ *'કૂટબીજ'* તે જ અક્ષર *'क्ष'*) જે અક્ષર *'क'* (પ્રથમ વ્યંજન) અને અક્ષર *'स'* (અંતિમ વ્યંજન) નું જોડાણ છે. વળી આ અક્ષરો એટલે કે *'क'* એ અનુત્તરનું તારણ છે, અને *'स'* એ વિસર્ગનું તારણ છે. આથી માતૃકાના રહસ્યનું પૂરતું ઉદ્‌ઘાટન થયું.

# માતૃકા વિશે - ટૂંકમાં

મર્યાદિત જ્ઞાનનું મૂળ અક્ષરો અને શબ્દોમાં રહેલું છે, જે **માતૃકા**ઓ તરીકે ઓળખાય છે. બધા જ મર્યાદિત જ્ઞાનનો પાયો આ જ માતૃકાઓ હોય છે.

માતૃકા એટલે એવી જનેતા જે અજાણ છે, અજ્ઞાત છે, જેની પૂરે પૂરી ઓળખ થઈ નથી શકી. એવી માતૃકા જ બધા બંધનો કે મર્યાદાઓનો સ્રોત છે. જ્યારે એનું રહસ્ય ઉકલે છે ત્યારે એ જ માતૃકાઓ મુક્તિનો માર્ગ બની જાય છે.

એ માં એટલા માટે છે કે એજ આખા વિશ્વની જનની છે. એ જ અક્ષરબ્રહ્મને ઉત્પન્ન કરનારી છે, એજ અક્ષર સાથે સંકડાએલા અવાજની શક્તિ છે, એજ આણવ, માયીય અને કાર્મ મળ રૂપી મર્યાદિત જ્ઞાનનો આધાર છે. એ રહસ્યમયી અને અજાણ છે. ભેદવાળી છે.

આ માતૃકા તે જ આપણી **'अ'** થી **'क्ष'** સુધીની વર્ણમાળા (કુલ ૫૦), આપણી વાણીનું, આપણા અવાજનું સુક્ષ્મ રૂપ. આપણાં અક્ષરો અને તેમના ગુણો તે જ માતૃકા. જ્યારે આપણે એની સત્તાને, એની શક્તિને પુરેપુરી ઓળખી લઈએ ત્યારે એ જ આપણને મુક્તિને માર્ગે દોરી જાય છે.

વિવિધ દેવ-દેવીઓની અધિષ્ઠાત્રી એવી માતૃકા, સઘળી **મહાઘોર** શક્તિઓમાં મુખ્ય છે. એ સૌનું સ્થાન(પીઠ) કરન્ધ્રના (અહીં આ સંદર્ભમાં ક નો અર્થ બ્રહ્મ થાય છે) કે બ્રહ્મરન્ધ્રના, અનુભૂતિ કરાવતા, જ્ઞાન કેન્દ્રોમાં હોય છે. અહીં આ બ્રહ્મરન્ધ્રમાંથી માતૃકા સહીતના સૌ દેવ-દેવીઓ પોતપોતાના હાથમા ભયાનક પાશ લઈને લોકોને ભ્રમમાં નાખતા રહે છે.

અક્ષરોના જુદાજુદા વર્ગો હોય છે, અને એ દરેક વર્ગની મુખ્ય દેવીઓ હોય છે. આ દેવીઓ પર માતૃકાનું પ્રભુત્વ હોય છે.

| **અક્ષરો નો વર્ગ** | **તે વર્ગની મુખ્ય અધિષ્ઠાત્રી દેવી** |
|---|---|
| 1. अ - વર્ગ (બધા જ સ્વરોનું જુથ- ૧૬) | યોગીશ્વરી - મહાલક્ષ્મી |
| 2. क - વર્ગ (क,ख,ग,घ,ङ) | બ્રાહ્મી |
| 3. च - વર્ગ (च,छ,ज,झ,ञ) | મહેશ્વરી |
| 4. ट - વર્ગ (ट,ठ,ड,ढ,ण) | કૌમારી |
| 5. त - વર્ગ (त,थ,द,ध,न) | વૈષ્ણવી |
| 6. प - વર્ગ (प,फ,ब,भ,म) | વારાહી |
| 7. य - વર્ગ (य,र,ल,व) | ઐન્દ્રી કે ઈન્દ્રાણી |
| 8. श - વર્ગ (श,ष,स,ह,क्ष) | ચામુંડા |

માતૃકાનું પ્રભુત્વ ઉપરોક્ત શક્તિઓ ઉપરાંત અન્ય કેટલીક શક્તિઓ પર પણ હોય છે, જે વિશેની કેટલીક માહિતિ આપણે જાણી લઈએ.

કુલ ત્રણ પ્રકારની શક્તિઓ હોય છેઃ

**ઘોરા** - એ કેટલીક એવી ભયાનક શક્તિઓ હોય છે જે માનવીને દુન્યવી પ્રલોભનો પુરા પાડીને એની આધ્યાત્મિક પ્રગતિમાં અડચણો નાખે છે.

**ઘોરાતરી કે મહાઘોરા** - આ એવી અગણિત શક્તિઓ છે જે દુનિયાદારીમાં પડેલા માનવીને ભ્રમમાં નાખીને આ સાંસારિક કડણમાં વધુ ને વધુ ફસાવે છે.

**અઘોરા** - એ એવી શક્તિઓ છે જે જીવને પ્રોત્સાહન આપી મુક્તિને માર્ગે દોરી જાય છે.

આપણે અગાઉ જોયું તેમ માતૃકા એ મહાઘોરા શક્તિ છે અને એની સત્તા અક્ષર-વર્ગોની મહાઘોરા અધિષ્ઠાત્રી દેવીઓ પર અને કેટલીક અન્ય શક્તિઓ પર પણ રહેલી છે. આ શક્તિઓમાં **ષડધ્વા** નામે ઓળખાતા છ ગુણો (માર્ગો) સમાએલા હોય છે. જે છેઃ (*વર્ણ, પદ, અને મંત્ર - વાચક કે વિષય તરીકે) તથા* ***કળા, તત્ત્વ અને ભુવન - વાચ્ય કે વસ્તુ તરીકે.*** આવી શક્તિઓ આ વસ્તુ જગતમાં પોતાની કળાઓ દ્વારા પ્રભાવ પાડતી હોય છે. આ કળાઓ પાંચ પ્રકારની હોય છે. અહીં એ કળાના તત્ત્વ-કાર્યક્ષેત્ર અને ભુવનની ગણત્રી આપવામાં આવી છેઃ

| | કળા | કાર્યક્ષેત્ર - તત્ત્વ | ભુવન |
|---|---|---|---|
| ૧ | નિવૃત્તિ | આ કળા નિવૃત્તિ દર્શાવે છે, એ ઉર્ધ્વગામી છે. એ પૃથ્વિ તત્ત્વ(ઘનતા)માં જ કાર્યરત છે. | ૧૬ |
| ૨ | પ્રતિષ્ઠા | આ કળાના સુક્ષ્મ તત્ત્વો આપ-જળ(પ્રવાહી) થી પ્રકૃતિ સુધીના ૨૩ તત્ત્વો છે. | ૫૬ |
| ૩ | વિદ્યા | આ કળા પુરુષથી માયા સુધીના ૭ તત્ત્વો માં કાર્યરત છે. | ૨૮ |
| ૪ | શાંતી કે શાંતા | આ કળા સદવિદ્યા, ઈશ્વર અને સદાશિવ એ ૩ તત્ત્વો માં કાર્યરત છે. | ૧૮ |
| ૫ | શાંત્યાતીતા | આ કળા શક્તિ અને શિવ એ ૨ તત્ત્વો માં કાર્યરત છે. | ૦ |

આ ઉપરાંત માતૃકા પોતાના અક્ષરો પરના પ્રભુત્વને કારણે શબ્દો, વાક્યો અને લખાણોની રચના કરી લોકો પાસે દરેક પ્રકારના કાર્યો કરાવે છે અને તેમને ભાત ભાતના અનુભવો કરાવે છે. આ વાતો *સર્વવીર* તથા અન્ય *આગમો*માં વિસ્તારથી જણાવાઈ છે. એનો સંબંધ **અંબા, જ્યેષ્ઠા, રૌદ્રી** અને **વામા** જેવી શક્તિઓના જુથ સાથે પણ ઘનિષ્ઠ છે.

**અંબા** એ શક્તિ છે જે સર્વે પ્રકારના કાર્યોમાં વિઘ્ન ઊભાં કરી શકે છે.

**જ્યેષ્ઠા** એ શિવમયી શક્તિ છે જે મુક્તિ અપાવે છે.

**રૌદ્રી** એ એવી શક્તિ છે જે દુષ્ટોના કાર્યમાં વિઘ્નો નાખી સાધુઓ માટે તેમનો નાશ કરે છે.

**વામા** એ શક્તિ છે જે આ જગતને સર્જવામાં પ્રવૃત્ત હોય છે.

## સૂત્ર - વિવરણ
## 'मातृकाचक्रसम्बोधः'

પ્રગટીકરણ બે રીતે થાય છે; વાચક અને વાચ્ય તરીકે, અથવા નામ અને રૂપ કે વર્ણ અને તત્ત્વ તરીકે. વાસ્તવિકતાના સર્વોચ્ચ સ્તરે આ બન્ને એક જ હોય છે. પ્રગટીકરણ થાય ત્યારે તે વાચક અને વાચ્ય જેવા બે વિભાગોમાં વિભાજીત થાય છે, અને તેમાં વાચક એ વિષય પક્ષ હોય છે અને વાચ્ય એ વસ્તુ કે તત્ત્વ પક્ષ હોય છે.

માનવીની બધી જ પ્રવૃત્તિઓ વાચક અર્થાત વર્ણ કે શબ્દો દ્વારા જ થતી હોય છે, અને આ વાચક માતૃકાઓનું જ બનેલું હોય છે. માતૃકા એટલે વર્ણ કે અક્ષરો અથવા તેમના ઉચ્ચારણો. આ રીતે સઘળી માનવ પ્રવૃત્તિઓ માતૃકાને કારણે જ થાય છે. જ્યાં સુધી માનવી માટે આ માતૃકાના ગૂઢ રહસ્યો છતાં નથી થયાં ત્યાં સુધી એ આ સંસારની માયાજાળમાં અટવાતો જ રહેવાનો. - ''આપણેં આપણું માથુ ધૂણાવતા આમથી તેમ ફરતા રહીએ છીએ પરંતુ ક્ષણ માટે પણ આપણા આત્માને ઓળખી નથી શકતા.'' જો માનવીએ એના જીવન રહસ્યને સમજવું હશે, એણે જો એના અસ્તિત્ત્વના મૂળ સુધી પહોંચવું હશે તો એણે આ માતૃકાના રહસ્યને ખોળવું જ પડશે. જ્યારે માતૃકાની પુરેપુરી - યોગ્ય સમજ નથી હોતી ત્યારે જ આપણે જીવન-સંસારના રઝળપાટમાં અટવાઈએ છીએ - અને એ જ આપણાં બંધનનું કારણ બને છે.

જે સાધક પોતાના અસ્તિત્ત્વના મૂળની શોધમાં પ્રવૃત્ત છે, તેને માટે માતૃકાના રહસ્યને પામવું સૌથી મહત્વનું બની જાય છે. આપણે જોયું કે શાક્તોપાયમાં મુખ્યત્વે મંત્રનો જ ઉપયોગ કરાય છે, અને આ મંત્ર, વર્ણો અને શબ્દોનો જ બનેલો હોય છે, એટલે કે એની પાછળ માતૃકાનું જ બળ હોય છે. એ જ કારણ છે કે સાધક માટે એ અતિ મહત્વનું છે કે એ માતૃકાઓ તેમજ તેની અસંખ્ય શક્તિઓને બરાબર સમજે.

માટે જ આ સૂત્ર સાધકને પ્રેરે છે કે એ સંબોધ મેળવે - માતૃકા ચક્રનો પૂર્ણ સાક્ષાત્કાર કરે. મંત્રના ઉચ્ચાર અને અર્થનું પુરેપુરું તાંત્રિક જ્ઞાન મેળવે.

આ સૂત્ર સમજાવે છે કે માતૃકાચક્રના બધા જ અક્ષરો, પરાવાક્ કે પરાશક્તિ અથવા પરાહંતા કે અનુત્તર શક્તિની જ અભિવ્યક્તિ છે - એ બ્રહ્મની સર્જનાત્મક શક્તિમાં ઉત્પન્ન થનાર તાણ - જે શિવ તરીકે ઓળખાનાર પરમ સર્જનાત્મક ચેતનાની ધડકન કે સ્પંદ છે, તેને વર્ણો કે અક્ષરો રૂપે રજુ કરે છે. શિવની આ સર્જનાત્મક શક્તિ એના બ્રહ્મ સ્વરૂપમાં શક્તિ કુંડલિની તરીકે ઓળખાય છે.

શિવની મુખ્ય પાંચ શક્તિઓ છેઃ ૧. ચિત્ કે અનુત્તરા ૨. આનંદ ૩. ઈચ્છા ૪. જ્ઞાન અને ૫. ક્રિયા. આ શક્તિઓની રજુઆત ચોક્કસ સ્વરો દ્વારા થાય છે જે નીચે દર્શાવાયું છે:

| શક્તિઓ | સ્વર<br>જે દ્વારા આ શક્તિ દર્શાવાય છે |
|---|---|
| ચિત્ કે અનુત્તરા | *अ* |
| આનંદ | *आ* |
| ઈચ્છા | *ई, इ* તથા *ॠ, ॠ,* – અને –ᶜ |
| જ્ઞાન | *ऊ, उ* |
| ક્રિયા | *ए, ऐ, ओ* અને *औ* |

બાકી બચ્યા, અનુશ્વાર કે બિન્દુ (˙) અને વિસર્ગ (:) - અનુશ્વાર કે બિન્દુ, સઘળા પ્રગટ સ્વરૂપોને એક જ શિવ ચેતનામાં એકાકાર થતા અભિવ્યક્ત કરે છે, અને વિસર્ગ, શિવની આંતરિક સ્થિરતા તેમ જ એની બાહ્ય શક્તિઓના વિસ્તારને આ વિશ્વરૂપે દર્શાવે છે. આમ આ બધા જ સ્વરો શિવના આંતરિક તત્ત્વોને અભિવ્યક્ત કરે છે. પરંતુ આ બધા જ સ્વરોમાં , અનુત્તર તરીકે લેખાતો સ્વર 'अ' સૌથી અગત્યનો છે.

**'अकारः सर्व वर्णानाम् अन्तर्यामितया स्थितः'**

''બધા જ વર્ણોમાં 'अ' સૌના આંતરિક નિયામક તરીકે વસેલો છે.''

સ્વરો 'अ', 'इ', 'ॠ', '–' અને 'उ', 'क' થી 'म' સુધીના પાંચ અક્ષરના દરેક વર્ગો પૃથ્વિથી પુરુષ સુધીના ૨૫ તત્ત્વો ના સૂચક એવા ૨૫ વ્યંજનો દર્શાવે છે. માટે એ શિવ જ છે જે દરેક અક્ષર અને દરેક જીવના હૃદયમાં બિરાજેલ છે અને દરેક પ્રગટ સ્વરૂપમાં સ્વયંને અભિવ્યક્ત કરે છે.

બધા જ પ્રગટ સ્વરૂપોને અતિક્રમી જે શિવથી પણ ઉપર છે તે નિષ્કાલ કે પરમ શિવ તરીકે ઓળખાય છે. શિવ, એ નિષ્કાલનું પ્રથમ સ્પંદ છે જેમાં 'अहं' ઉદ્ભવે છે. આ 'अहं' કે 'अहंता', જે વિમર્શ તરીકે પણ ઓળખાય છે, તે પ્રકાશ કિરણોનો એક એવો આયનો છે જેમાં બધા જ વર્ણો કે અક્ષરો (વાચક તરીકે) અને તત્ત્વો કે વસ્તુઓ (વાચ્ય તરીકે),

પોતાના સ્વરૂપ સાથે નિહિત છે. જે રીતે મોરના ઇંડામાં સંપૂર્ણ મોરનુ સ્વરૂપ અને તેના વિવિધ રંગ તત્ત્વો છૂપાએલા હોય છે.

'अहं'નો 'अ' સર્વોચ્ચ વાસ્તવિકતા - અનુત્તરાને દર્શાવે છે, અને 'ह' દર્શાવે છે વિસર્ગ શક્તિઓને. આ રીતે 'अहं' એ 'अ' થી 'ह' સુધીના પચાસ અક્ષરોની ઉત્પન્નભૂમી છે, જે પોતાનામાં ઈચ્છા, જ્ઞાન અને ક્રિયા ત્રણેનો સમાવેશ કરે છે. અને આમાંથી જ ઉત્પન્ન થાય છે - ૧. ઈચ્છાત્મક પશ્યંતિ માતૃકા, ૨. જ્ઞાનાત્મક મધ્યમા માતૃકો અને ૩. ક્રિયાત્મક વૈખરી માતૃકા. આ 'अहं'માં જ સમગ્ર વાચ્ય અને વાચક વિશ્વ છૂપાએલું છે.

આ માતૃકાચક્રનું જ્ઞાન એ જ દર્શાવે છે કે 'अहं'માં થી જ પૃથ્વિથી સદાશિવ સુધીના બધા જ તત્ત્વો કેવી રીતે ઉત્પન્ન થયા છે. માતૃકાની એકત્રિત સમગ્ર શક્તિઓ (ચક્રો), શિવની ઈચ્છા, જ્ઞાન અને ક્રિયા શક્તિઓ સંબંધિત જ છે. એ શિવ જ છે જે વર્ણો અને વસ્તુઓનું વિશ્વ ઘડે છે.

માતૃકાચક્રનો સંબોધ અર્થાત સ્પષ્ટ સાક્ષાત્કાર જ સાધકને પોતાની વાસ્તવિક અહંતા (હું-પણું) - જે શિવની જ અહંતા છે એવી જાણકારી મેળવવા તરફ દોરી જાય છે. આ વાસ્તવિક અહંતા  એ જ મંત્રનું રહસ્ય છે. એ સાધકને પોતાની માનીલીધેલી અહંતાથી અને પોતાની મન-શરીર સંકુલ સાથેની ઓળખથી મુક્ત કરે છે. અને હવે એ જાણે છે કે એ સ્વયં શિવ અને તેના પ્રગટ વિશ્વરૂપ સ્વરૂપ સમાન જ છે.

**'मातृकाचक्रसञ्ज्ञोधः'**

આપણે જોયું કે **'सञ्ज्ञोधः'** એટલે પૂર્ણ સાક્ષાત્કાર જેમાં સ્વયંના આત્મા સાથે પૂર્ણ જોડાણ થાય છે, અને તે કૈવલ્ય કે ચેતનાના પરમસુખનો અનુભવ છે. **'मातृकाचक्र'** એટલે અગાઉ વર્ણવેલા - અનુત્તર, આનંદ, ઇચ્છા અને અન્ય શક્તિઓ સાથે જોડાએલ માતૃકાનું પૂર્ણ ચક્ર જેનું મહત્વ શાસ્ત્રોમાં આ રીતે વર્ણવાયું છેઃ ''માતૃકાથી ઊચું એવું અન્ય કોઈ જ્ઞાન નથી.''

અહીં અપાએલું વિવરણ ખૂબ જ ટુંકમાં અને કેવળ પ્રાથમિક જાણકારી માટે જ છે. અભિનવગુપ્તએ આ અંગેનું વિસ્તૃત વિવરણ પોતાના વિવેચનો - *પરાત્રિંશકા, તંત્રાલોક, સિદ્ધામૃત,* વિ. માં આપેલ છે.

અહીં સિદ્ધામૃતમાંની આ નોંધ સાધક માટે યાદ તાજી કરાવનાર બની રહેશેઃ

''આ દિવ્ય ચેતના પોતાની સર્જનાત્મક શક્તિ રૂપે 'કુંડલિની' તરીકે ઓળખાય છે. એ જ સર્વનું જીવન અને બીજ છે (**बीजजीवभूता**). એમાંથી જ ત્રણ અક્ષરોનું જુથ ઉત્પન્ન થયું છે, જેને 'ધ્રુવ' કહેવાય છે. આ ત્રણ અક્ષરો છે - અનુત્તર દર્શાવતો 'अ', ઈચ્છા દર્શાવતો 'इ' અને ઉન્મેષ દર્શાવતો 'उ'. આ ત્રેખડથી જ વિવિધ અક્ષરો (સ્વર) બન્યા- દા.ત. 'अ' માંથી 'आ', 'इ' માંથી 'ई', 'उ' માંથી 'ऊ' વિ. જે વિસર્ગ 'अः' સુધી પહોંચે છે.

'क' થી 'स' સુધીના અક્ષરો શિવની સર્જનાત્મક શક્તિ જેને '*વિસર્ગ*' પણ કહેવાય છે, તે દ્વારા ઉત્પન્ન થાય છે. આ '*વિસર્ગ*' પાંચ રીતે પ્રગટ થાય છે. જેમાની એક રીત બાહ્ય છે, જે દ્વારા બ્રહ્માંડનો વિકાસ થાય છે. અને ચાર આંતરિક છે, જેમાની પહેલી છે - હૃદયમાં, બીજી છે - નાદ અર્થાત ગળામાં, ત્રીજી છે - પરમ પદ અર્થાત ભૃકૂટીમાં કે બે આંખોની વચ્ચે અને ચોથી છે - બ્રહ્મરેન્ધ્રમાં. આ રીતે આ હૃદયથી માથાના સર્વોચ્ચ ભાગ સુધી વિસ્તરે છે.

જે મંત્રો પ્રથમ અક્ષર 'अ' અને અંતિમ અક્ષર 'म' (અર્થાત 'अहं' - અહમ્)ને નથી સમાવતા તે જળ વિનાના વાદળ જેવા નકામા હોય છે.

એક સાચા સદ્ગુરુનું કર્તવ્ય છે કે તે પોતાના શિષ્યને 'अ' થી શરૂ થતા અને 'म' પર પુરા થતા મંત્રનો સાચો અર્થ સમજાવે. શિવ પાર્વતીને જણાવે છે કે 'આવા સંત, આવા ભૈરવ સમાન અને ભગવાન સમાન ગુરુની પુજા, એ મારી પુજા સમાન થવી જોઈએ.' કારણ એ એવા વખાણ કરનારા શ્લોક કે ગાથાને પરમ અહંતાની પ્રશસ્તી જ ગણે છે અને દરેક વાતને એક મંત્ર જ સમજે છે.''

સ્પંદકરિકામાં આજ વિચારને સહેજ જુદી રીતે આપવામાં આવ્યો છેઃ

શિવની કાર્યશક્તિ (દિવ્યસ્પંદ) જ્યારે સામાન્ય માનવીમાં (મર્યાદાઓ વાળા માણસમાં) કાર્યરત થાય ત્યારે તે બંધનકર્તા હોય છે. પરંતુ તે માણસને એક વાર સાક્ષાત્કાર થઈ જાય તો એ શક્તિ એને શિવના માર્ગે દોરી જાય છે અને એને પરમ સત્તાનો અધિકારી બનાવે છે.

# શબ્દ-નોંધ

**ત્રિકોણાત્મક** - સ્વર 'ए' ત્રિકોણબીજમ્ તરીકે ઓળખાય છે, કારણ શારદા લિપિમાં એ એક ત્રણખૂણા દર્શાવતા અક્ષર તરીકે લખાય છે અને બીજું એ કે અહીં અનુત્તર, આનંદ અને ઈચ્છા એમ ત્રણે શક્તિઓ કાર્યરત છે.

**ષટકોણ** - શારદા લિપિમા 'ऐ' માટેનો અક્ષર છ ખૂણાઓ બનાવે છે.

**ત્રિશૂળ** - 'औ' શૂલબીજં કે ત્રિશૂલબીજં અર્થાત ત્રિશૂળ તરીકે ઓળખાય છે કારણ કે અહીં ઈચ્છા, જ્ઞાન અને ક્રિયા એ ત્રણે શક્તિઓ સૌથી વધુ સ્પષ્ટ રૂપે હાજર છે.

**બિન્દુ કે વિન્દુ** - 'अ', 'आ' 'इ', 'ई'... વિગેરેના પ્રદર્શન ઉપરાંત પણ અનુત્તર શક્તિ ઉચ્ચજ્ઞાન ધરાવનારી જ રહે છે અને તે દર્શાવવા અનુશ્વાર કે બિન્દુનો ઉપયોગ થાય છે. એ વિન્દુ તરીકે પણ ઓળખાય છે. જેનો એક અર્થ છે જાણનાર -

અનુત્તર શક્તિ કે પરમ અહંતા દ્વારા દર્શાવાતી આ બધી જ વસ્તુઓ ઉપરાંત પણ અહંતા નિત્ય વિષયતો રહે જ છે. ફરતે થતા અસંખ્ય ફેરફારો છતાં એ પોતાનું અચળ સ્થાન જાળવી રાખે છે.

**વિસર્ગ - :** ના બે બિન્દુઓ છે. જે એક સત્ય સૂચવે છે અને તે એ કે શક્તિ એ એનું નીચેનું બિન્દુ છે, જેમાંથી આ આખા વિશ્વનું વિસ્તરણ થીય છે. એ સાથે જ ઉપરનું બિન્દુ શિવનું સૂચક છે અને આખું બ્રહ્માંડ શિવની એ અહંતામાં જ સ્થિત છે.

વિસર્ગનો અર્થ થાય દેખાવું, પ્રગટ થવું, દર્શાવવું ઈ. એક સૂત્ર છે :

ककारादि सकारान्ता विसर्ग इति

અહીં વિસર્ગનો અર્થ થાય છે, વિસર્ગ શક્તિ જે દર્શાવનારી, પ્રગટથનારી, સર્જનકરનારી દિવ્ય શક્તિ છે. એ જ અનુત્તરની સર્વોચ્ચ સર્જાનાત્મક શક્તિ છે. અનુત્તર એટલે જેનો કોઈ ઉત્તર નથી એવી સર્વોચ્ચ વાસ્તવિકતા.

વિસર્ગના ત્રણ પાસાંઓ છેઃ

૧. **પરવિસર્ગ** – જે શાંભવ (आ) વિસર્ગ છે, અને આનંદ વિસર્ગ તરીકે ઓળખાય છે. એ અભેદ સૂચવે છે. અભેદ અર્થાત જ્યાં કાંઈ પણ જુદું, અલગ કે અન્ય નથી હોતું.

૨. **પરાપરવિસર્ગ** – જે શાક્ત (अः) વિસર્ગ છે, અને ભેદાભેદ દર્શાવે છે. ભેદાભેદ એટલે કે ભેદો સાથેની ઓળખ. : – માં નીચેનું બિન્દુ, વિશ્વમાં સર્જનાત્મક શક્તિનું વિસ્તરણ સૂચવે છે, અને એ શિવ સાથેનો ભેદ પણ સૂચવે છે; ઉપરનું બિન્દુ બ્રહ્માંડની શિવ સાથેની ઓળખ દર્શાવે છે. આ બન્ને પ્રકારની ઓળખને કોરણે જ એ પરાપર છે. ઉક્તિ - बहिश्चांरन्तश्च - વિસર્ગના પરાપર પાસાંને જ દર્શાવે છે.

૩. **અપરવિસર્ગ** - જે આણવ (ह) વિસર્ગ છે. એ ભેદ સૂચક છે, તેથી ભેદ વિસર્ગ તરીકે પણ ઓળખાય છે. કોઇ પણ સ્રોતના ઉલ્લેખ વગર એ કેવળ બ્રહ્માંડના પ્રગટીકરણની વાત કરે છે.

**અન્તઃસ્થ** - 'य', 'र', 'ल', અને 'व' એ અન્તઃસ્થ વર્ણો છે. ક્ષેમરાજ કહે છે કે, 'આ અક્ષરોને નિશ્ચિત કરનાર માયા અને તેની કઞ્ચુકાઓ છે, જે માનવીના મનની અંદર જ ઉત્પન્ન થાય છે. 'य'ને નક્કી કરે છે નિયતિ; 'र' નક્કી થાય છે કાળથી, 'ल' નક્કી થાય છે રાગ અને વિદ્યાથી, અને અંતે 'व' નક્કી થાય છે સ્વયં માયા અને કલાથી. - 'શિક્ષા' જે અક્ષરના ઉચ્ચાર અને અવાજનું વિજ્ઞાન છે, તે દર્શાવે છે કે 'य', 'र', 'ल', અને 'व' સ્વર અને વ્યંજનની વચ્ચેના અક્ષરો છે, તે નથી તો પૂર્ણ રૂપે સ્વર કે નથી વ્યંજન અને માટે જ તેમને અન્તઃસ્થ અર્થાત બન્નેને અંતે આવતા અક્ષરો કહ્યા છે.'

**'श', 'ष' અને 'स'** - અભિનવગુપ્તનું કહેવું છે કે ઇચ્છા શક્તિ ત્રણ સ્વરૂપે પ્રગટે છે, 'इ', 'ऋ' અને '‒' અને એ આત્માના આંતરિક પ્રકાશ દ્વારા પ્રોત્સાહિત થઇ બહાર 'श', 'ष' અને 'स' તરીકે પ્રગટ થાય છે. 'श' - શુદ્ધ વિદ્યાને, 'ष' - ઈશ્વરને અને 'स' - સદાશિવને દર્શાવે છે. વળી 'स' ને પરિપૂર્ણ અમૃત વર્ણ પણ કહે છે. તે સાથે જ બ્રહ્માંડનું પ્રગટ થવું એ શિવનું પતન નથી પરંતુ એની ઇચ્છાની પૂર્તિ છે. 'ऋ', 'ॠ', '‒' અને '‒ॄ' એ કેવળ અમૃત વર્ણો છે, કોઇ પણ વિશેષણ વગરના, કારણ તે અન્ય કોઇ અક્ષરો જન્માવી શકતા નથી. જ્યારે 'स' એ પરિપૂર્ણ અમૃત વર્ણ છે અને વળી સદાશિવની સ્થિતિને દર્શાવે છે, માટે તે અતિ મહત્વનો છે.

**પ્રાણબીજ** - **'ह'** - એ શિવની વિસર્ગ શક્તિનો એક પ્રકાર છે. તેથી જ 'ह' એના સૂક્ષ્મ સ્વરૂપે દરેક જીવના હૃદયમાં કોઇ પણ પ્રયત્ન વિના ધબકતો જ રહે છે. અને તેથી જ એ 'અનાહતમય' તરીકે ઓળખાય છે. 'ह' શક્તિ સૂચક છે અને આપણાં પ્રાણનો સ્રોત પણ. એને **પ્રાણબીજ** પણ કહેવામાં આવે છે.

**કૂટબીજ** - **'क्ष'** - નું ગૂઢ નામ **કૂટબીજ** છે. કૂટ શબ્દનો અર્થ થાય - સર્વોચ્ચ અથવા કઠણ, ગુહ્ય. અહીં કૂટ એવો અક્ષર છે જે બે હલાંત અક્ષરોને જોડીને બન્યો છે. ક્ અને સ્ જેનું પરિણામ છે અક્ષર ક્ષ.

**ષડધ્વા** - આ વિશ્વને આપણે ***વાચક*** પક્ષે, *વર્ણ, પદ, અને મંત્ર* નું બનેલું, અને **વાચ્ય** પક્ષે કળા, તત્ત્વ અને ભુવનનું બનેલું કહી શકીએ. ષડધ્વા - એટલે છ ગુણો કે માર્ગો.

**પ્રત્યાહાર** - આ સંસ્કૃત વ્યાકરણનો શબ્દ છે, જે પાણિનિની દેન છે. એનો અર્થ થાય, કેટલાક અક્ષરોના જૂથને એક શબ્દથી જ ઓળખવું. પ્રત્યાહાર એ આવા જૂથનું એક સૂત્ર છે

જેમાં પ્રથમ અક્ષર અને છેલ્લો સૂચક અક્ષર, એમ બે જ અક્ષરો હોય છે. પાણિનિના વ્યાકરણ 'અષ્ટાધ્યાય'માં આ પ્રત્યાહાર રૂપી સૂત્રો દ્વારા જાણકારી અપાય છે. અને ત્યાં આ બે અક્ષરોના જોડકાંનો જ ઉપયોગ - ખાસ અક્ષરોના જૂથને દર્શાવવા માટે કરવામાં આવ્યો છે. એનું એક ઉદાહરણ જોઈએ:

સંસ્કૃત વર્ણમાળાના પ્રથમ અક્ષર 'अ' અને અંતિમ અક્ષર 'ह' ના જૂથને સૂચવતો પ્રત્યાહાર 'अह' છે, જે 'अहम्'ને સૂચવે છે, જેનો અર્થ થાય છે 'હું' કે 'આત્મા'. 'अह' માં સંસ્કૃતનાં બધાજ મૂળાક્ષરો સમાઇ જાય છે. આપણે જોયું જ છે કે દરેક અક્ષર કોઇ એક પદાર્થ કે તત્ત્વને સૂચવે છે, માટે 'अह' સમગ્ર તત્ત્વોના સરવાળાનું સૂચન કરે છે, અર્થાત આખા બ્રહ્માંડનું પ્રતિનિધિત્વ કરે છે. આ દ્વારા જે દાર્શનિક સત્ય પ્રગટ થાય છે તે એ છે કે આખું બ્રહ્માંડ શિવ કે સર્વોચ્ચ વાસ્તવિકતામાં અભેદ રીતે સમાએલું છે.

સંસ્કૃતમાં 'હું'માટેનો પૂર્ણ શબ્દ છે 'अहम्' છે અને 'अहं' તરીકે લખાય છે જેમા 'ह'ને માથે અનુશ્વાર કે બિન્દુ મુકાય છે.

સર્વોચ્ચ વાસ્તવિકતા કે અનુત્તરની પૂર્ણ શાંત અવસ્થામાં એક તાણ સભર આધ્યાત્મિકતા, બિન્દુ સ્વરૂપે ઉદ્‌ભવે છે અને તેજ વિન્દુ તરીકે ઓળખાય છે. આ વિન્દુ એ એક 'ઘનીભૂતા' શક્તિ છે જે એક બિન્દુ પર કેન્દ્રિત થએલી ક્રિયાત્મક શક્તિ છે. એ હજી સુધી વિષય અને વસ્તુ તરીકે અલગ થઇ નથી. એ એક ચિદ્‌ઘ્ન કે વિશાળ ચેતના છે, જેમાં, એક અભિન્ન દળ રૂપે, સંભવિત વિશ્વો અને જીવો પ્રગટ થવાને તૈયાર બેઠા છે. 'हं' ઉપરનું વિન્દુ 'अ' અને 'ह' ને એકરૂપ કરે છે અને દર્શાવે છે કે પ્રગટ થતાં જે બધું જ જુદું ભાસે છે એ સઘળું ખરેખરતો શિવમાં જ સ્થપાએલું છે અને 'एना'થી અલગ કદાપી નથી.

'अ' શિવનું પ્રતિનિધિત્વ કરે છે અને 'ह' શક્તિનું, 'ह' પરનું વિન્દુ એ તથ્ય સૂચવે છે કે, દેખીતી રીતે તો શક્તિ દ્વારા જ શિવનું પ્રગટીકરણ ઠેઠ પૃથ્વિ સુધી થયું છે, તેમ છતાં એને કારણે શિવનું વિભાજન નથી થયું, એ સ્વયં અખંડ અને સંપૂર્ણ જ રહે છે. અને આ વિન્દુને ખબર છે. જેનો એક અર્થ છે જાણનાર - વિન્દુ મૂળધાતુ વિદ્ માંથી બન્યું છે, જેનો અર્થ છે જાણનાર-

'वेत्ति ईति विन्दु'

વિન્દુ અર્થાત જે જાણે છે.

તેથી જ અભિનવગુપ્ત એને 'अविभागः प्रकाशो यः ...' કહે છે.

'अविभागः प्रकाशो यः स विन्दुः विन्दु परमो हिनः'

''આપણે માટે એ જ વિન્દુ છે જે અવિભાજીત પ્રકાશ છે, સઘળા ભેદો છતાં જે નિત્ય છે. એ કોઈ પણ અસરથી મુક્ત છે અને પોતાની સ્વાભાવિક એકતા છોડતું નથી.''

**કુંડલિની** - કુંડલિની એના અપ્રગટ રૂપમાં એક બીજ છે અર્થાત પ્રગટ રૂપોનું મૂળ; આજ કુંડલિની એના પ્રગટરૂપમાં જીવ એટલે કે બધા માટે જીવન બની જાય છે. કુંડલિની શબ્દનો અર્થ થાય દિવ્ય સર્જનાત્મક શક્તિ - વિસર્ગ શક્તિ અથવા શિવની અહંતા. એ સાડા ત્રણ કુંડળિઓ મારીને બેઠી હોય છે. પહેલી કુંડળિ અહંતાનું 'પ્રમેય' અર્થાત વસ્તુગત પાસું દર્શાવે છે, બીજી કુંડળિ અહંતાનું 'પ્રમાણ' અર્થાત જ્ઞાન અંગેનું પાસું દર્શાવે છે, ત્રીજી કુંડળિ અહંતાનું 'પ્રમાતા' અર્થાત વિષય ગત પાસું દર્શાવે છે, બાકી બચેલી અડધી કુંડળિ અહંતાનું 'પ્રમા' પાસું દર્શાવે છે, જે પોતાનામાં ઐક્ય ધરાવતા વિષયગત તેમ જ વસ્તુગત એમ બન્ને પાસાંને અભિન્ન રીતે સમાવતું હોય છે.

જ્યારે શિવની પરા શક્તિ (શિવની સર્વોચ્ચ સર્જનાત્મક શક્તિ) - જે સર્જનાત્મક હોવા છતાં - હજી કાર્યરત થઈ નથી પરંતુ સુતેલા નાગની જેમ સાડાત્રણ કુંડળિઓ મારીને બેઠી હોય ત્યારે એ શક્તિ કુંડલિની તરીકે ઓળખાય છે. આ સ્તરે સંવિત અથવા ચેતના જીવન કે પ્રાણમાં તબ્દીલ થાય છે. આ પ્રાણ કુંડલિની દરેક જીવમાં હાજર હોય છે.

જ્યારે કુંડલિની પોતાની ચાલ અવળી કરે છે અર્થાત એ જીવન તરફથી ચેતના તરફ ગતિ કરે અને પોતાની અસલ ચેતનાની સ્થિતિમાં પહોંચે ત્યારે એ પરા કુંડલિની તરીકે ઓળખાય છે. આ સ્તરે 'હું કે અહમ્' અને 'જગત'ની ચેતના આનંદદાયક રીતે એકાકાર થઇ જાય છે, આત્મા અને અનાત્માનું મિલન થાય છે, બધું જ 'હું' સ્વરૂપ ભાસે છે.

'સિદ્ધામૃત'ના એક લાંબા પદનો ઉલ્લેખ કરી લેખક દર્શાવે છે કે સર્જનાત્મક શક્તિ કુંડલિની - વાચક (અક્ષરો) અને વાચ્ય (તત્ત્વો) રૂપે પ્રગટ થઇને પ્રાણ કુંડલિનીના સ્તરે પહોંચે છે, અને તે પોતાને માનવ જીવન રૂપે પ્રગટાવે છે; અને અંતે બધા જ સાધકોને તેમની મૂળ દિવ્ય અહંતા પ્રાપ્ત કરવામાં મદદ રૂપ થાય છે. એ જ મૂળ - કેવળ - દિવ્ય અહંતા - જેમાંથી જ કુંડલિની રૂપી વિસર્ગ શક્તિએ જીવનનું નાટક શરૂ કર્યું હતું. આ રીતે આ પદ કુંડલિનીના ત્રણે પાસાંઓ ૧.પરા, ૨. શક્તિ અને ૩. પ્રાણ કુંડલિની - રજુ કરે છે.

માતૃકા - માતૃશક્તિની જાણકારી મેળવ્યા પછી સાધકે ગાફેલ રહેવું ન જોઇએ. આ સહજ વિદ્યા મળ્યા બાદ પણ જ્યાં સુધી દરેક પ્રકારના મળની સંપૂર્ણ પણે નિવૃત્તિ ન થાય ત્યાં સુધી એવી શક્યતાઓ ચોક્કસ પણે રહેલી જ છે કે કોઇ પણ ક્ષણે સાધકનું પતન થઇ શકે. આ અક્ષરો અને શબ્દો દ્વારા થનાર અધૂરા જ્ઞાનને કારણે અનેક આકર્ષણો ઉભાં થઈ શકે છે, અને જો સાધક એમના પ્રભાવમાં આવી જાય તો પોતે મેળવેલી સઘળી આધ્યાત્મિક શક્તિઓ તત્કોળ ગુમાવી શકે છે. માટે સાધકે હરદમ સતર્ક રહેવાની જરૂર છે. એણે ઈન્દ્રિય સુખોના છટકામાં તો કદી ન ફસાવું.

## ॐ તત્ સત્

શિવસૂત્ર એ શિવ
દ્વારા પ્રગટાવેલ જ્ઞાન છે.
કાશ્મીરી શૈવવાદનો એ
મૂળ પાયો છે, જે માનવ
ઉત્કર્ષ માટે પ્રગટયો છે.
શિવનું આ આધ્યાત્મિક
દર્શનશાસ્ત્ર છે.



અક્ષરનાદ.કોમ

www.AksharNaad.com